
સરસ્વતી વિદ્યામંડળ
સ્થાપના : ૧૯૪૪

આપણા કૌટુંબિક જીવનની માવજત કરી
આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને વ્યક્તિ ઘડતર દ્વારા
સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...

છૂટક કિંમત : રૂ. ૨૦/-● વાર્ષિક લવાજમ: રૂ. ૧૫૦/-
PUBLICATION : 2ND DATE OF MONTH

# ઘરશાળા

વર્ષ : ૪૧ | સળંગ અંક : ૪૯૪ | અંક : ૪ | જુલાઈ-૨૦૧૮



# સરસ્વતી નાગરિક સમાજ





છેલ્લા સાડા સાત દાયકાઓથી વિદ્યાર્થીઓના જીવનનું સિંચન કાર્ય કરતી ગુજરાતની પ્રતિષ્ઠિત સંસ્થા એટલે "સરસ્વતી વિદ્યામંડળ". જે પદ્મશ્રી ડૉ. રઘુભાઈ નાયક તથા મુ.શ્રી જશીબહેન નાયક દ્વારા ૧૯૪૪માં સ્થાપવામાં આવી હતી. સરસ્વતી વિદ્યામંડળે ૭૫ વર્ષના કાર્યકાળમાં અંદાજિત ૬૫,૦૦૦ જેટલા બાળકોને ભણાવી ગણાવીને રાજકીય, સામાજિક, વ્યાપારમાં ઉચ્ચસ્થાન પ્રાપ્ત કર્યું છે. સારસ્વતોએ સમાજમાં, રાજ્યમાં, દેશ-વિદેશમાં પોતાનું વર્ચસ્વ આજે પણ સ્થાપિત કરી રાખ્યું છે. તેઓએ પોતાનું, સમાજનું તેમજ શાળાનું નામ ખૂબ જ ઉચ્ચ સ્થાને પહોંચ્યાડ્યું છે. સરસ્વતી વિદ્યામંડળની શેઠ અ.હ. સરસ્વતી વિદ્યાલયમાં સને ૧૯૮૭થી ૧૯૯૨માં અભ્યાસ કરી ગયેલ વિદ્યાર્થીઓએ એક સ્નેહમિલનનું આયોજન તા. ૧૦ જૂન, ૨૦૧૮ના રોજ ખોડલફાર્મ, નિકોલ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં અમદાવાદ તથા બહારગામથી કુલ ૧૦૪ જૂના વિદ્યાર્થીઓ આવ્યા હતા. લગભગ ૨૫ વર્ષથી એકબીજાને જોયા પણ ન હોય તેવા મિત્રો હર્ષ-ઉલ્લાસની લાગણીથી એકબીજાને ભેટી [illegible] શાળા દરમિયાન ઉજવેલા ઉત્સવો, પ્રાર્થના, ઈત્તર-પ્રવૃત્તિ[illegible]સ, પ્રોજેક્ટ, શાળાની કેન્ટિન, રિસેસની નટખટ મસ્તીને ય[illegible] સંસ્મરણો વાગોળ્યા હતા. સર્વે વિદ્યાર્થીઓએ પોત[illegible] યાદ કરીને તેમને આપેલ કડવી-મીઠી ભાષામાં આપેલ [illegible] યાદ કરી વાતાવરણને ખુશનુમા કર્યું હતું.







સરસ્વતી વિદ્યામંડળના પ્રાંગણમાં તા. ૧૭ જૂન ૨૦૧૮, રવિવારના રોજ શેઠ અ.હ. સરસ્વતી વિદ્યાલયમાં ૧૯૯૫થી ૨૦૦૦માં અભ્યાસ કરી ગયેલા વિદ્યાર્થીઓ મળ્યા હતા. તેઓ શાળા છોડી ગયાને લગભગ બે દાયકાઓ બાદ પ્રથમવાર શાળામાં પ્રવેશ કર્યો હતો. તેઓએ શાળામાં સ્નેહમિલન કરવાની પરવાનગી સાથે તા. ૮ જુલાઈ ૨૦૧૮ને રવિવારના રોજ શેઠ અ.હ. સરસ્વતી વિદ્યાલય તથા જે.એન. બાલિકા વિદ્યાલયમાં અભ્યાસ કરી ગયેલા વિદ્યાર્થીઓ અલાયદા અભિગમ સાથે **"ચાલો, ફરી શાળાએ જઈએ !"** કાર્યક્રમ કરવા જઈ રહ્યા છે. તે સર્વેને ખૂબ ખૂબ અભિનંદન.

# ઘરશાળા

**જુલાઈ - ૨૦૧૮**

**વર્ષ : ૪૧ સળંગ અંક : ૪૯૪**



| | |
|---|---|
| સ્થાપક તંત્રીઓ : | **હરભાઈ ત્રિવેદી**<br>**રઘુભાઈ નાયક** |
| તંત્રીઓ : | **જશીબહેન નાયક**<br>**જ્યોતીન્દ્રભાઈ દવે**<br>**સજુભા ઝાલા** |
| પરામર્શ : | **મૃદુલાબહેન ત્રિવેદી**<br>**અમીતાબહેન પાલખીવાલા**<br>**અશોકભાઈ સોમપુરા**<br>**હેતલબહેન શાસ્ત્રી** |
| લે-આઉટ - ડિઝાઈન : | **મનીષ પટેલ** |

**આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતી ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છપાનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.**

**શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.**

**"ઘરશાળા" માસિકના એજન્ટ થવા ઈચ્છનારે કાર્યાલય સાથે પત્ર વ્યવહાર કરવો.**

**પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.**


| લવાજમ : | ભારત | પરદેશ | |
|---|---|---|---|
| વાર્ષિક : | ૧૫૦/- | ૪૦ $ | ૨૫ ¤ |
| આજીવન (૨૦ વર્ષ) | ૨,૦૦૦/- | ૨૦૦ $ | ૧૦૦ ¤ |


**કાર્યાલય :**
**'ઘરશાળા' શૈક્ષણિક માસિક**
**સરસ્વતી વિદ્યામંડળ**
**ડો. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ,**
**સરસપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૮.**
**ફોન : ૨૨૯૨૦૫૩૭, ૨૨૯૨૫૫૭૦**
Email : gharashala@saraswatividyamandal.org
website : saraswatividyamandal.org


## અનુક્રમ


| | |
|---|---|
| મારી શૈક્ષણિક વિભાવનાઓ | ડૉ. મોહનભાઈ પંચાલ / ૪ |
| સંપાદકીય | જ્યોતીન્દ્રભાઈ દવે / ૫ |
| સ્મરણયાત્રા | જશીબહેન નાયક / ૭ |
| પગલે પગલે સજાગતા ! | હરેશ ધોળકિયા / ૧૦ |
| 'સંસ્કારની અપેક્ષા કોની પાસે રાખીશું !!!' | ડૉ. ઊર્મિલા શાહ / ૧૨ |
| દીકરાની પ્રગતિ ! | હરિત પંડ્યા / ૧૪ |
| મને એ ઘેર જવું ગમે | ઉપેન્દ્ર પટેલ / ૧૪ |
| સંપર્કથી સવાયો સંબંધ | રણછોડ શાહ / ૧૫ |
| ઉત્સાહ | મિત્તલ પટેલ / ૧૭ |
| વિદ્યાર્થીઓ : વાલી, શાળા અને સરકારની સંયુક્ત જવાબદારી | ભાર્ગવ પટેલ / ૧૮ |
| ઉચ્ચ શિક્ષણ અને સમાજ નિર્માણની અપેક્ષાઓ | પ્રવીણ કે. મકવાણા / ૨૦ |
| મન મારું | 'અમી' — અમિષાબહેન ભાવસાર / ૨૩ |
| શિક્ષણની ભૂમિકામાં સ્ત્રી | ડૉ. પલ્લવી કે. શાહ / ૨૪ |
| નાગરિક એટલે શું ? | પ્રવીણ જે. પટેલ / ૨૬ |
| તમામ ક્ષેત્રે મહાન | ચૈતાલી એચ. શાહ / ૨૮ |
| પરિણામ | એસ.જી. પટેલ / ૨૯ |
| પરમવીર ચક્ર - ભારતીય સૈન્યનું સર્વોચ્ચ શૌર્ય સન્માન | પાલખીવાલા અમિતા મનુભાઈ / ૩૧ |
| 'અનોખી પરીક્ષા'! | ડો. વિષ્ણુ એમ. પ્રજાપતિ / ૩૮ |
| શિક્ષણ સમાચાર | અશોક સોમપુરા / ૪૧ |


# "ઘરશાળા"

# શૈક્ષણિક માસિક

**લેખક જોગ - વાચકો જોગ**

**માહિતી મોકલવા માટે ઈ-મેઈલ**

**gharashala@saraswatividyamandal.org**

**વાંચવા માટે**

**www.saraswatividyamandal.org/publication**

# મારી શૈક્ષણિક વિભાવનાઓ

**ડૉ. મોહનભાઈ પંચાલ**

મંથન, ૪૦, જનવિશ્રામ સોસાયટી, સહજાનંદ કૉલેજ પાછળ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.

## વલણ અથવા મનોભાવ


આપણે સામાન્ય વાતચીતમાં 'વલણ' અને 'મનોભાવ' શબ્દ વાપરીએ છીએ, ત્યારે તે બંને શબ્દનો ખરો અર્થ આપણે જાણતા નથી. આ શબ્દો મનોવૈજ્ઞાનિક છે. તે મન અને માનસિક સ્થિતિ માટે વપરાય છે.

કોઈ વિચાર, વસ્તુ, વ્યક્તિ, ઘટના કે પરિસ્થિતિ પ્રત્યે હકારાત્મક કે નકારાત્મક પ્રતિક્રિયા દાખવતો વ્યક્તિનો સ્વભાવ એટલે 'વલણ' કે 'મનોભાવ'. પ્રત્યેક માનવી એક કરતાં અધિક વલણ ધરાવે છે, જે તેના પૂર્વ અનુભવો દ્વારા ઘડાયેલા હોય છે. અમુક વિચાર, વસ્તુ, વ્યક્તિ કે જૂથની તરફેણમાં કે વિરોધમાં તે દઢ થતાં હોય છે, અથવા સ્થિર બનતાં હોય છે.

વલણનો વિકાસ ચાર રીતે થતો હોવાનું મનોવૈજ્ઞાનિકોએ બતાવ્યું છે. એક : એક જ પ્રકારના સંખ્યાબંધ પ્રત્યુત્તરોનું એકીકરણ કરી, એક સામાન્ય પ્રત્યુત્તર નમૂનો તૈયાર કરવો... કોઈ વ્યક્તિ કે સંસ્થા પ્રત્યેની તરફેણમાં કે વિરોધમાં જ્યારે કોઈક વ્યક્તિ હારબંધ અનુભવો વિકસાવે છે ત્યારે આવું બને છે. બે : વિશેષીકરણ અથવા વ્યાવવર્તન દ્વારા, જેમકે, એક જૂથ પ્રત્યેની લાગણી અને વ્યવહાર - કેટલાકના પક્ષમાં તો બીજા કેટલાકના વિરોધમાં - ચાલુ રહેવાથી અમુક પ્રકારનું વલણ ઘડાય છે. ત્રણ : કોઈ ધૃણાજનક અનુભવ દ્વારા, જેમકે આહારની કોઈક વાનગી, જેનાથી કોઈક ગંભીર બીમારી આવી હોય અથવા કોઈક વ્યક્તિ કે જેણે દુર્વ્યવહાર દાખવ્યો હોય. ચાર : માબાપ, શિક્ષકો કે સમોવડિયાઓની ઓળખ કે અનુકરણ દ્વારા વ્યક્તિ હકારાત્મક અથવા નકારાત્મક વલણો વિકસાવે છે.

કેટલીક વાર ઉપર દર્શાવેલ ચારેય બાબતોનો અનુભવ થતાં પહેલાં પણ આવાં વલણો વિકસે છે, કેમકે અન્ય લોકોના તે અંગેના અભિપ્રાયો અને પૂર્વગ્રહો મહત્ત્વનો ભાગ ભજવે છે.

પોતાનાં બાળકોના મિત્રો પર પ્રતિબંધ લાદવાથી માબાપ કેટલાંક જૂથો પ્રત્યે નકારાત્મક વલણો પેદા કરે છે.



# સંપાદકીય

**જ્યોતીન્દ્રભાઈ દવે**

## આ ઊંડી ખાઈને ભરી શકીશું ખરા ?

**''શૈક્ષણિક સત્રના પ્રારંભે આઈ.ટી.ઈ.ના કાયદા હેઠળ ૨૫ ટકા વંચિતોના બાળકોના પ્રવેશ મુદ્દે અનેક વિવાદ સર્જાયા છે. સામાજિક અસમાનતા, કાયદા દ્વારા જ ઘટી શકે તેવી આપણી માનસિકતાનું આ પરિણામ છે. સમાજના વર્ગો વચ્ચે બીનજરૂરી સંઘર્ષ વધતા જાય છે. શિક્ષણના દ્વારે પ્રવેશતા બાળકો પણ આ કલુષિત વાતાવરણનો ભોગ બને છે. ત્યારે મુ.શ્રી જશીબહેનનો આ લેખ સાંપ્રત સમયમાં વિચાર પ્રેરક બની રહેશે'' - તંત્રી**

પ્રાચીન સમયમાં ચાર વર્ણો પાડવામાં આવ્યા હતા. એ વર્ણો પાછળનો ઉદ્દેશ માત્ર એટલો જ હોવો જોઈએ કે જે વર્ણ જે કામ કરતો હોય એની લોકોને જાણ થાય. જેથી આ ચાર વર્ણો બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર - કદાચ વ્યવસ્થા માટે રચાયા હશે. પણ કમનસીબે વર્ણોની વ્યવસ્થા ઊંચનીચમાં બદલાઈ ગઈ. ઊંચનીચમાં બદલાયેલી સમજણ ચાલુ રહી... ચાલુ જ રહી અને વધારે ને વધારે ઊંચનીચના ભેદો વધતા ચાલ્યા. બ્રાહ્મણ વર્ણ ક્ષત્રિયોના બાળકોને શિક્ષણ આપતો રહ્યો. જો કે આ વર્ણમાં મોટા મોટા તેજસ્વી પંડિતો અને સાક્ષરો પણ હતા. કદાચ એમના જ્ઞાનનું સ્તર એટલું તો ઊંચું હતું કે શિક્ષણ પૂરુ થતાં એમના શિષ્યો ઘણું બધું જ્ઞાન મેળવીનેજતા.

આ વર્ણો એક યા બીજા સ્વરૂપમાં હજી પણ ચાલુ જ છે. યુગોના યુગો પસાર થાય. સમાજ થોડો થોડો બદલાયો પરંતુ વર્ણ વ્યવસ્થા નવા સ્વરૂપે વિકૃતરૂપે દૃઢ થવા લાગી. આથી વર્ણભેદ માનવજાતિને વધારે લાભદાયક થવાને બદલે અન્યાયભર્યું બનવા લાગ્યો. શુદ્ર વર્ણનાં બાળકોને આ બ્રાહ્મણ વર્ણવાળા સ્વીકારતા ખચકાવા લાગ્યા. અને એવા તો ખચકાયા અને એવો તો અન્યાય થયો તેના બે દાખલાઓ ઈતિહાસમાં જાણીતા છે. એક છે એકલવ્ય. આ ભીલના બાળકનો સ્વીકાર દ્રોણાચાર્ય કરી ન શક્યા. જો કે આ બાળકે એની તેજસ્વિતાનો પરિચય દ્રોણાચાર્યને પોતાની બાણવિદ્યા દ્વારા આપી દીધો હતો. પણ એમણે મનથી એનો સ્વીકાર કર્યો નહીં. એવો બીજો દાખલો કર્ણનો છે. એને ક્ષત્રિયોએ કદી એક તેજસ્વી રાજા તરીકે સ્વીકાર્યો નહીં. કારણ કે તે એક સૂતપુત્ર હતો. એ નાના વિસ્તારનો રાજા હતો. આ બંને અર્જુનની બરાબરી કરી શકે તેટલા તેજસ્વી હતા પણ વર્ણવ્યવસ્થા એને અપનાવી ન શકી. આમ  વાડાઓ મજબૂત થતા ગયા.

આધુનિક યુગમાં પણ આ જ ભાગલાઓ (વાડાઓ) એક યા બીજા સ્વરૂપે અસ્તિત્વમાં છે. સમાજના સુધારકોએ ઊંચનીચના ભેદોને દૂર કરવા માટે ખૂબ રચનાત્મક કાર્યો કર્યા. ગાંધીજીએ પણ પોતાના આશ્રમનું નામ હરિજન આશ્રમ રાખ્યું. સ્વાતંત્ર્યની લડતના સમયે પણ ગાંધીજી આવા ભેદો માટે જોરશોરથી વિરોધ કરતા રહ્યા. એમના જ આશ્રમમાં બધા એક જ પંગતમાં બેસીને ભોજન લઈ શકતા. એ ઊંચનીચના ભેદોની વાતમાંથી એક વ્યવસ્થા અનાયાસે સ્થપાવા લાગી અને સ્વરાજ્ય પછી એ વ્યવસ્થા સારી હોવા છતાં એ પ્રણાલિકા સમાજને માટે વિઘાતક બનવા લાગી. શિક્ષણક્ષેત્રમાં એ વ્યવસ્થાએ અસંખ્યવાડાઓ ઊભા કર્યા. જ્યાં ને ત્યાં લક્ષ્મણરેખાઓ દેખાઈ આવે છે. સ્વતંત્રતા મેળવ્યા પછી પણ શિક્ષણક્ષેત્રમાં આવા વાડાઓ વધતા જ ગયા. કેટલાક વાડાઓ આદર્શને નામે વધ્યા તો કેટલાક બીજી જ્ઞાતિના લોકોને ઉપર લાવવાના વિચારે વધ્યા. પછી તો જ્ઞાતિઓ ઘાંચી, મોચી, વાઘરી,

તરગર આવા અનેક કોમોને મદદરૂપ થવા માટે આ લોકો માટે જુદી - જુદી શાળાઓ શરૂ થઈ. આ જોતાં આપણા સમાજમાં આજે કેટલા બધા પ્રકારની શાળાઓ છે ! એક પ્રકાર પબ્લિક સ્કૂલ. આ શાળાઓ માત્ર પૈસાદાર વર્ગને માટે જ ચાલે છે. જ્યાં શિક્ષણ ફી આપવા માટે આ પબ્લિક સ્કૂલો જે ધોરણ નક્કી કરે એ પ્રમાણે ફી લેવાય છે. આ પબ્લિક સ્કૂલો સાથે 'હેલ્થ રિસોર્ટ'ની જગ્યાએ 'બોર્ડિંગ સ્કૂલો' પણ જન્મવા લાગી. બીજી બાજુ સરકારી ગ્રાન્ટ ઈન એઈડ સ્કૂલો ચાલે છે. જ્યાં થોડી ફીએ ભણવાનું મળે. આ બધી સરકારી શાળાઓને સરકાર ગ્રાન્ટ આપે અને એ ગ્રાન્ટ આપવાની સાથે જ સરકારી નિયમોની હારમાળાઓ તૈયાર થાય. એ નિયમો પ્રમાણે જ શાળા ચાલવી જોઈએ. આ પબ્લિક સ્કૂલોમાં શિક્ષણ આપવાનું, કલાના વિષયો શીખવવાનું, વ્યાયામ શીખવવાનું, ઘોડેસવારી શીખવવાનું, લક્ઝુરિયસ પ્રવાસે જવાનું બધું જ મળે. પણ બીજી બાજુ સરકારની ગ્રાન્ટ લેતી શાળાઓને સમયપત્રક પણ ગોઠવવાનાં, બંધનો પણ સ્વીકારવાના, સંગીત અને કલા નહીં. આમ વધારે ને વધારે મર્યાદા સ્વીકારીને સરકારી ગ્રાન્ટ લેતી શાળાઓ ચાલે, ત્યારે ખાનગી શાળાઓમાં પૂરી સ્વતંત્રતા. અહીંયા ખાનગી શાળાઓ અને સરકારી શાળાઓ વચ્ચે એક ઊંડી ખાઈ સર્જાઈ છે.

પછી તો જ્ઞાતિ અને કોમને આધારિત શાળાઓ પણ શરૂ થવા લાગી. એમાં ભણતાં અનેક જાતિનાં બાળકો પણ એક જ ગામમાં રહેતા હોય તોય ઊંચી જ્ઞાતિનાં બાળકો ત્યાં ભણવા ન જાય. પછી વનવાસી શાળાઓ. એ જંગલમાં રહેતા પછાતવર્ગ માટે અસ્તિત્વમાં આવી. પછી તો લઘુમતી શાળાઓ આવી. દા.ત. ખ્રિસ્તી, મુસ્લિમ, જૈન... આ બધી જ્ઞાતિ આધારિત ચાલતી શાળાઓ છે. તો કૉર્પોરેશનની શાળાઓમાં કેવું શિક્ષણ અપાય છે તે લોકો સૌ જાણે છે. હજી બીજી કેટેગરી જોઈ શકીએ છીએ. કેન્દ્રિય વિદ્યાલયો. એમાં લગભગ ઉચ્ચ કક્ષાના સરકારી અધિકારીઓનાં બાળકોને જ દાખલ કરે. આ પછી સંખ્યામાં વધારો કરતી શાળાઓ ઊભી થઈ. પછી તો આદર્શ નિવાસી શાળાઓ, જવાહર નવોદય વિદ્યાલયો, એકલવ્ય આદર્શ નિવાસી શાળાઓ શરૂ થઈ. જો કે ઉચ્ચશિક્ષણ ક્ષેત્રે પણ આ જ હાલત જોવા મળે છે.

આ બધી શૈક્ષણિક સંસ્થાઓ કંઈ સારું કરવાને ઈરાદે શરૂ થઈ છે. એ પ્રણાલિકામાં એક હેતુ રાજકીય પણ છુપાયેલો છે. દરેક નેતાને એમ દેખાડવું છે કે અમે કંઈક કરીએ છીએ અને બીજો હેતુ અનુકૂળતાએ આ બધા વાડાઓ શરૂ થયા છે. આ બધામાં શિક્ષણક્ષેત્રનું સારું કરવાની ભાવના હોવા છતાં આ અનેક પ્રકારની શાળાઓ સમાજમાં જુદા જુદા વાડાઓ બાંધે છે. એક શાળાનાં બાળકો, બીજી શાળાનાં બાળકોને નીચા માને છે. પણ હવે તો અંગ્રેજી માધ્યમની શાળાઓ વધુને વધુ શરૂ થઈ છે. આ બધી જ જાતની - કેટેગરીની શાળાઓ સમાજના ભાગલા પાડી રહી છે. આવા વાડાઓથી આપણા સમાજમાં ઊંચનીચના ભેદો વધતા જ જાય છે.

સૌથી વધારે દુઃખની વાત તો એ છે કે આ વાડાઓ પડવાની શરૂઆત અજાગ્રતપણે પણ શિક્ષણક્ષેત્રમાંથી જ શરૂ થાય છે. જે ભાવિ પેઢીને જુદા પાડીને ઊંચનીચના ભેદો ઊભા કરે છે. આ ભેદભાવો ભાવિ પેઢીને ક્યાં લઈ જશે ? અખંડ હિન્દુસ્તાનને આપણે કયા માર્ગે લઈ જઈએ છીએ ? અને આ વાડાઓની ભયંકરતા ક્યાં સુધી પહોંચશે ? જ્ઞાતિભેદોને ભૂંસવા માટે કરેલા પ્રયત્નોમાં આપણે નિષ્ફળ જઈ રહ્યાં છીએ. અમુક જ વર્ગને સારામાં સારું શિક્ષણ મળે તો એ દેશ ક્યાં જઈને પહોંચશે ?

કૉર્પોરેશનની સ્કૂલો અને ગ્રાન્ટ ઈન-એઈડ સ્કૂલોમાં કામ કરનારા કાર્યકરો તો ગૂંચવણભરી પરિસ્થિતિમાં અને ઊંડી અકળામણો અનુભવતા અનુભવતા કામ કરી રહ્યાં છે. આવી શાળાઓ માટે શિક્ષણની પ્રથાઓમાં ઓછામાં ઓછી ગૂંચવણો હોય એવું કામ ક્યારે કરી શકીશું ? અખંડ ભારતના માનસિક ભાગલાઓની આ પ્રથાને એટલે કે આવી અનેક જુદી-જુદી કેટેગરીની શાળાઓને ચલાવવામાં ક્યાંક ફેરફારો કરવા પડશે અથવા તો ક્યાંક ક્યાંક 'બ્રેક' મારવી પડશે. આજે આ ચિત્રને લોકો એના ભવિષ્યને સમજી શક્યા નથી. પણ ક્યારે આપણે સમજી શકીશું ? આ પરિસ્થિતિને નિભાવી લેવાની નબળાઈ આપણા સમાજમાંથી અને આપણો દેશ ચલાવનાર નેતાઓમાંથી બની શકે એટલી જલદી નિવારી શકીએ તો સારું. 'ઈશ્વર અલ્લાહ તેરો નામ, સબકો સન્મતિ દે ભગવાન.'

# સ્મરણયાત્રા

**જશીબહેન નાયક**

મૈત્રી સોસાયટી, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.

## યાત્રીઓનો મેળો

"તારું નામ શું છે ? ઓ નાનકડા ફૂલ ?એક બગીચામાં મોટા ક્યારામાં ઊગેલાં ફૂલો. મોગરો, ગુલાબ, ગલગોટો, ગુલદાવટીમાંથી એકે હસતાં હસતાં બોરસલ્લીના ઝાડ પર ઊગેલા એક નાના ફૂલને પૂછ્યું. ઝાડ ઉપરનું ફૂલ નાનકડું બદામી રંગનું ફૂલ હતું. આ મોટાં ફૂલોને એના નામની ખબર ન હતી.

હસીને તરત નાનું ફૂલ કહે, "મારું નામ બકુલનું ફૂલ છે. તમને ભલા મારા નામની ખબર નથી ? પણ મને તમારાં સૌના નામની ખબર છે." મૈત્રી ભર્યા ભાવે તેણે જવાબ આપ્યો. સૌ ફૂલો તેના મિત્ર બની ગયા.

પ્રકૃતિ પર લખેલા અનેક લખાણોમાંનું આ એક લખાણ (રવીન્દ્રનાથ ટાગોરનું) આ સ્મરણયાત્રા લખતી વખતે મને એ યાદ આવી ગયું. ખૂબ નાનો સરસ પ્રસંગ. મૌન વ્યક્તિઓને પોતાનું મહત્ત્વ સ્થાન હોય છે. એવો વિશ્વાસ બેસે છે. દરેક સંસ્થામાં એક દસકો આવે છે કે જ્યારે નાના મોટા સૌ કાર્યકરો મળતા રહે છે. એ સંસ્થા માટે પણ એક ગૌરવની વાત છે. આવા જ સમયમાં હેમુભાઈ અમારી સંસ્થાને મળ્યા. તેઓ બકુલના ફૂલની જેમ બોલે ઓછું. લોકો પૂછે તો પોતાનું નામ કહે. સંજોગોવશાત્ અમારો અને એમનો સહજ રીતે મિલાપ થયો.

શ્રી રઘુભાઈ અને શ્રી શનાભાઈ - બંને હાઈ સ્કૂલમાં સાથે ભણતા. ત્યારની તેઓને દોસ્તી. ગાઢ દોસ્તી. મળે કે ન મળે, પણ એકબીજા માટે અખૂટ શ્રદ્ધા. શનાભાઈ ભણીને સુરતમાં વસ્યા. એમનો એકનો એક દીકરો હેમુભાઈ, અમને એટલી ખબર હતી કે હાઈ સ્કૂલ પાસ કર્યા પછી શનાભાઈએ હેમુભાઈને પુનામાં સારી કૉલેજમાં એલ.સી. સેન્ટરમાં ભણવા મોકલેલ.

અચાનક એક દિવસ સવારમાં હેમુભાઈ અમારે ઘેર આવી પહોંચ્યા. આ એકનો એક દીકરો પિતાનો પત્ર લઈને આવેલ. રઘુભાઈને પત્ર આપ્યો.

પ્રિય રઘુભાઈ,

ચિ. હેમુ પુનાથી ઘરે આવ્યો છે. હવે ત્યાં ભણવા જવાની એની ઈચ્છા નથી. કદાચ પુનામાં એને નહીં ગમ્યું હોય.

મને મનમાં ખૂબ જ ચિંતા થાય છે. રાત-દિવસ એકના એક વિચારો આવે છે. થોડા સમય પછી ચિ. હેમુની બા દિવાળીબહેન કહે કે, "તમારા દોસ્ત સારા કેળવણીકાર છે. એની પાસે હેમુને મોકલોને ! સાચી સલાહ આપશે. દિવાળીબહેનની વાત મને સાચી લાગી એટલે તમારી પાસે મોકલું છું. તેનું મન જાણીને યોગ્ય રસ્તો બતાવશો. એને પુના જવું હોય તો યે મને વાંધો નથી." એમનો પત્ર વાંચ્યો." "લ્યો તમ તમારે હેમુભાઈ મુસાફરીનો થાક ઉતારો, નાહીને તૈયાર થાઓ. આપણે નિરાંતે રાત્રે વિચાર કરીશું. આ ઘરમાં તમે લહેરથી રહો."

હેમુભાઈ અમારી સાથે ન હતા ત્યારે રઘુભાઈ કહે "હેમુભાઈને કદાચ પરપ્રાંતમાં નહીં ગમ્યું હોય. તેઓ પુનાથી સીધા પિતા પાસે સુરત દોડી ગયા હશે. પણ.. થોડીવાર વિચારીને રઘુભાઈ આગળ બોલ્યા. "જે હશે તે મારામાં સો ટકા શ્રદ્ધા રાખનાર મારા મિત્ર શનાભાઈની ચિંતા તે મારી ચિંતા. યોગ્ય માર્ગે વાળવા માટે લખ્યું છે. હવે એ મારી ચિંતા છે એમ સમજીશું અને હેમુભાઈ હમણાં તો આપણી સાથે જ રહેશે. તેમને ઘરે સંભાળવાનું કામ તમારું...

રાત્રે જમતી વખતે રઘુભાઈએ વાત શરૂ કરી, "હેમુભાઈ, તમને અમદાવાદ રહેવું ગમે ? પુના પાછા જવાની ઈચ્છા છે ? જો તમને અહીં રહેવું ગમે તો એ રીતે વિચારીને પ્લાન કરીએ. અમારી સાથે તમે જરૂર રહી

શકશો. પ્રશાંત તથા ઈરા ને અમારી સાથે તમે જરૂર રહી શકશો. અમને ગમશે. પ્રશાંત તથા ઈરાને તમારી કંપની મળશે, તમને એ બંનેની સાથે મજા પડશે.

જો અહીં રહેવાનું ગમે તો આપણે હમણાં જ વાસણશેરીમાં ૫-૬-૭ના વર્ગો શરૂ કર્યા છે. એ આપણી આ શાળાની શાખા છે. કામ પણ કરી શકો, કમાઈ શકો અને ભણી પણ શકો. જો આગળ ભણવાની ઈચ્છા થાય તો... થોડીવાર સૌ શાંત રહ્યા. રઘુભાઈ શાંતિથી કહે, ''નિર્ણય તમારા પર છોડું છું.''

રઘુભાઈના મનમાં એવું ખરું જ કે દોસ્તનો દીકરો કૉલેજનું એક વર્ષ કરીને અભ્યાસ છોડી દે એ ઠીક નહિ. આગળ ભણવાનું મન થાય એ માટે એમનું મન તૈયાર કરવું જોઈએ.

ઓછાબોલા હેમુભાઈએ તો બરાબર એકાગ્ર થઈને રઘુભાઈની વાત સાંભળી - અને કદાચ પિતા શનાભાઈનાં દર્શન રઘુભાઈમાં થયાં હશે. પિતાનું સ્થાન જાણે તેમના હૃદયમાં રઘુભાઈ લઈ રહ્યા હતા. ! વડીલો તરફ આજ્ઞાંકિત રહેતા હેમુભાઈને આ પ્લાન ગમ્યો હશે. આમ તો તેઓ કહ્યાગરા અને કોઈ પણ પગલું સમજણપૂર્વક ભરતા. તેથી મનથી તૈયારી કરી લીધી હશે એટલે કહે કે ''મારે તો આ તમારા બંનેના આશ્રમમાં જ રહેવાની ઈચ્છા છે. મને વિશ્વાસ બેસે છે કે મને અહીં જ ગમશે.'' હેમુભાઈના નિર્ણયમાં જ અમને તેમનો જવાબ મળી ગયો. ''હું અહીંનો બનવા ઈચ્છા રાખુ છું.'' હેમુભાઈનો જવાબ મળતાં જ તેમના કામની યોજના બનાવી. બસ તે દિવસથી જ તેઓ સંસ્થામાં રહ્યા. ત્યારે તો અમને કલ્પનાયે ન હતી કે એ કામના સંસ્થાના કાર્યકર બની જશે.

''હેમુભાઈ વાસણશેરીની આપણી સંસ્થાની શાખામાં શ્રી ભવાનીશંકર મહેતા મુખ્ય છે. એના ચાર્જમાં છે. તેઓ શાંત અને ચોક્કસ છે. સંસ્થાને સમજે છે. એમની સાથે તમને ફાવી જશે. ૫,૬,૭માં તમને જે વિષયો ગમે તેની વાત તેમને જ જઈને કરજો.'' અને હેમુભાઈએ બીજે જ દિવસથી વાસણશેરીની સ. વિદ્યાલયની શાખામાં કામ શરૂ કર્યું. તેમને ભણવા માટે છૂટ હતી, પણ એમની વિશિષ્ટતા તો એવી કે તેઓ ભણાવવાના કામને મહત્ત્વ આપતા. અને જ્યારે અનુકૂળ પડે ત્યારે જ પરીક્ષાનો વિચાર કરે. પછી તૈયારી કરે. કોઈ કોઈ વાર તો આગળ ભણવાનું યાદ રઘુભાઈએ આપ્યા કરવી પડે.

આમ ઓછાબોલા હેમુભાઈ શાળાના શિક્ષક તરીકે ઓતપ્રોત થઈ ગયા.

સરસ્વતીને આમ એક પછી એક સારા કાર્યકરો મળતા ગયા. એ દસ વર્ષનો સમય જાણે સારા કાર્યકરોના મેળાપનો હતો. એ સમયમાં હેમુભાઈએ વિદ્યાલયમાં પ્રવેશ કર્યો.

શિક્ષકમાંથી ધીરે ધીરે હેમુભાઈ ઑફિસના કામમાં રસ લેતા થયા. હિંમતભાઈએ જ્યારે હેમુભાઈને હોંશથી કામ કરતા જોયા ત્યારે ટ્રસ્ટનું પણ થોડું કામ સોંપતા ગયા. હિંમતભાઈમાં વિશ્વાસ વધતો ગયો અને હેમુભાઈ હિંમતભાઈના જમણા હાથ જેવા બની ગયા.

આ સમયમાં સંસ્થાએ કૉલેજ શરૂ કરી. એની વાત સ્મરણયાત્રાના આગલા ચરણમાં જરૂર આવશે. પણ કૉલેજમાં તો પ્રોફેસર સાહેબો, સાહેબો ગણાય. એટલે ઑફિસમાં સંસ્થાનો એક વિશ્વાસુ માણસ હોય તો પ્રશ્નો ઊભા થાય તો આપણને ખબર પડે.'' કૉલેજની ઑફિસના હેડકલાર્ક તરીકે હેમુભાઈને મોકલ્યા. હાઈ સ્કૂલમાંથી કૉલેજમાં ગયા. દુન્યવી દૃષ્ટિએ સ્થાન ઊંચું ગણાય. પગાર પણ વધારે. પણ સંયોગો એવા ઊભા થયા કે શાળાની જ પાસે આ કૉલેજનું વાતાવરણ અનુકૂળ ન લાગવાથી ટ્રસ્ટે કૉલેજ બંધ કરવાનો નિર્ણય લીધો. કૉલેજ બંધ કરવાના નિર્ણયની જાણ ઊર્મિલાબહેન અને ચિમનભાઈ પટેલને થઈ. એમણે કોલેજ લઈ લીધી. સરસપુરની બહાર સંસ્થાને લઈ ગયા. આમ કૉલેજ બંધ તો થઈ પણ હેમુભાઈનો નિર્ણય સરસ્વતી વિદ્યામંડળના કેમ્પસમાં રહેવાનો હતો. તેઓ પાછા હાઈ સ્કૂલની ઑફિસમાં કામ કરવા આવ્યા. ''હેમુભાઈ, તમને ઓછા પગારે પાછા સ્કૂલમાં આવવું ગમશે ?''

" આ સંસ્થામાં પટાવાળાથી શરૂ થતું કોઈ પણ કામ હું કરીશ."

આ જવાબ સંસ્થામાં રહેવાનો એમનો દૃઢ નિશ્ચય વ્યક્ત કરે છે. એમની જાહેરાત આપોઆપ થઈ ગઈ. આમ શિક્ષક, કલાર્ક, હિસાબનીશ વગેરે જે કામ સોંપાય તે કામ કરતા. 'મારામાં વિશ્વાસ એટલે જ કામ મને સોંપાય છે ને ? હું ખુશી છું. હું જ્યાં હઈશ ત્યાં સંસ્થાનો બનીને જ રહીશ.'

હેમુભાઈનાં માતા-પિતા, પત્ની સૌ અમદાવાદ આવ્યાં. હેમુભાઈ ત્યારથી ઘરના મુખ્ય જવાબદાર વ્યક્તિ બન્યા. બે સરસ દીકરાઓના પિતા પણ બન્યા.

હવે તેમને રિટાયર્ડ થવાનો સમય આવ્યો. રિટાયર્ડ થતાં પહેલા જ મંડળનાં કામો તેઓ કરતા જ હતા. પણ વળી પાછો એક એમના જીવનનો એવો તબક્કો આવ્યો કે રઘુભાઈને ફરી તેમને પૂછવાના સંયોગો ઊભા થયા. અમે પૂછ્યું.

"હવે રિટાયર્ડ થઈને હેમુભાઈ. શું કરવા વિચાર્યું છે ?" થોડી શાંત પળો પછી હેમુભાઈ કહે,

"જે દિવસે પુના ન ગયો અને અહીં અમદાવાદમાં તમારા આશ્રમમાં જોડાયો - તે શું રિટાયર્ડ થઈને પછી મોઢું ફેરવી દેવાનો છું ? હું એ જ હેમુભાઈ છું જે પુનાથી આવ્યો હતો અને રિટાયર્ડ થઈને પણ આ સરસ્વતીની નિશ્રામાં કામ કરીશ."

આમ ૫૮ વર્ષ પછી પણ તેમનો નાતો સંસ્થા સાથે જ રહ્યો છે. મંડળનું કામ કરે છે. વહેલું મોડું થાય તો સમય કાઢીને રજાને દિવસે પણ કામ કરે છે. પોતાની પાસે મંડળની ચાવી રાખે છે તે આવીને કલાકો સુધી કામ કરી જાય છે. આજેય હાઈ સ્કૂલના મિત્રો-પ્રેમથી સાથે બેસે છે. એક નવો ચેન્જ એમનામાં આવ્યો છે. સંસ્થાની સુવર્ણ-જયંતી વખતે યોજેલા કેળવણીના સેમિનારમાં તેઓ આવીને બેઠા અને અભિપ્રાયો પણ આપ્યા.

આવાં ઓછાબોલા કાર્યકરોનું પણ વિશાળ સંચાલનના કાર્યોમાં ક્યાંક સ્થાન બંધબેસતું થઈ આવે છે. સંસ્થાના પ્રશ્નોને સમજવા - અને મોટેરાંઓને મળીને તેની જાણ કરવી એ પણ એક સંસ્થાનું મહત્ત્વનું અંગ છે.

આજ આ સ્મરણયાત્રા લખતી વખતે પીળા રંગનું નાનું બકુલ કેમ યાદ આવી ગયું હશે ? એ સમજી શકાય છે ને ? સૌ પોતપોતાના સ્થાનમાં કેવાં શોભે છે ?

હેમુભાઈ સરસ્વતી વિદ્યાલયની જે શાખામાં ગયા એ સાથે શાખાનો વિકાસ અને તેમના આચાર્યનું સ્મરણ થાય છે.


## "ઘરશાળાના ગ્રાહકો - વાચકોને વિનંતી"

શાળા, કૉલેજ તથા કુટુંબના બધા સભ્યો- પડોશીઓ 'ઘરશાળા' રસપૂર્વક આનંદથી વાંચે તેમ કરવાની અમારી નેમ છે. આપની પ્રાથમિક/માધ્યમિક શાળામાં 'ઘરશાળા' આવે છે ? આપના અધ્યાપન મંદિરમાં 'ઘરશાળા' આવે છે? આપના જાહેર પુસ્તકાલયમાં 'ઘરશાળા' આવે છે ? આપ સૌ 'ઘરશાળા'ના ગ્રાહક બની તેના પ્રચારક બની રહો. જો આપે હજુ સુધી તેનું લવાજમ ન ભર્યું હોય તો આપ આ અંકથી વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/- મોકલશો તેવી વિનંતી છે.

વાર્ષિક ગ્રાહક તરીકે જેમનું લવાજમ પૂરું થયેલ હોય તેમણે સત્વરે નવાં વર્ષનું વાર્ષિક લવાજમ મોકલી આપવું તેવી વિનંતી છે. 'ઘરશાળા'ના ગ્રાહક ગમે તે માસથી થઇ શકાય છે.

**વાર્ષિક લવાજમ રૂપિયા : ૧૫૦/- ● આજીવન રૂપિયા : ૨૦૦૦/-**

**લવાજમ મોકલવાનું સ્થળ :**

**'ઘરશાળા' માસિક**

**સરસ્વતી વિદ્યામંડળ, ડૉ. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ, સરસપુર, અમદાવાદ- ૩૮૦૦૧૮.**

**gharashala@saraswatividyamandal.org • www.saraswatividyamandal.org/publication**

# પગલે પગલે સજાગતા !

**હરેશ ધોળકિયા**

ભૂજ-કચ્છ.

કપિલ શર્માનો કૉમેડી શો અટકી ગયો !

સૈફ અલીખાન પટૌડીની દીકરી સારાએ તેની પ્રથમ ફિલ્મનું શૂટિંગ શરૂ કર્યું છે. તેનાં નખરાંથી બધા હેરાન થાય છે. દરરોજ અનેક લોકોને પ્રગતિ કરવાની તક મળે છે. અનેક પ્રગતિ કરે પણ છે. પણ અચાનક તેમની પ્રગતિ અટકી જાય છે અથવા તેઓ અદશ્ય પણ થઈ જાય છે. સુંદર પ્રગતિ કરતા હતા અને અચાનક તેમની પ્રગતિનો અંત આવે છે.

આમ કેમ થતું હશે ?

ઉપર દર્શાવ્યા છે તે તેના બે ઉત્તમ દાખલા અથવા જવાબ છે.

કપિલ શર્માનો કૉમેડી શો ખૂબ લોકપ્રિય છે. ઉત્તમ પણ છે. તેમાં અનેક જાણીતા લોકો આવે છે અને હાસ્યની મદદથી ખૂબ જાણવા મળે છે. દર્શકો તે માણે પણ છે. અને અચાનક તે અટકી ગયો. કેમ ? આ શો અનેક લોકો સાથે મળી કરે છે. તેમાં એક સુનીલ ગ્રોવર પણ હતો. તે અચાનક નીકળી ગયો. કેમ ? એક વખત તે બધા ઓસ્ટ્રેલિયાથી કાર્યક્રમ આપી પાછા વળતા હતા, ત્યારે સુનીલને માઠું લાગ્યું અને તે તરત છૂટો થઈ ગયો. આ કાર્યક્રમમાં હાસ્ય ઉત્પન્ન કરવામાં સુનીલનો પણ મહત્ત્વનો ફાળો હતો. તે જ્યારે પણ આવે ત્યારે એક પર્યાવરણ ખડું કરી દેતો હતો. એટલે તે ચાલ્યો અચાનક શો ફિક્કો થઈ ગયો. તેના પગલે એકાદ બે બીજા પણ ચાલ્યા ગયા. સમગ્ર જવાબદારી કપિલ પર આવી પડી. થોડા દિવસ તો તેણે ખેંચ્યું, પણ પછી દબાણ વધી જતાં તેણે દારૂ પીવાનું વધારી દીધું. પરિણામે તેની તબિયત બગડી અને સેટ પર બેભાન થવા લાગ્યો. સ્વાભાવિક છે કે સોની ચેનલ આ ન ચલાવે. એટલે તેણે તાત્કાલિક શો અટકાવી દીધો. એક મજાનો શો દર્શકોએ ખોયો. એક એપિસોડમાંથી કપિલ એકાદ કરોડ કમાતો હતો. અહંકારમાં તેણે ગુમાવ્યા !

સૈફ અલીખાનની દીકરીએ ફિલ્મમાં કામ કરવાની શરૂઆત કરી છે. પહેલી ફિલ્મનું શૂટિંગ તેણે શરૂ કર્યું છે. બાપને કારણે તેને કામ મળ્યું હશે. પણ પહેલા દિવસથી જ તેણે પોતાનો રોફ જમાવવાનો શરૂ કરી દીધો અને મોડા આવવાનું અને નખરાં કરી દિગ્દર્શકને અને બીજા કલાકારોને હેરાન કરવાનું શરૂ કરી દીધું. સંભવ છે, મોટા બાપની દીકરી છે એટલે થોડો વખત ચલાવી લેવાશે, પણ જો તે નખરાં કરવાનું અટકાવશે નહીં, તો તેનું ભવિષ્ય પણ અનિશ્ચિત થઈ જશે.

લગભગ બધા લોકો પ્રગતિ કરવાની ઈચ્છા ધરાવે છે. તેમાંના અનેકો શરૂઆત પણ કરે છે. થોડા આગળ પણ વધે છે. પણ તકલીફ એ થાય છે કે થોડી ઘણી સફળતાનો સ્વાદ ચાખવા મળે છે કે માથામાં રાઈ ભરાઈ જાય છે અને ગમે તેમ વર્તવાનું શરૂ કરી દે છે. એમ માની લે છે કે પોતા વગર નહીં ચાલે. થોડો વખત તેના કામ સાથે કામ કરનારા કે તેને કામ આપનારા તેનું આ વર્તન ચલાવી લે છે. પણ પછી કંટાળે છે અને કાઢી મૂકે છે. દરેક ક્ષેત્રમાં રોજ આવું બનતું જોવા મળે છે. અનેક સંભવિત પ્રતિભાશાળીઓ પોતાના વર્તનના કારણે અનેક તકો ગુમાવી બેસે છે. સમગ્ર વિશ્વમાં !

આવા લોકોને ખ્યાલ નથી કે ચારે બાજુ ભયંકર હરિફાઈ ચાલે છે. તેમાં તેમને તક મળી છે. આ તકનો તેમણે મહત્તમ લાભ લેવાનો છે. સતત શીખવાનું છે. નમ્ર થઈ રહેવાનું છે. નિયમિત રીતે અને નિષ્ઠાપૂર્વક કામ કરવાનું છે. બને તેટલી શ્રેષ્ઠ રીતે પોતાની શક્તિને પ્રગટ કરવાની છે. તો તેમને સફળતા મળશે. અને આ સફળતાને પણ સતત નિષ્ઠાથી ટકાવી રાખવાની છે. સતત વિદ્યાર્થી રહી શીખતા રહેવાનું છે. તો હરિફાઈમાં ટકી શકશે. થોડા પણ બગડ્યા, અહંકાર પ્રગટ કર્યો, દાદાગીરી બતાવી, છીછરાપણું બતાવ્યું, તો થોડા વખત પછી અદશ્ય થવાનો વારો આવશે.

આજે જેઓ સફળ છે તેમનો અભ્યાસ કરવાનો છે. શા માટે તેઓ ટકી રહ્યા છે તે તપાસવાનું છે. તો આ બાબતનો ખ્યાલ આવશે. આપણી સામે ઉત્તમ ઉદાહરણ તરીકે અમિતાભ બચ્ચન જ છે. પંચોતેર વર્ષની ઉંમરે પહોંચ્યા છે છતાં તેમની પુષ્કળ માંગ છે. ફિલ્મ હોય કે જાહેરાત હોય કે કે.બી.સી. નો શો હોય, બધા તેમની જ માગણી કરે છે. કેમ ? કેમ કે આજે ચાર દાયકા પછી પણ તે વિદ્યાર્થી છે. સતત શીખે છે. નિયમિત છે. જેના સાથે કામ કરે છે, તે તેમનાથી જુનિયર હોવા છતાં તેમની સલાહ વફાદારીથી માને છે. તેમને કોઈએ પૂછેલ કે તે તો મેન ઑફ મિલેનિયમ છે. તો તેને કેટલું માણે છે ? ત્યારે તેમણે જવાબ આપેલ કે માણવાનો સવાલ જ નથી. તે તો દરરોજ સવારે ઉઠી ધ્રૂજે છે. કોનાથી ? નવા એક્ટરોથી. નવા અભિનેતાઓની કુશળતા જોઈ વિચારે છે કે તેમનાથી તેમણે વધારે સારું કામ કરવું પડશે. સજાગ થઈ જાય છે. હવે મજાની વાત એ છે કે જેમનાથી તે ધ્રૂજે છે, તે બધાના તો તે પ્રેરણામૂર્તિ છે ! અને આ બધાની તાકાત નથી કે તે બધા તેમનો ''પા'' જેવો અભિનય કરી શકે. તે બધા તેમના પ્રત્યે અભિભૂત થઈ પૂજ્યભાવથી જુએ છે. છતાં અમિતાભ તો તેમના પાસેથી પણ શીખતા જ રહે છે. તેમનો પ્રભાવ એવો છે કે તે તો નખરાં કરે તો પણ બધા ચલાવી લે. છતાં આજે પણ તે સેટ પર નિયમિત આવે છે. ચુસ્તીથી કામ કરે છે. દિગ્દર્શક કહે તેમ જ કરે છે. વચમાં સલાહ નથી આપતા. આવા કોને ન ગમે ? માટે પંચોતેર વર્ષે પણ તેમની માગ છે અને તે ઈચ્છશે ત્યાં સુધી કામ કરી શકશે. કોઈ સાથે વાત કરે ત્યારે પણ એટલી નમ્રતાથી વાત કરે છે કે સામી વ્યક્તિ ઓજપાઈ જાય છે. આ છે સફળતા અને ટકવાનું રહસ્ય. અને આવા અનેકો છે. તાતા, નીલેકણી, અઝીમ પ્રેમજી, લતા, વિરાટ કોહલી - આ બધાની સફળતાનું રહસ્ય જ એ છે કે તેઓ અદ્‌ભુત રીતે સફળ થવા છતાં નમ્ર છે. ''મને બધું જ આવડી ગયું છે'' — આ અહંકારની રાઈ તેમના માથામાં એક પળ માટે પણ નથી ભરાઈ. એટલે જ્યારે કપિલો નિષ્ફળ જાય છે, ત્યારે અમિતાભો ઝળહળતા રહે છે.

જ્યારે પણ કોઈ નિષ્ફળ જાય છે, ત્યારે તેમને જો સવાલ કરવામાં આવે, તો મોટા ભાગના જવાબ આપે છે કે બીજા તેમના વિરોધી છે. તેની સફળતા તેમનાથી સહન નથી થતી. કોઈ કબૂલ નથી કરતા કે આનું કારણ પોતે જ છે. પોતાનો અહંકાર જ છે. પોતાનાં નખરાં જ છે. થોડીક મળેલ સફળતાનું અભિમાન જ છે. શીખવાની વૃત્તિ નથી. બસ ! બીજા જ જવાબદાર છે. પોતાને તો અન્યાય જ થયો છે.

બસ ! આ નબળાઈના કારણે જ શ્રેષ્ઠ થઈ શકે તેવા અનેક લોકો વિના કારણે નિષ્ફળ જાય છે. તકો ગુમાવી બેસે છે. સમાજને તેની જબરી ખોટ પણ જાય છે. આજે એવા અનેક લોકો જોવા મળશે જેઓ પ્રથમ પંક્તિના છે, પ્રગતિમાં પુષ્કળ ફાળો આપી શકે તેવા છે, પણ અહંકાર, નકારાત્મકતા, દોષવૃત્તિ, વ્યસનની ગુલામી વગેરે જેવાં કારણોને લઈ થોડા વખત માટે ચમકી અદશ્ય થઈ જાય છે.

જેઓ પણ પ્રગતિના પંથે આગળ વધે છે કે વધવાની આકાંક્ષા રાખે છે, તેમણે આવા લોકો પરથી શીખવાનું છે કે આવી મર્યાદાઓથી તેમણે દૂર રહેવાનું છે. સફળતા બહુ જ ચંચળ છે. ક્યારે ચાલી જશે તેની ખબર પણ નથી પડતી. પણ જે જાગૃત છે, વિદ્યાર્થી છે, શીખવા તૈયાર રહે છે, નખરાંબાજ નથી, બીજાનું પણ સન્માન કરે છે, તે સફળતાને સ્થિર રાખી શકે છે. આજે કેશિયો પર ચાર ગીત વગાડતાં આવડી જાય અને અહંકાર આવી જાય, તેમણે બિસ્મીલ્લાખાનની આ વાત યાદ રાખવાની તાતી જરૂર છે. ચોર્યાસી વર્ષના બિસ્મીલ્લાખાનને કોઈએ સફળતાનું રહસ્ય પૂછ્યું, ત્યારે તેમણે જવાબ આપેલ કે, ''શેની સફળતા ? હજી તો હું શહેનાઈ વગાડતાં શીખી રહ્યો છું.''

ચોર્યાસી વર્ષે લતા કે બિસ્મીલ્લાખાન કે રવીન્દ્રનાથ શીખે છે, અને કોઈ છગન - મગન બે ચાર ગીતમાં તો પોતાને શંકર જયકિશન માની લે છે. પછી નિષ્ફળ ન જાય તો શું થાય ?

આગળ વધનારા માટે કપિલની ઘટના ચેતવણી છે.

# 'સંસ્કારની અપેક્ષા કોની પાસે રાખીશું !!!'

**ડૉ. ઊર્મિલા શાહ**

૨૫, પાર્થ બંગ્લોઝ, કર્ણાવતી ક્લબ સામે, એસ.જી. હાઈવે, અમદાવાદ-૩૮૦૦૧૫.

થોડા સમય ઉપર વર્તમાનપત્રમાં એક ફોટો જોયો. બનારસ યુનિવર્સિટીમાં બહેનો અને પોલીસો વચ્ચે અથડામણ...! અને મને આશ્ચર્ય થયું.... શું વખત આવ્યો છે ? આપણા ભારતમાં પણ બહેનોની પોલીસો સાથે અથડામણ ! અને તે પણ શિક્ષણનાં ધામમાં ! મા સરસ્વતીના આવાસ એવા બનારસ યુનિવર્સિટીના કેમ્પસમાં ! તો પછી આપણી બહેનોની સહીસલામતી ક્યાં ? એક બાજુ સ્ત્રી સશક્તિકરણનાં આપણે ચારે બાજુ નારા લગાવતાં ફરીએ છીએ અને ત્યારે બીજી બાજુ આવા બનાવો અને તેના સમાચારો, તેના સમાચારપત્રોમાં ફોટા, હૃદયને હચમચાવી મૂકે છે. સ્ત્રીને તો આપણે હંમેશાં મા, બહેન કે પત્નીનાં રૂપમાં માનભરી દૃષ્ટિએ જ જોતા હોઈએ, એની ય ગરિમા ન સચવાય એવી સંસ્કૃતિ અને સંસ્કાર તરફ શું આપણે જઈ રહ્યાં છીએ ? એક બાજુ શિક્ષણની વાતો, શિક્ષણનાં ધામમાં જ સ્ત્રી સાથે આવું વર્તન ! પણ ઘડી બે ઘડી મનની અસ્વસ્થતા જરા ઓછી થઈ અને એ ફોટો મેં જરા ઝીણવટથી જોવાનો પ્રયત્ન કર્યો તો મારા હૃદયને એક ઘેરો આઘાત લાગ્યો... એ વિદ્યાર્થિનીઓએ પહેરેલા કપડાં... ટી શર્ટ તો ઠીક પણ સાવ ટૂંકા શોટ્સ, અરે ! કદાચ આપણા પોતાનાં ઘરમાં કદાચ રાતે આરામદાયક લાગે એટલા માટે ય માંડ પહેરીએ. એવા કપડાં પહેરીને આ બહેનો શું આમ યુનિવર્સિટીનાં કેમ્પસમાં હરતી ફરતી હશે ? અને આ તો કૉલેજમાં ભણતી બહેનો, સંસ્કારી તો હોય જ, શિક્ષિત પણ હોય તો પણ એને શું એનું માન સચવાય એવા વસ્ત્રપરિધાનની સમજ જ નહીં પડતી હોય ! પશ્ચિમની સંસ્કૃતિનું આંધળું અનુકરણ, આપણને ક્યાંથી ક્યાં લઈ જાય છે ? અને એમાં ય ચારે બાજુ ચલચિત્રો અને ટીવીનું ઘેરૂં પ્રદૂષણ... એના હીરો હીરોઈનો જ જાણે એમનાં રોલ મોડેલ !

મારી તો આજની માતૃત્વ પ્રાપ્ત કરતી બહેનોને ખાસ વિનંતી હોય છે કે જે ક્ષણે ઈશ્વર એનામાં વિશ્વાસ મૂકીને એને મહામૂલું માતૃત્વ બક્ષે છે એ પળથી જ એણે એના સંતાન માટે રોલ મોડેલ બનવાનો ભેખ લેવો પડે. બાળકને ઉછેરવું એ સહેલું કામ નથી. એની પાછળ એક એક પળ સમર્પિત કરીએ તો જ એનું સારું ઘડતર થઈ શકે, ભણતર માટે તો આપણી પાસે પાર વિનાના વિકલ્પો છે. દરેક માબાપને એક જ મહાત્વાકાંક્ષા હોય છે કે મારું સંતાન ટોપર થવું જોઈએ, સર્વગુણસંપન્ન થવું જોઈએ અને એ મહાત્વાકાંક્ષા છે એટલે જ એનાં ભણતર માટે એ કશાની પરવા કર્યા વિના એને માટે બધું જ કરવા તૈયાર રહે છે, 'પાણી કહેતાં દૂધ ધરી દેવાની' તેની તૈયારી હોય છે. દરેક માબાપને એવી જ ઈચ્છા હોય કે એનું સંતાન દુનિયામાં ક્યાંય જઈને ઊભું રહે તો ગૌરવથી માથું ઊંચું રાખી શકે, પણ મારે એમનું એ જ ધ્યાન દોરવું છે કે માત્ર ભણતરથી જ એ નહીં ચાલે, ગમે તેટલું ભણતર હશે પણ એનું ઘડતર જો નહીં થયું હોય, આચાર-વિચાર, વર્તન વિવેકભર્યું નહીં હોય તો એને દુનિયામાં માન મળશે નહીં. એ માટે એની વાણી, વસ્ત્રપરિધાન, વર્તન બધું જ મૂલવાયા વિના રહેશે નહીં...

'હું મારી ઑફિસમાં બેઠી હોઉં અને કોઈ વિદ્યાર્થી કે વાલી આવે તો એનાં મોં પરનાં હાવભાવ, એની આંખો, એની રીતભાત, હલનચલન એનું વસ્ત્રપરિધાન એ બધું જ ક્ષણભરમાં તો મારા મગજ સુધી પહોંચી જાય અને એની સંસ્કારિતાનું મૂલ્યાંકન મારા મનમાં થઈ જ જાય અને એટલે જ એ હજી આવવાનું કારણ જણાવે કે વાતચીત શરૂ કરે એ પહેલાં તો એનું મૂલ્યાંકન મારા મગજમાં થઈ જાય અને એનો અંદાજ બંધાઈ જાય... અને એટલે જ હું આજની યુવાપેઢીને ખાસ કહું છું કે 'પશ્ચિમની સંસ્કૃતિનું આંધળું અનુકરણ ન કરો' એમાંય

સમયનિષ્ઠા, કાર્યનિષ્ઠા, રીતભાતમાં ઔપચારિકતા, 'Sorry' અને એવા શબ્દો પણ છે, પણ હૃદયમાંથી જે ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારની સુવાસ ફેલાય છે તેની ઉણપ વર્તાય છે, માણસને હૃદયની લાગણી, સંવેદના સ્પર્શે છે જે પશ્ચિમની સંસ્કૃતિમાં એટલે ઊંડે સુધી પહોંચી શકતી નથી અને એમાંય પશ્ચિમના આંધળા અનુકરણ અને ટી.વી. અને ચલચિત્રોની ઘેરાં પ્રદૂષણથી આપણી બહેનોએ તેમના માટે જે કપડાં પસંદ કરવા માંડ્યાં છે તેનાંથી તેમનું માન કે ગરિમા સચવાવાને બદલે એમની સહીસલામતી હોડમાં મૂકે છે. રોજેરોજ બળાત્કાર અને અભ્યાચારના સમાચારો પેપરમાં વાંચીએ અને થાય છે કે સંસ્કૃતિના ઓઠા હેઠળ શું આપણે માનવ મટી રાક્ષસ બની રહ્યાં છીએ ! આપણી જ મા, બહેન કે દીકરી માટે આપણને મલિન વિચાર આવે જ કેવી રીતે ! ઈશ્વરે સ્ત્રીને સૌંદર્ય શાને માટે આપ્યું છે ? એક કવિએ બહું સરસ ગાયું છે કે 'હું જંગલથી દૂર જતો જાઉં છું તેમ તેમ મને જંગલિયત વધુ ને વધુ દેખાતી જાય છે' સંસ્કૃતિ અને સંસ્કારનાં ઓઠાં હેઠળ આપણે જંગલી થતાં જઈએ છીએ... આ કેવી રીતે સહન થાય !

બનારસ યુનિવર્સિટીની બહેનોનાં કપડાં જોઈને તો પહેલો વિચાર તો એ જ આવે કે સુરુચિભંગ થાય અને જોનારના મનમાં ખરાબ વિચાર આવે એવી વેશભૂષા શૈક્ષણિક સંસ્થાઓમાં ચલાવી જ કેમ લેવાય ?

આજે તો કૉલેજ એટલે જાણે ફૅશન શો... ફૅશન પરેડ છાપામાં રોજેરોજ કેવા ફોટા ! યૌવનનાં ઉન્માદથી ભરેલાં, હું રોજ જ વિચારું કે આ ફોટા એ છોકરીઓના માબાપ જોતાં નહીં હોય ! એ લોકો આ ઉન્માદ કેવી રીતે જોઈ શકતાં હશે ! સહન કરી શકતાં હશે ! પોતાની દીકરીને કોઈ ખરાબ નજરે જુએ એ કેવી રીતે સહન થાય ! વર્ષો પહેલાં હું નવગુજરાત મલ્ટીકોર્સમાં બહેનોનાં લેક્ચર્સ લેવા જતી હતી ત્યારે હું બહેનોને એક જ સલાહ આપતી હતી કે તમારી આંખોમાં ચારિત્ર્યનું એવું તેજ હોવું જોઈએ કે કોઈ તમારી સામે ખરાબ નજરે જોઈ જ કેવી રીતે શકે ? અરે ! એવી તાકાત તમારામાં જોઈએ, અને આ કેળવણી દરેક માતાએ તેની દીકરી નાની હોય ત્યારથી જ આપવી જોઈએ.

ચાર સાડાચાર દાયકા પહેલાની વાત યાદ આવે છે. મારી દીકરી સી.એન.વિદ્યાવિહારમાં ભણતી હતી. એમાં ગણવેશ તો ખરો જ પણ બુધવારે ગણવેશમાંથી મુક્તિ મળે એટલે એ દિવસે બધાંને એમ થાય કે 'આજે સરસમાં સરસ કપડાં પહેરી સ્કૂલમાં જઈને વટ પાડી દઉં...' દાદીમા યુરોપથી લાવેલું ટી-શર્ટ પહેરીને મારી દીકરીને સ્કૂલમાં જવું હતું. 'મા ! હું દાદી લાવ્યાં છે એ ટી-શર્ટ પહેરીને આજે સ્કૂલમાં જાઉં ? આખી સ્લીવ્સ છે અને પૌલો નેક છે નીચે બેલબોટમ પહેરીશ એટલે તો પછી આખું શરીર ઢંકાઈ જ જાયને, પછી શો વાંધો ? આમેય નવો ડ્રેસ આવે એટલે દીકરીઓને તો 'એ ક્યારે પહેરું' એવી અધીરાઈ આવે જ, પણ હું જરા મુંઝાઈ, એની હોંશ ને હું કેવી રીતે તોડી શકું ? છતાં ય શરીરના અંગ ઉપાંગોને ઉપસાવે એવા કપડાં પહેરી મા સરસ્વતીનાં ધામમાં કેવી રીતે જવાય! યુવાનીને ઉંબરે પગ મૂકતાં ત્યાં સહાધ્યાયીઓ પણ હોય. શિક્ષકો પટાવાળાં બધાંજ હોય, બધાંની દૃષ્ટિ કંઈ એકસરખી તો ન જ હોય. આપણી દીકરી સામે કોઈ વિલાસી નજરે જુએ એ કેમ સહન થાય ! અને એટલે મેં એને એ આખી વાત વહાલથી પ્રેમથી સમજાવી. 'તું તારા મિત્રો સાથે જાય ત્યારે એ પહેરજે. વડીલો હોય ત્યાં પણ એ આપણને ન શોભે' અને એ પછી એણે ક્યારેય એ ડ્રેસ પહેર્યો જ નહીં... ક્યારેક માબાપે સંતાનને એના હિત માટે કડવા ઘૂંટડા પણ પાવા પડે છે, પણ એ કેળવણી તો માએ આપવી જ પડે, આજે રોજેરોજ છાપામાં કૉલેજની છોકરીઓનાં જે ફોટા જોઉં છું ત્યારે મને દુઃખ થાય છે કે શું આજના માબાપ હવે તેમનાં સંતાનોના સંસ્કારના શિક્ષણમાંથી પણ આટલા બધાં પાછા પડ્યાં છે ! માબાપ માટે પણ શું હવે સ્કૂલ ખોલવી પડશે ? કે પછી ચારે બાજુ ટી.વી. અને ચલચિત્રોનું ઘેરૂં પ્રદૂષણ આપણને ઘેરી વળ્યું છે, આપણે આપણી સુધબુધ ખોઈ બેઠાં છીએ ! રાષ્ટ્રપતિને હસ્તે ઍવોર્ડ સ્વીકારતાં ય સભ્ય પોષાક ન પહેરે એવી વ્યક્તિને ઍવોર્ડ આપતાં રાષ્ટ્રપતિના મોં પર વિષાદ દેખાય એ સ્વાભાવિક છે. સંસ્કારની અપેક્ષા કોની પાસે રાખીશું !!!

## દીકરાની પ્રગતિ !

**હરિત પંડ્યા**

૨૧, મેઘાનગર, પવન ચક્કી રોડ, નડિયાદ.૨
મો. ૯૪૨૮૬૯૯૮૫૪

સોસાયટીમાં રાંધણગેસનું જોડાણ આપવાની કામગીરી આરંભાઈ. એ સાથે જ કાશી સપરિવાર એ સ્થળે હાજર થઈ ગઈ.

એનો પતિ, ગેસની પાઈપ નાખવા માટે ચારેક ફૂટ જેટલા ઊંડા ખાડા ખોદતો. જ્યાં ગેસનું જોડાણ અપાઈ ગયું હોય ત્યાં, ખાડા પૂરવાનું કામ કાશી કરતી. એના પતિએ ખાડાની બન્ને બાજુએ કરેલ માટીના ઢગલાને એ પાવડા વડે ખાડામાં નાખતી. ક્યારેક એ પાવડાને વેગડો મૂકી દેતી અને ઢગલા પર બેસીને એના કસાયેલા પગ વડે ઢગલાની માટીને ખાડા ભેગી કરતી.

એમાં દોઢ-બે વર્ષના દીકરાને એની આઠેક વર્ષની દીકરી સાચવતી. દીકરો રડ પર ચડી જતો ત્યારે છોડી એને કેડમાં બેસાડીને આમતેમ બે-ચાર આંટા મારીને એને છાનો રાખતી. ક્યારેક એ એનાં ભાઈને માટીના ઢગલા પર બેસાડીને એકાદ નાનો પાણો કે માટીનું ઢેફું ઉછાળીને એની સાથે રમતી.

"માડી, માડી !" અચાનક છોડી ગેલમાં આવી જઈને માને બૂમ પાડવા માંડી.

"હું છ અલી ? ચ્યમ બૂમો પાડ છે ?" કાશીએ છોડી સામે જોયા વના, એનું કામ જારી રાખતાં કહ્યું.

"માડી, જો તો ખરી !"

કાશીએ, પરસેવાથી લથબથ થઈ ગયેલ એના ચહેરા પર ધસી આવેલ વાળથી બે-ચાર લટોને, માટીથી રગદોડાયેલા હાથ વડે આંખો આગળથી દૂર કરીને છોડી સામે જોયું.

"માડી, ભૈલા નેય આવડી જ્યું."

"હું આવડી જ્યું ભૈલાન ?" કાશીએ છોડીને પૂછ્યું.

"હું તે તારી નજરે જ જોન."

કાશીએ દીકરા સામે જોયું.

દીકરો માટીના ઢગલા પર બેસીને એના બંને પગ આઘા પાછા કરી રહ્યો હતો. એમ કરતાં, એના પગ વડે હડસેલાએલી માટી ખાડામાં પડતી હતી.

દીકરાની પ્રગતિ ભાળીને કાશીના ચહેરા પર અનેરી ખુશીની લહેર ફરી વળી.

## મને એ ઘેર જવું ગમે

**ઉપેન્દ્ર પટેલ**

સરસપુર સેવા ટ્રસ્ટ, સરસપુર, અમદાવાદ.

**મને ત્યાં જવું ગમે, મને ત્યાં રહેવું ગમે**
**જ્યાં ઉછળે પ્રેમના ફુવારા, મને એ ઘેર જવું ગમે....**
**જ્યાં પાદુકાનો પથારો, જ્યાં ઘરને પડે ઘસારો**
**જ્યાં વહે સ્નેહની ધારો, હૃદયથી હૃદય જોડાયે**
**મને એ ઘેર જવું ગમે....**
**યજમાનના દુઃખ લેવાય, સુખ વહેંચે જજમાનો**
**સૌને મળે આનંદનો સથવારો, ખૂણે ખૂણે ખુશીનો ખજાનો**
**મને એ ઘેર જવું ગમે....**
**થાક ઊતરે સૌનો સારો, આવો છે, જ્યાં નજારો**
**સાંપડે હાશ, હોંશ અને હૂંફનો ઓવારો, દેવો કરે ડોકિયા**
**મને એ ઘેર જવું ગમે....**
**લાગણીના લહેરાતા લીલાછમ ઝાડો**
**ઉત્તરે અંતરથી અંતરની આરતી**
**મને એ ઘેર જવું ગમે....**
**પરમ સુખ મળે, જીવને લાગે સાચું છે કે સપનું**
**ઉમટે માનવનો મહેરામણ, લાગે સતયુગનો પથારો.....**
**મને એ ઘેર જવું ગમે.... (૩)**

# સંપર્કથી સવાયો સંબંધ

**રણછોડ શાહ**

૬૩, ભૃગુપૂર સોસાયટી, ભરૂચ. સંપર્ક સૂત્ર : ૯૯૭૯૮૬૧૬૩૧

*“મળીએ ત્યારે નહિ, પણ જુદા પડીએ,*
*ત્યારે ખબર પડે કે સંબંધ કેટલો સાચો હતો...”*

વર્તમાન સમયના ડિજિટલ યુગમાં કોઈની સાથે જોડાયેલા (Connected) રહેવાનું તદ્દન આસાન છે. વોટ્સએપ, ઈ-મેઈલ, ઈન્સ્ટાગ્રામ, વીડિયો-ઓડિયો કોલ, ટેકસ્ટ મેસેજ જેવા રસ્તાઓ તદ્દન હાથવગા છે. અગાઉના સમયમાં ટપાલ મળતાં દિવસો પસાર થઈ જતા. ટેલિફોન કે ટેલિગ્રામ કરવામાં પણ ખાસો સમય લાગતો. પરંતુ મોબાઈલ ફોનની સુવિધા અને તેમાં પણ સ્માર્ટ ફોનને કારણે કોઈપણ વ્યક્તિનો ગમે ત્યારે સંપર્ક કરવાનું તદ્દન સરળ બની ગયું. ફોનમાં જ ઈ-મેઈલ, ફેસબુક અને વોટ્સએપ હોવાથી કોઈને મળવા માટે વિશિષ્ટ સમય ફાળવવો પડતો નથી. ફોન લેતાં જો સામેની વ્યક્તિ ‘ઓનલાઈન’ હોય તો મળવાનું તદ્દન સહેલું બની જાય છે.

પ્રત્યેક ફોનમાં સેંકડોની સંખ્યામાં પરિચિત નામોની યાદી છે. સહકર્મીઓ, મિત્રો, ઓળખીતાઓ, પાડોશી, વ્યાવસાયિકોથી અને સગાંઓથી ફોનની યાદીમાં અનેક નામો સંઘરાઈ ગયા છે. તેમાંના કેટલાક તો સ્પીડ ડાયલમાં પણ છે. અડધી રાત્રે પણ અન્યને ખલેલ પહોંચાડયા વિના મેસેજથી કોઈની સાથે સંપર્ક સાધી શકાય છે. પરંતુ શું આ બધાં સંપર્કો કટોકટીના સમયે ઉપયોગમાં આવે છે ? આ સંપર્કોનું કેન્દ્ર બિંદુ ક્યું છે ? શા માટે એકબીજા સાથે સંપર્કમાં રહેવાનું ? સીધો અને સરળ જવાબ : ક્યારેક ઉપયોગમાં આવે. સંપર્કો ‘ઉપયોગ’ માં લેવાનું સાધન બની ગયું. સંપર્કમાં હોય તેની સાથે સંબંધ હોય ખરો ? ઉત્તર કઠિન છે. સેંકડો લોકો સાથે સંપર્કમાં રહેતી વ્યક્તિ ભાગ્યે જ એક કે બે સાથે સંબંધથી જોડાયેલી હોય છે. કોઈકે કહ્યું છે

*“એકબીજા જેવું હોવું જરૂરી નથી*
*પણ એકબીજાને માટે હોવું જરૂરી છે...”*

થોડા સમય ઉપર જ એક લખાણ વોટ્સએપ દ્વારા પ્રાપ્ત થયું. એક વ્યક્તિએ તેમનો અનુભવ ખૂબ જ સુંદર શબ્દોમાં વર્ણાવ્યો છે, તેમના શબ્દોમાં જ તે માણીએ :

૧૯૯૦ની સાલમાં હું વિમાન દ્વારા દિલ્હીથી આવી રહ્યો હતો ત્યારે રામકૃષ્ણ મિશનના એક સાધુ મારી બાજુમાં બેઠા હતા. ચીલીથી આવેલ એક પત્રકાર પણ આમારી સાથે હતા. તેઓ સાધુનો ઈન્ટર્વ્યૂ લેવાના હતા.

પત્રકારે કહ્યું, “માનનીય સાહેબ, આપશ્રીએ આપના છેલ્લા પ્રવચનમાં સંપર્ક અને સંબંધ વિશે વાત કરી હતી. તે ખરેખર ગૂંચવી નાખે તેવી છે. આપ તેના વિશે વિગતે સ્પષ્ટતા કરશો ?”

સાધુએ સ્મિત સહ પ્રશ્નનો જવાબ આપવાને બદલે વિષયાંતર કરવા માટે પ્રશ્ન કર્યો, “આપ ચીલીથી આવો છો ?”

પત્રકાર, “હા”

સાધુ, “તમારા ઘરે કોણ કોણ છે ?”

પત્રકારને લાગ્યું કે સાધુ પ્રશ્નનો જવાબ આપવાનું ટાળે છે. આ તદ્દન અંગત બાબત છે અને પ્રશ્ન બિનજરૂરી છે. તેમ છતાં પત્રકારે જવાબ આપ્યો, “મમ્મી ગુજરી ગયા છે, પિતાશ્રી છે, ત્રણ ભાઈ અને એક બહેન છે, બધા જ પરણેલા છે.

સાધુએ મોં ઉપર હાસ્ય લાવી શાંતિપૂર્વક પૂછ્યું, “તમે તમારા પપ્પા સાથે વાત કરો છો ?”

હવે પત્રકાર થોડા ચિડાયા હોય તેવું તેમના ચહેરા ઉપરથી લાગ્યું.

સાધુ બોલ્યા, “તમે તેમની સાથે છેલ્લે ક્યારે વાત કરેલી ?”

પત્રકારે પોતાના ગુસ્સાને કાબૂમાં રાખી કહ્યું કે લગભગ એકાદ માસ અગાઉ વાત કરી હતી.

સાધુએ પૂછ્યું, ''તમારા ભાઈઓ-બહેનો વારંવાર મળે છે ? તમારું છેલ્લું કુટુંબમિલન ક્યારે થયું હતું ?''

આ સમયે પત્રકારના કપાળ ઉપર પરસેવાના બિંદુ સ્પષ્ટ નજરે પડતા હતા. કોણ કોનો ઈન્ટર્વ્યૂ લે છે ? એવું લાગી રહ્યું હતું કે સાધુ પત્રકારનો ઈન્ટર્વ્યૂ લઈ રહ્યા છે.

પત્રકારે ખેદપૂર્વક જણાવ્યું, ''અમે છેલ્લે બે વર્ષ અગાઉ ક્રિસ્ટ્મસ ઉપર મળ્યા હતા.''

સાધુએ પૂછ્યું, ''તમે બધા કેટલા દિવસ સાથે રહ્યા હતા ?''

પત્રકારે પોતાના મોં ઉપરનો પરસેવો લૂછતાં જવાબ આપ્યો, ''ત્રણ દિવસ.''

સાધુએ કહ્યું, ''તમે તમારા પિતાની બાજુમાં બેસીને કેટલો સમય વિતાવ્યો હતો ?''

પત્રકાર અત્યંત અકળાઈ ગયા. તેઓ ગૂંચવણ ભરી પરિસ્થિતિમાં મુકાઈ ગયા. તેઓ કાગળ ઉપર કશુંક બિનજરૂરી લખાણ લખતાં હોય તેવું નજરે પડ્યું.

સાધુએ પૂછ્યું, ''તમે નાસ્તો અથવા ભોજન કે વાળું સૌએ સાથે કર્યું ખરું ? તમે તેઓની તબિયત કેમ છે તેવું પૂછ્યું ? તમારી મમ્મીના મૃત્યુ બાદ તેઓના દિવસો કેવી રીતે પસાર થાય છે તેવું જાણવા પ્રયત્ન કર્યો ?''

પત્રકારની આંખ ગંભીર થઈ ગઈ... તેઓ બારીમાંથી બહારના આકાશને જોવા લાગ્યા...

સાધુએ શાંતિથી હસતાં હસતાં પત્રકારના ગાલ ઉપર પ્રેમથી હાથ ફેરવી બીજો હાથ પોતાના હાથમાં લઈ બોલ્યા, ''તમારે અસ્વસ્થ અથવા દુઃખી થવાની જરૂર નથી. જો અજાણતામાં મેં તમારી લાગણીઓને દુઃખ પહોંચાડ્યું હોય તો હું દિલગીર છું. પરંતુ આ તમામ પ્રશ્નોના મૂળભૂત ઉત્તરો સંપર્ક અને સંબંધ વચ્ચેનો કેવો તફાવત છે તે સમજાવવા માટે છે.''

સાધુએ વધુમાં જણાવ્યું, ''તમારા પપ્પા સાથે તમારો સંપર્ક છે પરંતુ તેમની સાથે સંબંધ નથી. તમે તેઓ સાથે કૌટુંબિક સંબંધથી જોડાયેલા નથી. સંબંધ હૃદયથી હૃદયને જોડે છે. સાથે બેસવું, આંખો મેળવવી, એક જ ડિશમાંથી વહેંચીને સાથે ભોજન લેવું, એકબીજાની સાથે આનંદની પળો વિતાવવી તેનું નામ સંબંધ છે. તમારા ભાઈઓ-બહેનો વચ્ચે સંપર્ક જરૂર છે પરંતુ એકબીજા સાથે સહેજ પણ સ્નેહસંબંધ નથી.''

આજની દુનિયાની આ નરવી વાસ્તવિકતા છે. ઘરમાં, સમાજમાં અને દરેક જગ્યાએ ઘણાં સંપર્કો છે પરંતુ સંબંધો નથી. પ્રત્યાયન નથી, તમામ લોકો વાસ્તવિક દુનિયામાં નથી. પત્રકારે આંખો લૂછી જ્ઞાન આપવા બદલ સાધુનો આભાર વ્યક્ત કર્યો.

આજથી વર્ષો પહેલાં બસ, ટ્રેન કે પ્લેનમાં સાથે મુસાફરી કરતા લોકો એકબીજા સાથે સ્મિતની આપલે કરતા. ત્યારબાદ વાતચીત કરતા અને નાની મોટી મુસાફરીનો આનંદ સાથે વહેંચતા. તેમાંથી કેટલાક સાથે મૈત્રીના સંબંધથી જોડાઈ જતા. તેમાંથી કેટલાક આખી જિંદગી સુધી કાકા-કાકી કે માસા-માસી બની જતા. આજે ટ્રેન કે પ્લેનમાં પ્રવાસ કરતા પ્રવાસીઓ તેઓ કબ્રસ્તાનમાં પ્રવેશ કરતા હોય તેવો વર્તાવ કરે છે. કોઈ એકબીજાને ખલેલ ન પહોંચે તેની જ કાળજી રાખે છે. સૌ ફોન કે લેપટોપ સાથે જોડાઈ જતાં ટીક...ટીક...ટીક... અવાજ સાંભળવા મળે છે. કબ્રસ્તાનમાં ઝાડ ઉપરથી સૂકા પાંદડા પડે તેવો અવાજ સંભળાય છે. આ ડબ્બામાં મુસાફરી કરતા તમામ મસાફરો દુનિયા સાથે સંપર્કમાં છે. પરંતુ સહપ્રવાસી તરફ સહેજ પણ હોતા નથી.

ચાલો, માત્ર સંપર્ક નહીં પરંતુ એકબીજા સાથે સ્પર્શ કરવાનો, વહેંચવાનો, કાળજી રાખવાનો, વહાલ કરવાનો અને આલિંગન આપવાનો વ્યવહાર કરી સંબંધ વિકસાવીએ. તેને જીવનપર્યંત નિભાવવાનું વચન આપીએ.

આચમન : ''કંપનીએ ફ્રી કોલ જાહેર કર્યા
પરંતુ લાંબી વાતચીત થાય
તેવા સંબંધો જ ક્યાં રહ્યા છે ?''

# ઉત્સાહ

**મિતલ પટેલ "પરિભાષા"**

પ્રાંતવેલ પ્રાથમિક શાળા, જૂથ ગાબડ, જિ. બાયડ, તા. અરવલ્લી.

*જીવતા મડદામાંથી*
*જીવંત ધબકતું માણસ બનાવે તે ઉત્સાહ*
*ખુદને... બીજાને... દેશને અને વિશ્વને*
*સતત તરવરતું રાખે તે ઉત્સાહ...*
*આગળ વધવાના બધા રસ્તા બંધ હોય ને...*
*દરેક રસ્તે રસ્તે તે જ રસ્તો ચણી આવે તે ઉત્સાહ...*

ઉત્સાહ એ જીવનમાં એવી વસ્તુ છે કે જે વાવણીમાં ખાતરનું કામ કરે છે. રોકેટને અવકાશ સુધી પહોંચવા એક જોરદાર ધક્કાની ધસમસતા પ્રવેગની જરૂર હોય છે. તેવું જ જીવનમાં લક્ષ્ય વિંધવા ઉત્સાહનો ધસમસતો પ્રવાહ જોઈએ. ઉત્સાહથી થયેલ દરેક કાર્ય તમારામાં રહેલ creativity, talent કાર્યને મહેનતથી પૂર્ણ કરવાની જિજીવિષા જગાડે છે.

બીજા વિશ્વયુદ્ધ બાદ જાપાન આર્થિક અને બીજી બધી રીતે સંપૂર્ણપણે ભાંગી પડ્યું હતું. તેવું સ્વબળથી ફરી ઊભું થવું એ લગભગ impossible જેવું હતું. આખા વિશ્વના આશ્ચર્ય વચ્ચે ખૂબ ઓછા સમયગાળામાં જાપાન પહેલાં હતો તેના કરતાં પણ વધુ સમૃદ્ધ અને વિશ્વમાં હીરાની જેમ ઝળહળી ઉઠ્યો.

બસ એક અને માત્ર એક સૂત્રને આખા દેશના લોકોએ જીવનસૂત્ર બનાવ્યું અને તે પ્રમાણે સખત મહેનત કરી.

TQM = Total quality Management

નાનામાં નાનું કામ કરો કે મોટામાં મોટું કામ કરો quality વાળું કરો. ૧૦૦ ટકા ગુણવત્તા તેની જળવાય તેવું કરો. કામ બહુ બધુ થાય તેના કરતા થોડું થાય પણ ગુણવત્તાસભર થાય તો તે ઉત્સાહ વધશે. આત્મ સંતોષની લાગણી આવે જે પોતાને અને દેશને સુખી અને સમૃદ્ધ કરે.

કોઈ એમ વિચારશે કે શું આ ઉત્સાહ આપોઆપ આવે છે કે તેને કેળવી શકાય છે ?

Yes it can be developed. તમે તેને ચોક્કસથી કેળવી શકો છો. કોઈપણ કામ નાનું હોય કે મોટું direct કામ હાથમાં લઈ લો તેના કરતાં પહેલાં પોતાની જાતને હૃદયથી કહો :

'મારે આ કામ એકદમ best રીતે કરવું છે.'

ગમે તે થાય. આટલું નક્કી કર્યા પછી કામ કરો. ઉત્સાહ, ખુશી અને મહેનતના લીંપણથી તે દીપી ઉઠશે. અને ૧૦૦ ટકા best કાર્ય થશે જ.

Just નાના મોટા કામથી આ પદ્ધતિ try કરો. ઉત્સાહ જાણે તમારા સ્વભાવનો એક હિસ્સો બની જશે. બીજું તમે ગમે તેટલું વધુ કામ કરશો ઉત્સાહથી થયેલ કામનો તમને ક્યારેય થાક નહીં લાગે, કારણ કે તમે પોતાની જાત સાથે એક commitment કરો છો. આ commitment પૂરું કરતા તમારામાં એક આત્મવિશ્વાસનો સંચાર થશે જે તમને ક્યારેય થાકવા નહીં દે, કારણ કે તે આંતરિક પ્રસન્નતાથી ભરપૂર હશે.

થોડા સમયના પ્રયત્ન બાદ તે તમારો સ્વભાવ બની જશે. વણાઈ જશે તે પોતાનામાંને પછી દુનિયાની કોઈ તાકાત તમને આગળ વધતા, સુખી થતા, ઈચ્છિત લક્ષ્ય મેળવવા કોઈ રોકી શકશે નહી અને સાચા આત્મસંતોષ અને ખુશી સાથે જીવી શકશો તે બોનસ.

તમે નોકરી કરો, ભણતા હોવ, વ્યવસાય કરતા હોય, કોઈ પ્રસંગનું planing કરવાનું હોય કે કોઈ project હાથમાં લીધો હોય તેને તમે બાંધેલો સમય આપો છો એટલે તે ગમે તે રીતે થવાનું તો છે જ પણ એ કાર્ય કર્યા બાદ તમે નાખુશ રહો, નોકરીને કોષતા રહો, physical, mentally તે કામનો તમે ભાર અનુભવો. સતત... દરરોજ.. પછી નોકરીનો ઉંચો પગાર કે ભણવાની degree શું કામની ?? એટલે મને કે ક-મને તમારે જિંદગીનો આટલો સમય તમારે તેને આપવાનો જ છે તો તે કામ 'મારે સારી રીતે કરવું છે' એવું કોઈને નહીં પોતાની જાત જોડે commit કરીને તે કામ કરશો તો તમને પોતાને આશ્ચર્ય થશે કે હું આ કામ આટલી સરસ રીતે, creative રીતે કરી શક્યો !! મારામાં આટલી આવડત છુપાયેલી હતી !! આટલી ભયંકર મુશ્કેલીઓને પાર કરી હું મંજિલ સુધી પહોંચી શકી/શક્યો !!

Just because of a enthusiasm

# વિદ્યાર્થીઓ : વાલી, શાળા અને સરકારની સંયુક્ત જવાબદારી

**ભાર્ગવ પટેલ**

echhapu.com પરથી સાભાર

ગુજરાતમાં થોડા દિવસ પહેલાં ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ અને બે દિવસ પહેલાં ધોરણ-૧૦ના પરિણામો આવ્યા જેમાં અસંખ્ય વિદ્યાર્થીઓ પાસ કે પછી નાપાસ થયા હશે. બંને પરિણામોના એનાલિસિસ કર્યા ત્યારે ખબર પડી કે એ બંને પોતાના ગત વર્ષના આંકડાઓ કરતા ઊતરતા છે. બારમા ધોરણના વિજ્ઞાન પ્રવાહનું ગત વર્ષનું પરિણામ ૮૯.૧ ટકા હતું જે આ વર્ષે ઘટીને ૭૨.૯૯ ટકા થવા પામ્યું છે. જ્યારે દસમા ધોરણનું ગત વર્ષનું પરિણામ ૬૮.૨૪ ટકા હતું જે આ વર્ષે ઘટીને ૬૭.૫૦ ટકા થયું છે.

બંને પરિણામોમાં ઘટાડો થવા માટેના જવાબદાર કારણો વિશે મારે બંને ધોરણના વિદ્યાર્થીઓ સાથે વાતચીત થઈ. એમના કહેવા મુજબ વિજ્ઞાન પ્રવાહમાં રસાયણશાસ્ત્ર (કેમેસ્ટ્રી)નું અને ધોરણ-૧૦માં ગણિતનું પેપર ધારણા કરતા વધારે અઘરું નીકળ્યું હતું જેના કારણે પરિણામો પર વિપરીત અસર પડી છે. બન્યું છે પણ કંઈક એવું જ ! ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહના કેમેસ્ટ્રી વિષયમાં અને ધોરણ-૧૦ના ગણિત વિષયમાં ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા ૧૨ જેટલા અધધ કહી શકાય એટલા માર્ક્સ કૃપા ગુણ તરીકે આપીને વિદ્યાર્થીઓને પાસ કરવામાં આવ્યા છે.

મેં પણ અમૂક લાગતા-વળગતા વિદ્યાર્થીઓના પરિણામો જોયા હતા જેમાં કોઈકને દસ તો કોઈકને આઠ માર્ક્સ કૃપા ગુણ તરીકે આપીને ચઢાઉ પાસ કરવામાં આવ્યાના દાખલા છે. તો બીજી તરફ ધો.૧૦ ગણિતમાં ૧૦૦માંથી ૧૦૦ માર્ક્સ અને ધો.૧૨ કેમેસ્ટ્રીમાં ૧૦૦માંથી ૯૦ ઉપર માર્ક્સ લાવનારા વિદ્યાર્થીઓના પરિણામો પણ મેં જોયા છે. મને થયું કે આ બંને પેપર્સ એવા તો કેવા અઘરા નીકળ્યા છે કે જેથી વિદ્યાર્થીઓના માર્ક્સમાં આટલો મોટો તફાવત છે ?

આ સવાલનો જવાબ મેળવવા માટે મેં બંને પેપર્સ જોયા અને ચકાસ્યા. જાણવા એવું મળ્યું કે ધો.૧૨ના કેમેસ્ટ્રી વિષયમાં નવી શિક્ષણ પ્રણાલીમાં દર વખતે જેમ પાઠ્યપુસ્તકના બેઠા સવાલો આવતા હતા એવા સવાલો ઓછા હતા. પેપરના સવાલોમાં પ્રેક્ટિકલ નૉલેજ પર વધારે ભાર મૂકવામાં આવ્યો હતો. બેઠા સવાલોની જગ્યાએ પાઠ્યપુસ્તકમાંથી જ બે થિયરીઝને એકબીજા સાથે લિંક કરીને અથવા તો તોડી મરોડીને લોજિકલ સવાલો પૂછવામાં આવ્યા હતા. ધો.૧૦ ગણિતમાં પણ એવું જ હતું. જૂની પરંપરા તોડીને જરા હટકે સવાલો પૂછવામાં આવતા બીબાઢાળ તૈયારી કરતા વિદ્યાર્થીઓ ગૂંચવાયા હતા.

આખું પાઠ્યપુસ્તક મેમરાઈઝ કરાવીને અક્ષરશઃ ગોખણપટ્ટી કરાવનારી શાળાઓ અને ટ્યૂશન ક્લાસીસ માટે હું આ બંને પરિણામોને રેડ એલર્ટ સમાન ગણાવું છું. વિદ્યાર્થીઓ માટે સર્વાંગી શિક્ષણ આપવાનો સમય હવે પાકી ગયો છે. પરિણામોમાં આટલો ઘટાડો એ વાતનો સૂચક છે કે વલભી જેવા મહાવિદ્યાલયોથી દુનિયાને શિક્ષણના પાઠ ભણાવનાર ગુજરાતના શિક્ષકનું સ્તર ક્યાંક ને ક્યાંક કથળ્યું છે.

વધુમાં આપણે ત્યાં પાછલા થોડા વર્ષોમાં ખાનગી શાળાઓનો રાફડો ફાટ્યો છે. મસમોટી ફીઝ અને અદ્યતન સુવિધાઓની સંપૂર્ણ એવી ખાનગી શાળાઓ પ્રાયોગિક અને સર્વાંગી શિક્ષણમાં ક્યાંકને ક્યાંક કાચી પડે છે. વાલીઓમાં પણ એવા ભ્રામક ખ્યાલો પ્રવર્તે છે કે જે સ્કૂલની ફી વધારે હોય ત્યાં જ શિક્ષણ સારું હોય. આ માન્યતા તદ્દન ખોટી છે. શિક્ષા અને રૂપિયા સમપ્રમાણમાં હોત તો ટામેટાની લારીવાળાની દીકરી ૯૯ પર્સેન્ટાઈલ લાવી જ ન શકી હોત !

સરકારની વાત કરીએ તો સરકાર સીસીટીવી દ્વારા દેખરેખ અને ચકાસણી પાછળ તો રૂપિયા ખર્ચે છે અને એ વ્યાજબી પણ છે. પરંતુ સરકારી શાળાઓના ઉત્થાનની દિશામાં હજી ઘણું કામ કરવાનું બાકી છે તેમ જણાઈ રહ્યું છે. પાયાના શિક્ષણમાં જ બાળકના સર્વાંગી વિકાસ માટેના પ્રયત્નોને વેગ મળશે ત્યારે જ આગળના ધોરણોમાં એ બાળક સંપૂર્ણપણે પોતાની આવડતને ખીલવી શકશે. ગુણોત્સવ એક સારું પગલું છે પણ ગુણોત્સવ સિવાયના દિવસોમાં પણ એ શાળાઓ એટલી જ એફીસિયન્સીથી કામ કરે છે કે નહિ તે અંગે પણ વિચારવિમર્શ થવા જોઈએ. સરકારની વિવિધ શાળાલક્ષી યોજનાઓ અને કેમ્પેઈન્સ કેટલી શાળાઓમાં એક્ચ્યુલી અમલી બનાવવામાં આવે છે અને કેટલી શાળાઓ વંચિત રહી જાય છે એનું પ્રોપર વિશ્લેષણ થવું જોઈએ. માત્ર મોટી વાતો કરવાથી શિક્ષણ સુધરતું નથી. પ્રયત્નો કરવા જ પડશે અને પરસેવો પાડવો જ પડશે.

સરકારી શાળાઓને જ એટલી મજબૂતી આપવી જોઈએ કે જેથી કરીને મસમોટી ફી ઉઘરાવતી ખાનગી શાળાઓ અને સરકારી શાળાઓ વચ્ચે આજનો વાલી સરકારી શાળા પસંદ કરે. વિદ્યાર્થીઓને માત્ર અને માત્ર ટકા લાવવા માટે ન ભણાવતા. દરેક એન્ગલથી કોઈ વિષય એમને સમજાવવો જોઈએ જેથી કરીને પરીક્ષામાં ગમે તેટલી ફેરબદલ કરીને સવાલો પૂછવામાં આવે તો પણ એ વિદ્યાર્થી એનો જવાબ લખવા માટે સક્ષમ હોય.

ઉપરાંત વારે ઘડીએ બદલાતી સેમેસ્ટર સિસ્ટમ અને વર્ષાન્ત પરીક્ષા પ્રણાલીમાંથી કોઈ એકને પસંદ કરી એનું યોગ્ય અમલીકરણ થવું જોઈએ જેથી કરીને વિદ્યાર્થીઓ, વાલીઓ કે શાળાઓના મનમાં કોઈ જાતની દ્વિધા ન રહે.

આપણે ત્યાં કહેવત પડી ગઈ છે કે "નોકરી કરવી તો સરકારી સ્કૂલમાં અને બાળકને ભણાવવું તો પ્રાઈવેટ સ્કૂલમાં" આ કહેવત જ ખુદ સરકારી શાળાના તંત્રને સાબદું થઈ જવા માટેના સિગ્નલ સમાન છે. સરકાર એવો પરિપત્ર પણ બહાર પાડી શકે કે સરકારી શાળામાં કે સરકારી કચેરીઓમાં નોકરી કરતા તમામ શિક્ષકો અને કર્મચારીઓને પોતાના બાળકોને પાયાના પાંચ ધોરણ સરકારી શાળામાં જ ભણાવવાના રહેશે. જેથી કરીને જવાબદારી સમજીને સરકારી શાળાનું શિક્ષણનું સ્તર સુધરી શકે. બાકી ઘણા એવા દાખલા જોયેલા છે કે મમ્મી-પપ્પા બંને સરકારી શાળામાં શિક્ષક હોય અને એમના બાળકો શહેરની ખાનગી શાળાઓમાં ભણતા હોય આ પરંપરા બદલાય તો ફાયદો સરકારને જ છે.

વાલીઓની જવાબદારી પણ એટલી જ બને છે. પોતાનું બાળક આજે શાળામાં શું શીખીને આવ્યું. આજે શાળામાં શું થયું એ વિશે પૂછવા માટે દિવસની દસથી પંદર મિનિટ જ કાઢવાની જરૂર છે. પણ આ પંદર મિનિટ તમારા બાળકને તમારી એના પ્રત્યેની ગંભીરતા પ્રત્યે સજાગ બનાવશે. જેથી એને પડતી મુશ્કેલીઓ વિશે તમે જાણી શકશો અને જરૂર પડ્યે જે તે શાળાના સ્ટાફ સાથે વાતચીત કરીને એમની ભણાવવાની ઢબમાં સુધારા કરી શકશો. બાળકની તકલીફોની કોઈ જાતની પરવાહ કર્યા વગર માત્ર પરિણામમાં ૮૦ કે ૯૦ ટકાની અપેક્ષાઓ રાખવાથી કશું વળવાનું નથી એ વાત આજના વાલીઓએ ગાંઠે બાંધી લેવા જેવી છે.

બધા વિદ્યાર્થીઓની ગ્રહણશક્તિ એકસરખી નથી હોતી એટલે પોતાના બાળકની કેપેસિટીનું મૂલ્યાંકન કરીને વાલીઓએ એટલી જ અપેક્ષા રાખવી જોઈએ કે જેટલી પોતાનું બાળક પૂરી કરી શકે. નહીં તો બીજા હોશિયાર વિદ્યાર્થીઓની હોડમાં મૂકેલું તમારું બાળક તમે જાતે જ ખોઈ નાખશો. બાળકને સારું વાતાવરણ પૂરું પાડો જેથી સ્ટ્રેસ ફ્રી રહીને એ પોતે ભણી શકે. નહીં કે તમારી અપેક્ષાઓના બોજ નીચે !

એક જવાબદાર સરકાર, એક સમજદાર વાલી અને એક જાગૃત શિક્ષણના ત્રિવેણી સંગમથી જ અસરદાર વિદ્યાર્થીઓ તૈયાર કરી શકાય છે. બાકી આશાઓના બોજ, ટકાના ટેન્શન અને વિષય સ્પર્ધાથી તો માત્ર મનથી માયકાંગલી પેઢી જ નીકળશે.

# ઉચ્ચ શિક્ષણ અને સમાજ નિર્માણની અપેક્ષાઓ

**પ્રવીણ કે. મકવાણા**

આચાર્યશ્રી, આંગણકા પ્રાથમિક શાળા, તા. મહુવા, જિ. ભાવનગર.
મો. ૯૪૨૮૬૧૯૮૦૯, ૮૧૪૦૧૯૪૧૧૯,
pravinmakwana23@gmail.com

**સારસંક્ષેપ**

શિક્ષણનું કામ છે સારા માણસો બનાવીને સમાજને આપવા અને સમાજમાં નવીન વિચારસરણી દ્વારા યોગ્ય નાગરિકોનું ઘડતર કરવું. આથી જ શિક્ષણવિદ રણછોડ શાહ કહે છે કે કોઇ પણ વ્યક્તિને પોતાના સારા કામની નોંધ ગમે છે. વધુ સારા કામને પ્રોત્સાહન મળવું જોઇએ. સમાજને કંઇક પ્રદાન કરવાનું છે. સમાજ શિક્ષણ પાસે એવી આશા રાખીને બેઠો છે કે શિક્ષણ દ્વારા જ યોગ્ય નાગરિકોનું નિર્માણ થશે. સમાજ સદાચારી અને નિર્વ્યસની વિદ્યાર્થીઓની કામના રાખે છે. સમાજ વ્યક્તિ વિકાસ માટે જ્ઞાનની કદર કરે છે. સમાજમાં સારા નાગરિકો વધારીને સમાજ માનવીય અપેક્ષાઓને પૂરી કરે તે વધુ ઇચ્છનીય છે. આજે દરેક વ્યક્તિ એવું ઇચ્છે છે કે સમાજમાં મારું માન વધે. લોકો તેને આદર આપે.વ્યક્તિના કાર્યોની એક આગવી અસર ઊભી થાય. આમાં કેટલાક લોકો સફળ થાય છે તો કેટલાક લોકો નિષ્ફળ નીવડે છે.

**પ્રસ્તાવના**

માનવી માટે, સમાજ માટે કે રાષ્ટ્ર માટે કે સમગ્ર વિશ્વ માટે ભાવિનો પાયો શિક્ષણ છે. સમય ખૂબ જ ઝડપથી બદલાઇ રહ્યો છે. ક્ષણે ક્ષણે નવમ્ નવમ્. સર્વત્ર ક્ષણે-ક્ષણે પરિવર્તનો આવી રહ્યા છે. શિક્ષણમાં આવતા પરિણામો સારા કે ખરાબ. આ પરિણામો આખરે સમાજે જ ભોગવવા પડશે. શિક્ષણ અને શિક્ષિત વ્યક્તિ પાસે સમાજ ઘણી આશાઓ રાખીને બેઠો છે. સમાજની અપેક્ષાઓ સંતોષાય એવી શિક્ષણની નીતિ-રીતિ ઘડવાની જરૂર છે.ઉચ્ચ શિક્ષણ સમાજની જરૂરિયાતો પૂરી કરીને સમાજમાં ઉત્તમ માનવીઓનું ઘડતર થાય એ જ આપણી ઉત્તમ ફલશ્રુતિ છે. આ સિવાય બધુ જ નકામુ છે.

**ઉચ્ચ શિક્ષણ અને સમાજની અપેક્ષાઓ**

**(૧) શિક્ષકત્વની ખોજ ઉચ્ચ શિક્ષણ માટે પાયાની જરૂરિયાત**

સમાજ સાચા અને સારા શિક્ષકોને ચાહે છે. શિક્ષકત્વની ખોજ શિક્ષકે શિક્ષણ આપતા આપતા કરવાની છે. શિક્ષણના અસીમિત વિરાટ સ્વરૂપનું દર્શન કરવું તે શિક્ષકની જીવનભરની યાત્રા છે. એક આરાધના છે. ભગવાન બુદ્ધ અને મહાવીર ભારત દેશની હરતી ફરતી વિદ્યાપીઠ હતી. ટાગોરની આ આરાધના શાંતિ નિકેતન જ નહિ પણ વિશ્વ સુધી ફેલાઇ છે. ભગવાન બુદ્ધની કરુણા વિશ્વની શ્રેષ્ઠ કેળવણી છે. અત્યારે વિશ્વમાં અને ખાસ કરીને ભારતીય સમાજ કરુણાના મૂલ્યો શિક્ષણ પદ્ધતિમાં ઇચ્છે છે. ઇસુની આરાધના પ્રેમ સ્વરૂપ જગતમાં વિસ્તરે છે. આ બધા કેળવણી મૂલ્યો આપણે શિક્ષક તરીકે, એક વાલી તરીકે, ભારત દેશના નાગરિક તરીકે, એક સરકારી વહીવટીતંત્રના ભાગરૂપે લાવવા જ પડશે. આ ભારતીય સમાજ શિક્ષણભૂમિને ફરી તક્ષશીલા અને નાલંદા જેવી વિદ્યાપીઠ બનાવવા માટે તીવ્ર આતુર છે.

શિક્ષણ એ જટિલ, સંકુલ, અનિશ્ચિત, અસ્પષ્ટ, અને સંઘર્ષમય છે તો બીજી તરફ તે આનંદદાયક અને રોમાંચક છે. સાથે સાથે સુખદ, વિસ્મયકારક, અદ્‌ભુત, પ્રેમાળ અને નૈતિક કાર્ય છે. શિક્ષણ દરમિયાન વિદ્યાર્થીની આંખોમાં સમજણની દીપ્તિ પથરાય તે રોમાંચક ક્ષણ એટલે શિક્ષકત્વની ખોજ. જેમ જેમ શિક્ષક વિકસતો જાય છે તેમ તેમ શિક્ષણ વધુ સ્પષ્ટ બનતું જાય છે. મનુષ્યની જેમ શિક્ષકના વિકાસની પણ વિવિધ અવસ્થાઓ હોય છે. ઝુઝોવસ્કીએ શિક્ષણના ત્રણ તબક્કાઓ દર્શાવ્યા છે.

શિક્ષક શું ? કેવી રીતે ? અને શા માટે ? એવા ત્રણ પ્રશ્નોની વિચારણા કરે છે. દરેકમાં શિક્ષકત્વ રહેલું છે. ભારતીય સમાજ એવા શિક્ષણ અને શિક્ષકત્વની ખોજ સેવે છે જે વૈશ્વિક સ્તરે ભારતને અર્જુન, એકલવ્ય, કર્ણ, કરતા પણ સવાયા વિદ્યાર્થીઓ પૂરા પાડે. આમ શિક્ષકત્વની ખોજ શું ? થી શરૂ થઇ શી રીતે ? ક્યાં સુધી વિસ્તરી અને શા માટે ? સુધી પહોંચે છે. શિક્ષકત્વની ટોચ પર બિરાજેલો શિક્ષક વિદ્યાર્થીના હૃદય સુધી પહોંચે છે. "Teaching is the Reaching." આપણો સમાજ આ શિક્ષકત્વની ખોજની વિરાટ દર્શનની યાત્રામાં તેની અર્જુન જેવી પ્રતિબદ્ધતા શિક્ષક તરફથી વૈશ્વિક માનવીય અપેક્ષાઓને અકબંધ રાખે છે. વિદ્યાર્થીના રહસ્યોને પામવા એટલે સાચા આદર્શ શિક્ષકત્વની ખોજ. આથી જ કહેવાયું છે કે "A bad teacher tells a good teacher explains and a best teacher inspires." આ સમાજ શિક્ષકના શિક્ષકત્વથી જ સમાજની અપેક્ષાઓ સંતોષી શકશે. આ વાત નિર્વિવાદિત છે.

**સંસ્કાર ઘડતરની જરૂરિયાતનું ઉચ્ચ શિક્ષણ**

સમાજ માનવીઓનો સમૂહ છે. સમાજમાં જરૂરી ધારા ધોરણો જળવાઇ રહે તે માટે અમૂલ્ય રત્નો જેવા ગ્રંથો આપણા પ્રાચીન ઋષિઓએ આપ્યા છે. આ ગ્રંથો દ્વારા જીવનને દીપાવવું જોઇએ. શિક્ષણ જ આપણા જીવનને પ્રકાશ આપી દિવ્ય બનાવે છે. આપણા સમાજમાં વ્યાવહારિક જ્ઞાન માત્ર અને માત્ર શિક્ષણ દ્વારા જ આપી શકાય છે. જગતનો વ્યવહાર, વિકાસ અને તેમના વિનિમયનું માધ્યમ શિક્ષણ જ છે. સમાજમાં યથાશક્તિ દાન, શિક્ષણ કે આરોગ્ય વિષયક સેવાઓ પણ લોકસંગ્રહના જ કાર્યો છે.

આ સમાજમાં આજનું શિક્ષણ જિંદગીભર વણવપરાયેલી માહિતીનો ભંડાર સમું છે. શિક્ષણનો હેતુ તો જીવનભર માનવીનું ઘડતર થાય તેવા વિચારો આરોપિત થાય તેવી ખેવના સમાજ રાખે છે. સમાજ માત્ર અને માત્ર માહિતીનું માધ્યમ બનતા અટકાવાવાની અભિલાષા છે. સમાજોપયોગી માહિતી જ્ઞાન બને તેવું જીવન ઘડતર સમાજમાં થાય તે ખૂબ જ જરૂરી છે. શિક્ષણ દ્વારા માહિતીનું યોગ્ય દર્શન થાય તે જરૂરી છે. સમાજમાં આપણે ધાર્મિક અને વ્યવહારુ શિક્ષણ પદ્ધતિનો સમન્વય થાય તે ખૂબ જ જરૂરી છે. આધુનિક શિક્ષણની કથળેલી પરિસ્થિતિ માટે અનેક પરિબળો પૈકી શિક્ષણ પર સરકારનો અંકુશ. ખાનગી શાળાઓ તગડી ફી લઇને લોકોને લૂંટે છે ત્યારે આ સમાજના લોકો પોતાના બાળકને જીવનલક્ષી શિક્ષણ મળે તે ખેવના રાખે છે. સમાજને સંસ્કૃતિથી અળગો રાખ્યા વિના શિક્ષિત બનાવી દીક્ષા મળે તેવી ઇચ્છા લોકો રાખે છે.

અભિજ્ઞાનશાકુન્તલમ્ નાટકમાં રાજા દુષ્યંત કણ્વ ઋષિના આશ્રમમાં પ્રવેશતાં પહેલાં તેમની અનુમતી લે છે. આમ દરેક રાજયસત્તા પર ગુરુઓનો પ્રભાવ જણાઇ આવે છે. જ્યારે આજે શૈક્ષણિક સંકુલો કે આશ્રમોમાં સરકારી નિયમો કે આચાર સંહિતાના નામે વિદ્યાદાતાને પાંગળા બનાવી દીધા છે. આથી કહેવાયું છે કે "સા વિદ્યા યા વિમુક્તયે." સમાજ ઇચ્છે કે જ્યાં શિક્ષણ જ નિયમોની બેડીઓથી બંધાયેલ હોય ત્યાં જીવનમુક્તિની આશા ઠગારી નીવડે છે. **આમ આજે સમાજ દરેક વ્યક્તિ વિદ્યા મળ્યા બાદ મુક્તિની કામના કરે છે.** પારદર્શક શિક્ષણની ઇચ્છા સમાજના છેવાડાનો માનવી રાખે છે. ખરેખર તો શિક્ષણ, ધર્મ અને સરકાર આ ત્રણેય ધારાઓ સ્વતંત્ર રીતે કામ કરે તે રીતે પારદર્શક હોવા જોઇએ.

**કૃતજ્ઞતાભાવની સમજનું શિક્ષણ**

આજે સમાજમાં ગુરુ અને શિષ્યનો આદરભાવ ઘટતો જાય છે. આ કૃતજ્ઞતાનો આદરભાવ ફરી સમાજમાં જાગૃત થાય એવું સમાજ ઇચ્છે છે. આ ભાવને કારણે જ સમાજ ફરીથી વધુ બળવત્તર બની ઉર્જાવાન બનશે. આ ભાવ પ્રકટ થાય તો સમાજ સંસ્કારશીલ બનશે. જેમકે...

- "સાચા બોલા હંસો" ગદ્ય ભણાવી દો તો એ માત્ર

શિક્ષણનો એક ઉપરછલ્લો ભાવ બની રહે છે પણ વર્ગના બાળકો સાચું બોલવાની પ્રતિજ્ઞા લે આ જ ખરી કેળવણી છે. આપણો સમાજ બસ આવી જ કેળવણી ઇચ્છે છે.

- "જનની" કાવ્ય તમે એક શિક્ષક તરીકે ભણાવો છો ત્યારે તે શિક્ષણનો એક ભાગ કે પ્રક્રિયા છે. આ કાવ્ય શિખ્યા બાદ બાળક પોતાની માતાને જીવનમાં શ્રેષ્ઠ સ્થાન આપે તે કેળવણી છે. આ સમાજ આવા શિક્ષણને વર્ગમાંથી સમાજ સુધી લઇ જવા ઇચ્છે છે. વિદ્યાર્થીનો માતા પ્રત્યેનો કૃતજ્ઞતાનો ભાવ પ્રકટ થાય તે જરૂરી છે.
- એક શિક્ષક જયારે 'વૃક્ષ' વિશે વર્ગમાં બાળકોને ભણાવે કે સમજાવે છે ત્યારે વૃક્ષ આપણને શું શુ આપે છે ? તે બધી વાત વિગતે સમજાવે છે ત્યારે બાળક કે વિદ્યાર્થી વૃક્ષ વિશેના મનોભાવને કૃતજ્ઞતાની દ્રષ્ટિએ જુએ છે. વૃક્ષને ઉછેરીને મોટું કરે તે તેનો કૃતજ્ઞતાનો ભાવ છે.
- શિક્ષક વર્ગમાં 'પાણી' વિશે સમજાવે છે ત્યારે પાણી જ મારા જીવનનો આધાર છે તે સમજે તે જરૂરી છે. માત્ર અને માત્ર $H_2O$ સૂત્ર આવડી જાય તે જ અભિપ્રેત નથી. પાણી પ્રત્યે જીવન આધારનો ભાવ પ્રકટ થાય તે જ ખરૂ શિક્ષણ છે.
- શિક્ષક જયારે માટીના પ્રકારો વિશે શીખવે છે ત્યારે માટી જ મારા જીવનનો પર્યાય છે આ વાત શિક્ષક બાળકના જીવનમાં કૃતજ્ઞતાથી ઉતારે તે જ શિક્ષણ સમાજ ઇચ્છે છે. માટી પ્રત્યેનો સંવેદનાભાવ પ્રકટ થાય તે શિક્ષણ સમાજ ઇચ્છે છે.
- આપણી સંસ્કૃતિમાં સૂર્ય નમસ્કાર શીખવા એ જ જરૂરી નથી. માત્ર એક વ્યાયામ તરીકે આ ક્રિયા નથી. સૂર્ય નમસ્કાર માત્ર શરીર સુદ્રઢ કરવાનું સાધન નથી, પણ સમગ્ર માનવ જાતિનો પ્રાણ સૂર્ય છે. આ વાત કૃતજ્ઞતા શીખવે છે.

આમ આ સમાજને ભવિષ્યમાં ઉપયોગી થાય અને દેશ પ્રત્યે વફાદાર નાગરિકોનું નિર્માણ થાય તે સમાજ ઇચ્છા સેવે છે.

**શિક્ષણ : વ્યક્તિનિર્માણથી રાષ્ટ્રનિર્માણ સુધીની યાત્રા એ જ સમાજની અપેક્ષા.**

જો શિક્ષણનું ચિંતન વ્યવહારિક બને તો જ શિક્ષણ સાર્થક બની શકે છે. શિક્ષણ એ તો સતત ચાલતી પ્રક્રિયા છે. મર્યાદિત સમયગાળામાં પૂરી કરવાની કોઇ યોજના નથી. અભ્યાસક્રમ પૂરો કરવો એ શિક્ષણ નથી. માત્ર અક્ષરજ્ઞાન આપવું કે માહિતી આપવી તે શિક્ષણ કે ખરી કેળવણી નથી. ડૉક્ટર, ઇજનેર, કે અધિકારી બનાવી દે એ પૂરતું નથી. શિક્ષણની સાર્થકતા માનવને મહામાનવ બનાવવામાં રહેલી છે. માત્ર રોટલો રળવો એ શિક્ષણનો એક ભાગ છે, પણ રોટલાના દરેક કોળિયાને વધારે મીઠો કેમ બનાવવો ? આ જ ખરી કેળવણી છે. શિક્ષણ રોજીરોટી આપે તે સ્વભાવિક છે, પણ જરૂરિયાતમંદને રોજીરોટી અપાવતા શીખવે એ જ વધારે જરૂરી છે. આ જ શિક્ષણ છે. માત્ર વ્યક્તિ નહિ પણ આખા રાષ્ટ્રનું નિર્માણ થાય તે શિક્ષણ સમાજ ઇચ્છે છે.

શિક્ષિત એટલે બંધનોની ક્ષિતિજથી પર જવું તે. કેળવણી સદગુણોને ખીલવીને દુર્ગુણોને દૂર કરી સાચા માનવ બનાવે છે. કેળવણી દુઃખને દૂર કરે છે. જે માનવી કેળવણી પામે તેની જાગૃતિ પરાકાષ્ઠાએ પહોંચે નહિ તો તે કેળવણી અધૂરી કહેવાય છે. કેળવણી બે પ્રકારે હોય છે. એક આંતરિક કેળવણી અને બીજી બાહ્ય કેળવણી. માનવીમાં રહેલા આંતરિક ગુણો ખીલે તે ખૂબ જ જરૂરી છે. આ બધું આંતરિક કેળવણી દ્વારા જ શક્ય છે. આત્માનો વિકાસ થાય તે માટે આંતરિક કેળવણી ખૂબ જ જરૂરી છે. બાહ્ય કેળવણી માનવીને જગતનું બાહ્ય જ્ઞાન આપે છે. માનવી પોતાની રોજીરોટી કમાઇને પોતાના જીવતરને બીજા માટે સમાજ માટે ઉપયોગી થાય તો જ સમગ્ર સમાજનો વિકાસ થાય છે.

**ઉચ્ચ શિક્ષણ : જીવન જીવવાની કલા અને રાષ્ટ્ર ઘડતર એ જ સમાજની અપેક્ષા**

શિક્ષણ જીવન જીવવાની કલા શીખવે છે તે જ ખરી કેળવણી છે. આ જ શિક્ષણના ધ્યેય છે. શિક્ષણ સતત પરિવર્તનશીલ છે.

- આપણે ત્રિકોણના બે ખૂણાના માપ પરથી ત્રીજા ખૂણાના માપને શોધી શકીએ છીએ પણ આપણા વડીલ માતા કે પિતાને ઘરની બહાર કાઢતાં સહેજ પણ અચકાતા નથી આ મોટી કરુણતા છે. આમ આપણે આપણા પરિવારમાં હળી-મળી કેમ રહેવું અને સારી રીતે જીવન કેમ જીવવું ? આ જ ખરી કલાનું શિક્ષણ શીખવે છે. આ કલા એટલે જ શિક્ષણ.
- આપણે ગણિતના ભલભલા સમીકરણ ઉકેલવામાં નંબર મેળવતાં હોય, પણ આપણા પરિવાર કે આસપાસ પડોસમાં રહેલી સમસ્યાને કે મડાગાંઠને ઉકેલી શકતા નથી. આ ઉકેલવાની શક્તિ કે સામર્થ્ય કેળવાય તે જ ખરી કેળવણી છે.
- આપણે મંગળ ગ્રહ સુધી પહોંચી શક્યા છીએ, મંગળ ગ્રહ સુધી કે અન્ય ગ્રહો પર શું શું છે ? આ વાતની સાબિતી કરી શક્યા છીએ પણ એક બીજાના હૃદય સુધી પહોંચવામાં ધીરજ કે ચેતના ગુમાવી બેઠા છીએ.

આમ શિક્ષણ ઉપર રાષ્ટ્રના વિકાસનો આધાર રહેલો છે. રાષ્ટ્રને પરમ વૈભવની ઊંચાઇએ લઇ જવા માટે મજબૂત પાયારૂપે આધારભૂત આદર્શ કેળવણીની જરૂર પડશે. આવી કેળવણીથી જ જીવન નિર્માણ થાય છે. જ્યારે આવી કેળવણીથી નૈતિક શિક્ષણ અને મૂલ્ય શિક્ષણને વધુ ગ્રાહ્ય અને વ્યવહારિક રાખવાની જરૂરિયાત છે. વર્ષો પહેલાના ચારિત્ર્ય ઘડતરના શિક્ષણને વધુ મહત્ત્વ આપવાની જરૂર છે. આજે ચારિત્ર્ય ઘડતર દ્વારા રાષ્ટ્ર ઘડતર તરફ ગતિ કરવાની આપણી નેમ અને ખેવના હોવી જોઇએ.

આમ આજે એકવીસમી સદીમાં આપણી દુનિયા સામે અનેક પડકારો મોં વકાસીને ઊભા છે ત્યારે ઉચ્ચ શિક્ષણને ચેતનવંતુ બનાવવાની જરૂર છે. આમ ઉચ્ચ શિક્ષણ જીવનલક્ષી, સમાજલક્ષી, રાષ્ટ્રલક્ષી અને વિશ્વલક્ષી બની રહે એમાં જ તેની ખરી સાર્થકતા છે. ઉચ્ચ શિક્ષણ સમાજને ઉપયોગી થાય તેવા જ પરિરૂપની જરૂર છે.

## મન મારું

**'અમી' – અમિષાબહેન ભાવસાર**

સરસ્વતી કુમારશાળા નં.૧, સરસપુર, અમદાવાદ.

**હે વિભુ તને જોઈ હૃદય પુલકિત થાય છે મન મારું,**
**ઉગતી ઉષાએ સૂરજના સોનેરી કિરણો,**
**મોહી લે છે મન મારું.**
**નાનકડા નીડમાંથી નિસરતા**
**વિહંગના શિશુનો પ્રેમ જોઈ,**
**ભાવવિભોર થાય છે મન મારું.**
**ખીલતી પુષ્પની કળીથી મહેકતી સુવાસ પામીને,**
**આનંદિત થાય છે મન મારું.**
**કલકલ વહેતાં ઝરણાના સૂર સાંભળી,**
**હર્ષોલ્લાસથી નાચે છે મન મારું.**
**ઉડતા રંગબેરંગી પતંગિયાની પાંખ જોઈ,**
**આકર્ષાય છે મન મારું.**
**વિશાળ મહેરામણને જોઈ તેની ગહનતામાં.**
**સમાઈ જાય છે મન મારું.**
**આથમતી સંધ્યાની લાલીમા વચ્ચે,**
**લાલાશથી રંગાઈ જાય છે મન મારું.**
**પૂર્ણિમાની દૂગ્ધ જેવી શ્વેત નિશામાં**
**ચાંદની સાથે ઝૂમી ઉઠે છે મન મારું.**
**હે વિભુ તારા બનાવેલા આ વિશ્વમાં**
**માતાના પ્રેમસાગરમાં ડૂબી જાય છે મન મારું.**

# શિક્ષણની ભૂમિકામાં સ્ત્રી

**ડૉ. પલ્લવી કે. શાહ**

**આચાર્ય, મા આશાપુરા કૉલેજ ઑફ ઍજ્યુકેશન, ભૂજ-કચ્છ.**
**મો. ૯૪૨૯૫૪૭૯૬૫**

અડકો દડકો રમતા રમતા જીવનનું પરોઢ, ઊગતા સૂર્ય રશ્મિના તેજે એક વિશેષ વિકાસની દિશામાં પગ માંડે છે. એ દિશા છે, શિક્ષણની. નાની બાળા હવે વિદ્યાર્થિની બને છે. મા નો ખોળો મૂકી, શાળા તરફ પગ માંડે છે. આ એના જીવનનો સુંદરતમ ગાળો છે. જીવનના, જીવન માટેના અનુભવોની અહીંથી શરૂઆત થાય છે. અહીં જિજ્ઞાસા છે, નિર્દોષતા છે, જ્ઞાન પ્રાપ્તિ માટેની ઇચ્છા છે, સહજપણે થતું ઘડતર છે, માતા પિતાની છાયા છે, શિક્ષકોની હૂંફ છે. શાળાના ખુલ્લા દ્વાર એને ઉજ્જવલ વિકાસ માટે આવકારે છે. શાળા એની તિર્થભૂમિ છે. ઉછળતા કૂદતા ઝરણા જેવી એ બાળાએ વિદ્યર્થિનીના પરિવેશમાં પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક તથા વિદ્યાલયોનાં એક એક સોપાન સર કરવાનાં છે. એનું ગંતવ્ય ઝરણામાંથી નદી બનવા તરફનું છે.

શાળાના ક્ષેત્ર સુધી એનું પાયાનું ઘડતર થાય છે. લેખન વાચન અને ગણનના કૌશલ્યોનો વિકાસ થાય છે, ગ્રહણ શકિતની ક્ષમતા ખીલે છે, અને સાથે સાથે સર્જનશકિત પણ ચૂપચાપ આકાર લે છે. મનમાં અનેક તરંગો ઉછળે છે. કલ્પના ચાવલા, સુનિતા વિલિયમ્સ, સાનિયા મિર્ઝા, સોનિયા નેહવાલ વગેરે જેવી સફળ વ્યકિતઓ તેના આદર્શ બને છે. ભાવિ ડૉકટર, વકીલ, શિક્ષક, પાયલોટ વગેરેના રૂપમાં પોતાને જુએ છે, વિચારે છે. સામાન્ય રીતે આ પરિસ્થિતિ પ્રવર્તતી હોય છે. આ ગાળામાં વિદ્યાર્થિનીઓએ પોતાની ભૂમિકા યોગ્ય રીતે ભજવવાની હોય છે.

શાળાનો સમયગાળો એટલે કે છાત્રકાળ એ એવો સમય છે, જ્યાં એના ઘડતરની, વિકાસની શરૂઆત થાય છે. અહીંથી શરૂ થાય છે, એનું શારીરિક ઘડતર, એનું માનસિક ઘડતર, ચરિત્રનું ઘડતર. જીવન પાથેયના અનેક અનુભવોથી એનો વિકાસ શરૂ થાય છે. તે પોતાના જીવનનું લક્ષ્ય નક્કી કરે છે.

ઘડતરની અને વિકાસની આ પ્રક્રિયા દરેક વ્યકિતએ ભિન્ન હોય છે. એની પાછળ ઘણાં બધાં કારણો રહેલાં છે. જેમાંનું મુખ્ય કારણ છે, વ્યકિતગત ભિન્નતા. વિદ્યાર્થીકાળ દરમિયાન જેવું ને જેટલું તે ગ્રહણ કરશે તે મુજબ તે પાંગરશે અને આગળ જતાં તે અને તેનાથી વિશિષ્ટ સ્વરૂપનું તે સમાજને પ્રદાન કરશે. શિક્ષણને આચાર તરીકે જીવનમાં ઉતારનારી તે વિદ્યાર્થિની ભવિષ્યમાં કયારેય કોઇ પણ છોકરીના અભ્યાસને નકારશે નહીં,બલ્કે તેને તેમાં બનતી મદદ કરશે. સર્વાંગીણ વિકાસની શિક્ષણની સંકલ્પનાને ચરિતાર્થ કરી, ભાવિ પેઢીની ગુણવત્તા ઊંચી હોવાને કારણે એ ગુણવત્તાને કાયમ રાખવાનો પ્રયત્ન કરશે. આજની વિદ્યાર્થિનીએ આવતીકાલે અનેક ભૂમિકા ભજવવાની છે, પુત્રી, પત્ની, માતા, ભાભી વગેરે... વગેરે. જેટલું એણે છાત્રકાળ દરમિયાન પ્રાપ્ત કર્યું હશે તેનાથી અનેક ગણું તે દરેક ભૂમિકા દ્વારા આપશે. સરવાળે એક સ્વરૂપે, એટલે કે વિદ્યાર્થિની સ્વરૂપે અર્જિત કરેલું શિક્ષણ તે તેની અનેક ભૂમિકા દ્વારા પાછું આપે છે અને આમ ચક્રવૃદ્ધિ વ્યાજે ચક્ર ચાલતું જ રહે છે.

આવા સમયે એણે ખાસ ખ્યાલ રાખવાનો છે, કે શિક્ષણ દ્વારા તેણે પ્રથમ પોતાનું અને ત્યારબાદ સમાજનું ઘડતર કરવાનું છે. આ આદર્શ પરિસ્થિતિ છે, પણ કયારેક આમાં દિશા ફંટાઇ જાય છે. કયારેક વધુ પડતી મહત્વાકાંક્ષા કે ગુરુતાગ્રંથિ વિકાસની ગાડીને ખોટી દિશામાં લઇ જાય છે ત્યારે તે યા તો

ખોટી સોબતે ચડે છે અથવા ખોટું કરવા પ્રેરાય છે, સરવાળેઃ ''બોજ બની જીવન કી ગાડી, બૈલ બના ઈન્સાન'' જેવી પરિસ્થિતિ સર્જાય છે. પણ ના, વિદ્યાર્થીકાળ એતો સુવર્ણકાળ છે, એને પિત્તળ નથી બનાવવાનો. વિદ્યાર્થીકાળ પૂરો થાય એટલે હવે તો એને એના લક્ષ્ય તરફ આગળ વધવાનું છે, એમ ભટકી ગયે નહીં ચાલે !

છાત્રકાળને પાછળ મૂકી, યા તો તે કારકિર્દી તરફ પગરણ માંડે છે અથવા તો સંસાર જીવન માંડે છે. કારકિર્દી માટે હવે તો તેના માટે બધા ક્ષેત્રો ખુલ્લા છે. એક સમય એવો હતો જ્યારે ખૂબ મર્યાદિત દિશાઓમાં તે જઇ શકતી. પણ તેમ છતાં તે જ્યારે શિક્ષિકાની ભૂમિકામાં આવે છે ત્યારે તેના ચહેરાનો ઉજાસ કંઇક ઑર જ હોય છે, કારણ કે આ ભૂમિકા તેની મૂળભૂત પ્રકૃતિને અનુકૂળ ભૂમિકા છે.

વિદ્યાર્થી જીવન સમયે પોતે જે આદર્શો સેવ્યા છે, જે સ્વપ્નો જોયા છે, જે મૂલ્યો ગ્રહણ કર્યા છે, જે જ્ઞાન ઉપાર્જન કર્યું છે, તે વાવવાનો મોકો તેને મળે છે. પોતાની પાસે રહેલા સંસ્કારોનું સિંચન કરે છે. અને નસીબ પણ કેવું ઉત્તમ કે આ તક તેને અનેક વર્ષો સુધી પ્રાપ્ત થાય છે. એક મા પોતાના દૂધથી પોતાના બાળકનું ઘડતર કરે છે, જ્યારે એક શિક્ષિકા પારકા બાળકોને પોતાના બનાવી, પોતાના સ્નેહ અને પ્રેમથી તેમનું ઘડતર કરે છે. માના ખોળામાં બાળકનું વિશ્વ સમાવિષ્ટ છે, એ ખોળો મૂકી એ જ્યારે શાળાએ જાય છે ત્યારે દુનિયામાં પોતાના પરિવાર સિવાયની અન્ય કોઇ વ્યકિત પર પ્રથમ વિશ્વાસ મૂકે છે, તો તે છે તેની શિક્ષિકા. ઘર સિવાયના સમય દરમિયાન એ તેને પોતાની માતા જેવી લાગે છે. સમય જતાં આગળ વધતા તરુણાવસ્થામાં તેને બહેન સ્વરૂપે મિત્ર મળે છે, જેની હૂંફમાં તે પોતાની બધી મૂંઝવણના ઉપાયો શોધી શકે છે, તેનામાં રહેલી અનેક કુશળતાને બહાર લાવી શકે છે અને એ જ શિક્ષિકાબહેન એના જીવનનો આદર્શ બને છે. તેમની મદદથી, સાયુજ્યથી અને જીવન પ્રત્યેની દીર્ઘ દૃષ્ટિ વડે તે પોતાનું લક્ષ્ય નકકી કરે છે. ભલે શાળા છૂટે પણ આવા શિક્ષકોની યાદ, એમનો ઉપકાર જીવનમાં ક્યાંય છૂટતો નથી. તેમનું ઋજુ હૃદય અને પ્રેમાળ વાણી વિદ્યાર્થીઓના હૃદયમાં મૃત્યુ પર્યંતનું સ્થાન બનાવી લે છે.

બાળક જ્યારથી ગર્ભમાં અવતરે, ત્યારથી જ મા તો એની શિક્ષક છે જ.એનું જતન અને સંરક્ષણ ઉપરાંત તેનામાં સારા સંસ્કારો પડે, મૂલ્યો સંવર્ધિત થાય તેના માટેના પ્રયત્નો તે ગર્ભાવસ્થાથી જ કરી દે છે. ડગલેને પગલે શીખ આપતી મા તેના સંતાનની આજીવન શિક્ષિકા છે. તે પોતાના સંતાનને માત્ર અક્ષરજ્ઞાન જ નહીં, જીવન શિક્ષણના પાઠો શીખવે છે. તેની આર્થિક પરિસ્થિતિ ગમે તેવી હોય - અમીર કે ગરીબ, કૌટુંબિક પાર્શ્વભૂ ગમે તેવી હોય સાક્ષર કે નિરક્ષર,પણ પોતાનું સંતાન ખૂબ ભણે, આગળ વધે તે માટેના પોતાના પ્રયત્નોમાં કોઇ ખામી રાખતી નથી, પોતાની કક્ષાના શ્રેષ્ઠ પ્રયત્નો તે કરી છૂટે છે.

સ્ત્રીની અનેક ભૂમિકાને માત્ર એક શબ્દમાં વર્ણવતા કવિ કહે છેઃ

*નારી કેવલ તુમ શ્રદ્ધા હો*<br>
*વિશ્વાસ રજત નગ પગ તલ મેં,*<br>
*પિયૂષ શ્રોત સી બહા કરો,*<br>
*પૃથ્વી કે સુન્દર સમતલ મેં.*

સ્ત્રી માટે શ્રદ્ધા ઉપરાંત ઉત્તમ કોઇ શબ્દ હોઇ શકે નહીં. સાક્ષાત્ મા સરસ્વતી પણ સ્ત્રી સ્વરૂપા છે કે જયાંથી જ્ઞાનનો ઉદ્દ્ગમ થયો છે. એના વિશે જેટલું લખીએ એટલું ઓછું અને તેને શિક્ષણનો પર્યાય કહીએ તો પણ કયાં ખોટું ???

# નાગરિક એટલે શું ?

**પ્રવીણ જે. પટેલ**

ભારત એક દેશ તરીકે આઝાદ થયો ૧૯૪૭માં, પણ ૨૬મી જાન્યુઆરી, ૧૯૫૦ના રોજ જ્યારે આપણે જ ઘડેલું રાજય બંધારણ આપણે અપનાવ્યું ત્યારે ભારતના હજારો વર્ષના ઈતિહાસમાં પહેલી વાર આપણે પ્રજાસત્તાક રાજયના નાગરિકો બન્યા. પરંતુ આપણા દેશમાં ધર્મ, જ્ઞાતિ કે ભાષાને લઈને વારંવાર થતા વાદવિવાદો કે દંગા-ફસાદોને લીધે ક્યારેક લાગે છે કે આપણે ભારતના નાગરિક તરીકેની સમાન ઓળખ (identity) ઉભી કરવાને બદલે આપણને વિભાજિત કરતી વિશેષ (particularistic) અને આગવી પહેચાન (identity) ને વધુ મહત્ત્વ આપી રહ્યા છીએ. પરંતુ, તેમાંથી ઊભો થતો સામાજિક તનાવ ભયજનક સપાટીએ પહોંચીને આપણી રાષ્ટ્રીય એકતા અને અખંડતા તથા લોકશાહી માટે ખતરારૂપ બને તે પહેલાં તેના એક ઉકેલ તરીકે ભારતના નાગરિક તરીકેની આપણી ભૂમિકા ઉપર વધુ ધ્યાન આપવાની જરૂર છે. વળી, જ્યારે ભારતના મોટા ભાગના મતદારો યુવાન છે ત્યારે તેમનામાં નાગરિકની વિભાવનાની સમજ કેળવાય તેનું મહત્ત્વ ઘણું વધી જાય છે.

**નાગરિક એટલે શું ?**

જેમની ઉપર શાસન કરવામાં આવે છે તેવા શાસિતો ત્રણ પ્રકારના હોય છે : ગુલામ (slave), રૈયત (subjects), અને નાગરિક (citizens).

સાંપ્રત વિશ્વમાં ગુલામીની પ્રથા ગેરકાનૂની ગણવામાં આવે છે. પરંતુ, વિશ્વના ઘણા દેશોમાં પ્રાચીન સમયથી લઈને છેક ઓગણીસમી સદી સુધી તે કાનૂની ગણાતી હતી. અમેરિકા જેવા લોકશાહી દેશમાં પણ આફ્રિકન મૂળના ગુલામો ત્યાં જ જન્મ્યા હોવા છતાં પણ ઘણા લાંબા સમય સુધી ત્યાંના નાગરિક ગણાતા નહીં. અર્થાત્ તેમને અમેરિકન રાજકીય સમુદાયના (political community) સભ્ય ગણવામાં આવતા નહીં. સ્વાભાવિક રીતે જ, કોઈ પણ પ્રકારના મતાધિકાર કે સ્વતંત્રતા વિનાના ગુલામો રાજ-કાજમાં ભાગ લેવાની તો કલ્પના પણ કરી શકતા નહીં.

**રૈયત (subjects)**

રાજાશાહીમાં રાજ કે રાણીના તાબા હેઠળની પ્રજાને રૈયત તરીકે ઓળખવામાં આવતી. જે રાજા પ્રજાના કલ્યાણમાં, માનતા તે પોતાની રૈયતને પોતાનાં કુટુંબીજનો કે બાળકોની માફક ગણતા અને રૈયતના હિતમાં પગલાં પણ લેતા. જોકે, રૈયતને તેનું હિત શેમાં રહેલું છે અથવા તેની સાથે કેવો વ્યવહાર થવો જોઈએ તે અંગે અભિપ્રાય વ્યક્ત કરવાની છૂટ ન હતી. પરંતુ, ગુલામોની સાથે જેવો અમાનવીય વ્યવહાર થતો તેવો વ્યવહાર આવા કલ્યાણ-રાજયમાં પ્રજા સાથે થતો નહીં. આમ, રૈયત ગુલામ નહોતી પણ નાગરિક પણ નહોતી. પરંતુ, કેટલાક જુલમી રાજા રૈયતને પોતાની મિલકત સમજતા અને પોતાના હિત માટે તેમનો ફાવે તેમ ઉપયોગ કરતા ત્યારે રૈયતની હાલત ગુલામ જેવી થઈ જતી.

**નાગરિક (citizens)**

બંધારણીય લોકશાહીમાં પ્રજાને રૈયત નહીં પણ નાગરિક ગણવામાં આવે છે. અને તેઓ ગુલામો અને રૈયત કરતાં પ્રમાણમાં ઘણી સ્વતંત્રતા ભોગવતા હોય છે. નાગરિક તરીકે સૌને સમાન ગણવામાં આવે છે અને રાજયના કાયદા સઘળા નાગરિકોને સમાન રીતે લાગુ પાડવામાં આવે છે. નાગરિકને રાજયના સભ્ય તરીકે શાસનમાં પોતાનો અભિપ્રાય વ્યક્ત કરવાની સ્વતંત્રતા હોય છે અને રાજય તરફથી દરેક પ્રકારની રક્ષા મેળવવાનો અધિકાર હોય છે. નાગરિક શાસક તરીકે ચૂંટાઈ શકતો હોવાથી તે શાસનમાં સીધી કે

આડકતરી રીતે ભાગ પણ લઈ શકે છે. આમ, નાગરિક શાસક પણ હોય છે અને શાસિત પણ હોય છે. તેથી શાસક અને શાસિતનો દરજ્જો એક સમાન હોય છે.

પરંતુ, રાજ્યના હિતમાં જ નાગરિકોનું હિત સમાયેલું હોવાથી તેઓએ પોતાની જવાબદારીઓ પણ અદા કરવાની હોય છે. આવાં હક અને ફરજ બિન-નાગરિકો અને પરદેશીઓને હોતાં નથી. ટૂંકમાં, નાગરિક જેમ અમુક હકો ભોગવે છે તેમ તેણે કેટલીક જવાબદારીઓ પણ અદા કરવાની હોય છે. જોકે, બિનલોકશાહી રાજ્યમાં રહેતા લોકો પણ તે રાજ્યનો પાસપોર્ટ ધરાવતા હોવાથી તેઓ નાગરિક તરીકેનો કાનૂની કે ઔપચારિક (formal) દરજ્જો ધરાવતા હોય છે. પણ, તેઓ બંધારણીય લોકશાહીમાં વસતા નાગરિકોની માફક પોતાના રાજ્યની રાજકીય પ્રક્રિયામાં ભાગ લઈને તેમાં પરિવર્તન લાવી શકતા નથી. તેથી તેમની નાગરિકતા માત્ર નામની જ હોય છે.

## ભારતીય ચિંતનમાં નાગરિકતાની વિભાવના

શાસન અંગેનું જે ચિંતન પ્રાચીન ભારતમાં માનવ ધર્મશાસ્ત્ર (મનુસ્મૃતિ), મહાભારત, અને કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં થયું હતું તેમાં મુખ્યત્વે રાજા અને રૈયત વચ્ચેના સંબંધોને માતા-પિતા અને બાળકો જેવા ગણીને રાજાની રૈયત પ્રત્યેની ફરજો ઉપર વધુ ભાર મુકાયો હતો. પ્રજાહિતને જ રાજધર્મ ગણવામાં આવ્યો હતો. પરંતુ રૈયતના માનવીય હકો અંગે કે શાસનમાં તેની ભાગીદારી અંગે ખાસ ચિંતન થયેલું જોવા મળતું નથી. લોકો પાસેથી રાજ્યને બદલે રાજા પ્રત્યે વફાદારીની અપેક્ષા રખાતી હતી. અને રાજા બદલાય તો પ્રજાની વફાદારી પણ બદલાતી. તેથી જ કદાચ ભારતના લોકોમાં રાજાઓ કે શાસકો પ્રત્યે જેટલી વફાદારી જોવા મળતી હતી તેટલી વફાદારી રાજ્ય પ્રત્યે જોવા મળતી નહોતી.

ભારતમાં જ્યારે ઈ.સ. ૧૯૫૦ પછી બંધારણીય લોકશાહી અસ્તિત્વમાં આવી ત્યારે સાચા અર્થમાં ભારતની પ્રજા રૈયત મટી નાગરિક બની. અને ભારતના નાગરિકોને સમાનતા, સ્વતંત્રતા, શોષણમુક્તિ, ધાર્મિક સ્વતંત્રતા જેવા કેટલાક મૂળભૂત હકો મળ્યા. આ હકોનો ભંગ થાય તો તેની સામે કાનૂની રક્ષણ મેળવવાના હકને પણ આ મૂળભૂત અધિકારોમાં સામેલ કરવામાં આવ્યો છે.

પરંતુ, હકો અને જવાબદારીઓ એક સિક્કાની બે બાજુ છે. જવાબદારી વિનાના હક માણસને સ્વચ્છંદ બનાવી દે છે. અને હક વિનાની જવાબદારી તેને ગુલામ જેવો બનાવી દે છે. જોકે, ઈ.સ. ૧૯૫૦માં આપણે સ્વીકારેલા સંવિધાનમાં ભારતના નાગરિકોના મૂળભૂત હકો સ્પષ્ટ રીતે દર્શાવેલા હતા પણ નાગરિકોની જવાબદારીઓનો ઉલ્લેખ નહોતો. તેથી ઈ.સ. ૧૯૭૬માં બેંતાળીસમા બંધારણીય સુધારા દ્વારા નાગરિકોએ ભારતના બંધારણનું પાલન કરવું જોઈએ; રાષ્ટ્રધ્વજનું અને રાષ્ટ્રગીતનું સન્માન કરવું જોઈએ; રાષ્ટ્રની સત્તાસાર્વભૈમતા એકતા અને અખંડતાનું રક્ષણ કરવું જોઈએ; આપસમાં ભાઈચારાની ભાવના જાળવવી જોઈએ; વૈજ્ઞાનિક અભિગમ, જિજ્ઞાસા અને માનવતાવાદ કેળવવાં જોઈએ જેવી નાગરિકોની કેટલીક ફરજોને પણ ઉમેરવામાં આવી હતી (Article 51 A) જોકે, બંધારણના આ સુધારા દ્વારા નાગરિકોની જે જવાબદારીઓ ઉમેરવામાં આવી તે એક સ્વસ્થ, સમરસ અને જવાબદાર સમાજની રચના કરવા માટે હોવા છતાં તેમને જેટલી ગંભીરતાથી લેવાવી જોઈએ એટલી ગંભીરતાથી લેવાતી નથી. કારણ કે, આ ફરજો સ્વૈચ્છિક અને નૈતિક કર્તવ્ય જેવી છે, મૂળભૂત હકોની જેમ તેમના અમલ માટે ન્યાયાલયો કે કાનૂન દ્વારા ફરજ પાડી શકાતી નથી.

# તમામ ક્ષેત્રે મહાન

**ચૈતાલી એચ. શાહ**

**૫૦૪, સમત્વ ફ્લેટ, વસંતકુંજ બસ સ્ટેન્ડ પાસે,**
**જૈન નગર, પાલડી, અમદાવાદ.**

કોઈપણ કાર્યમાં સફળ થવું હોય તો એકાગ્રતાપૂર્વક કાર્ય થવું જોઈએ. મનની એકાગ્રતા વગર કામમાં સફળતા મળતી જ નથી.

વિદ્યાર્થીએ વિદ્યાભ્યાસમાં સફળતા મેળવવા માટે એકાગ્રતાથી વાંચન કરવું જોઈએ. વૈજ્ઞાનિક શોધખોળ એકાગ્રતાથી સંશોધન કરવું જોઈએ. ધર્મગ્રંથો કે શાસ્ત્રો પણ એકાગ્રતાથી વાંચવામાં આવે તો શાસ્ત્રોનો મર્મ સરળતાથી સમજવો. બંદુકથી કે તીરકામઠાથી લક્ષને વિંધવા માટે અર્જુન જેવી એકાગ્રતા કેળવવી પડે. વેપાર-ધંધો પણ એકાગ્રતાથી કરવામાં આવે તો જ તેમાં બરકત આવે છે. અરે, સાંબેલાથી ખાંડકણિયામાં ખાંડતી વખતે એકાગ્રતા ન જળવાય તો સાંબેલું પથ્થરે ટકરાઈ અકસ્માત થઈ જાય.

ઈશ્વર આરાધના, નામ સ્મરણ, જપ-તપ, ધ્યાન અને ઉપાસના વખતે પણ મનની એકાગ્રતા બંધાય તો ઈશ્વર આરાધનામાં ધારી સફળતા મળે છે. એકાગ્રતા વગર સોયના નાકામાં દોરો પણ પરોવાતો નથી. સંગીતના સાત સૂરોની આરાધના. રિયાઝ પણ તલ્લીનતા યાને એકાગ્રતા ઝડપી પ્રગતિ કરાવે છે.

સૂર્યના વિખરાયેલાં કિરણોને બિલોરી કાચ વડે એકાગ્ર કરવામાં આવે તો કેન્દ્રીત થયેલા કિરણોમાંથી અદ્‌ભુત ઉર્જાશક્તિ ઉત્પન્ન થાય છે અને નીચે રાખેલો કાગળ સળગી ઊઠે છે. એ આપણો બધાનો રોજનો અનુભવ છે.

અર્જુને ગુરુ દ્રોણના કહેવા મુજબ ઝાડની એક ડાળી પર મૂકેલા પક્ષીની ડાબી આંખ પણ એકાગ્રતાથી વીંધી હતી અને એજ રીતે એણે ત્રાજવામાં બે પગ મૂકી ગોળ ફરતા માછલાંનો મત્સ્ય વેધ એકાગ્રતાથી કર્યો હતો અને તે પણ માછલાનું પ્રતિબિંબ પાણીમાં જોઈને !

વ્યક્તિ જેટલી વધુ એકાગ્રતા કેળવી શકે એટલો એ વધુ સફળ થાય છે. દરેક મહાન વ્યક્તિની સફળતાનું રહસ્ય માત્ર એકાગ્રતા જ છે. સફળ કવિ, સાહિત્યકાર, સંગીતકાર, વૈજ્ઞાનિક, વેપારી કે વિદ્યાભ્યાસમાં મહાન બનવા સૌએ એકાગ્રતા કેળવવી જ જોઈએ.

જીવનમાં દરેક ક્ષેત્રમાં સફળતા મેળવવાનું એકમાત્ર રહસ્ય એ એકાગ્રતા છે. જ્યાં જ્યાં માનવી અસફળ જાય છે ત્યાં ત્યાં એકાગ્રતાનો અભાવ કારણરૂપ હોય છે. નાના દૈનિક કામો વાંચવા, લખવા ચિત્ર દોરવા, રસોઈ બનાવવા, વ્યાખ્યાન માપવા અરે સફાઈ કરવામાં પણ મનની એકાગ્રતા અત્યંત જરૂરી છે.

એની સાથે કારણે કરવારા સતાવધાની કહેવાય છે. આ સતાવધાની થવા માટે માણસે મનની એકાગ્રતા કેળવવી જરૂરી છે. દોરડા પર ચાલતો નટ, એક પૈડાંની સાઈકલ ચલાવનાર, લાંબા વાંસ પર ચાલનાર ને સરકસના ઝૂલા પર ખેલ કરનાર બધા જ કલાકારો એકાગ્રતાપૂર્વક ખેલ કરી આશ્ચર્યજનક ખેલ કરતા હોય છે અને મન ઉઘરાણીમાં ફરતું હોય તો એકાગ્રતા કેળવાતી નથી.

મન ચંચળ છે. મનને રોકવું એ વાયુને રોકવા જેવું અઘરું છે. આથી મનને રોકાવવા કામને અઘરું અર્થાત્ મુશ્કેલ કહ્યું છે. મનને રોકવાનું અશક્ય હોવા છતાં મનને એકાગ્ર તો કરી શકાય છે. મનને (૧) વૈરાગ્ય અને (૨) અભ્યાસથી વશ કરી શકાય છે.

મારું મન સ્થિર થશે જ એવા દઢ વિશ્વાસથી અભ્યાસ કરવો જોઈએ. ભલે કદાચ સમય વધુ લાગે પણ અભ્યાસથી મનની એકાગ્રતા અવશ્ય કેળવાય છે. એકાગ્રતામાં રસ પડવાથી બીજા બધાં જ રસો ફીક્કા લાગશે. એમાં તન્મયતા આવશે. તમને દરેક કાર્યોમાં રસ પડશે. તમારા દરેક કાર્યો સો ટકા સફળ થશે. સફળતા તમોને વરમાળા પહેરાવશે.

વ્હાલા વાંચકો, એક પ્રતિજ્ઞા લઈ મનોબળ દઢ બનાવો. અમુક સમય ધ્યાન માટે, જપ માટે ફાળવીશ ત્યાં સુધી અન્નનો દાણો મોમાં મૂકીશ નહીં.

સાદું જીવન અને ઉચ્ચ વિચારો એ જ જીવનની સફળતાનો પાયો છે.

# પરિણામ

**એસ.જી. પટેલ**

રોહનની માર્કશીટ લઈને ઘરે આવતાં જ તેની મમ્મીએ બેગ પછાડી અને કહ્યું, રોહન - This is very bad, only 86%!! No mummy 86.9% and I am on 9th position in my class!! રોહન ગર્વથી પોતાનું Result કહી રહ્યો હતો. પણ તેના મમ્મી તેના પરિણામથી ખુશ નહોતી. You know, before 9 there are 8 students !! no mamma there are 11 students upto 8th Rank રોહને થોડી સ્પષ્ટતા કરી.

Oh, Rohan તું મને એવું સમજાવે છે કે તેં કોઈ અવૉર્ડ મળ્યો હોય એવું કામ કર્યું ! નહીં !! ઈતના કમ Result નહીં ચલેગા. From today your next standard preparation starts. Your result going very poor from last 3 years. In this vacation, No picnic, No gift, No mobile, No T.V. Your memory power Improvement tution starts from tomorrow. અબ 6th Std મેં ઐસા Result નહીં ચલેગા !! રોહનના ૫માં ધોરણના પરિણામે તો જાણે તેની મમ્મીની બધી અપેક્ષાઓ પર પાણી ફરી વળી એવો નિઃસાસો નાખ્યો.

But..... Mamma... I went !! મમ્મીના શબ્દો હવે મમ્મીના ગુસ્સા સામે લાચાર બની ગયા અને તારા Dadyને આ Resultની ખબર પડશે ત્યારે તો... મમ્મી રોહનને જાણે ડરાવી રહી હતી. But Mamma !! Shut your mouth. No single word... Go in the Room and do preparation for Hand wirtings!!! I and your dad to do more work and pay higher fee also. But you are not serious. ઔર ઐસા હી રહા તો કુછ ભી નહીં હોને વાલા!! મમ્મીના ફાંકડા Englishમાં રોહન બિચારો કઠપૂતળી બની ગયો.

રોહન તેના મિત્ર સાથે રમવા જવા ઈચ્છતો હતો. પણ આજે સ્કૂલમાંથી Result લઈ ઘેર આવતાં આખાય રસ્તામાં અને છેલ્લે ઘરે પણ મમ્મીએ તો તેનો ઉધડો જ લઈ લીધો.

મમ્મા.... મૈં પહેલે સામનેવાલા ઋત્વિક કા Result દેકર આતા હૂં. ઉસકો બુખાર હૈ, ઈસલિયે મૈં હી ઉસકી માર્કશીટ લેકર આયા હૂં. રોહન, તેની મમ્મીથી દૂર થવા માગતો હતો અને કારણ મળી ગયું. ઓકે મગર જલ્દી આના... ઉસકા Result ક્યા આયા હૈ ? મમ્મીએ રોહનને દરવાજે રોકતાં જ કહ્યું. રોહને તેના હાથમાં રહેલી માર્કશીટ સામે નજર કરી અને કહ્યું. ૯૪.૭ ટકા, Second Rank in Class નેવુંની Seriesમાં ઋત્વિકનું Result સાંભળતાં જ ફરી મમ્મીનો પિત્તો ગયો. દેખ કીતના briliant હૈ! પૂરા દિન મન લગાકર પઢાઈ કરતા હૈ, એક તૂં હૈ જો ! રોહનને હવે મમ્મીના શબ્દો નહોતા ગમતા એટલે તે દરવાજાથી જલ્દી બહાર નીકળી ગયો. સામેના ફ્લેટમાં જ રહેતા ઋત્વિકનો Door Bell વગાડતાં જ ઋત્વિકના Mummy એ દરવાજો ખોલ્યો, અરે, આવ, બેટા રોહન ! ઋત્વિકની મમ્મી ગુજરાતી જ બોલતી. તેને અંગ્રેજી નહોતું ફાવતું.

એ ટેબલ પર મૂકી દે. ઋત્વિકને સારું થશે એટલે જોઈ લેશે. ઋત્વિકના મમ્મીના બેડ પર ઋત્વિક સૂતો હતો ને તેની મમ્મી તેના માથા પર હાથ ફેરવી રહી હતી.

આન્ટી, હું તમારી પાસે બેસું. તમે મારા માથામાં હાથ ફેરવશો ? મને તે બહુ ગમે છે. રોહન ખરેખર નિર્દોષ હતો.

અરે, બેટા, આવને તું પણ મારો દીકરો જ છે. ઋત્વિકના મમ્મીએ રોહનને પાસે બેસાડ્યો અને માથા

પર હાથ ફેરવવા લાગી.

Aunty, why you not see result. I Mean તમે ઋત્વિકનું Result કેમ જોયું જ નહીં ? રોહને નિર્દોષ પ્રશ્ન કર્યો. અરે, બેટા. આ Result તો પછી જોઈશ. મને તો આ ટકાવારીની race જોવી ગમતી જ નથી. ઋત્વિકના મમ્મીના એક વાક્યના જવાબમાં તો રોહનને પોતાની મમ્મીના Hunter જેવા શબ્દો યાદ આવી ગયા.

પણ, જો સારું Result ન આવે તો આગળ જિંદગીમાં કશું જ કરી ન શકાય ને ? રોહને ફરી પોતે સાંભળેલા શબ્દોને પોતાના પ્રશ્નમાં રજૂ કર્યો. ઋત્વિકની મમ્મીએ તેને સમજાવ્યું 'નહીં, બેટા, કોણે કહ્યું કે એક પરીક્ષામાં Result ઓછું આવે કે જિંદગીમાં કશું ન કરી શકાય.... Result તો કાયમ બદલાયા કરે, ભણવું એટલે વધારે Result લાવવું એમ નથી હોતું. તમારે આ ઉંમરે આમ મોટા માણસ બની જવાની કોઈ જરૂર નથી. બાળપણની મજા કરો.....'

હજુ તેમના શબ્દો પૂરા થયા નહોતા ત્યાં ઋત્વિકના Dady આવી ગયા. રોહનને જોઈને તેમણે વ્હાલથી ગાલે ટપલી મારી, 'કેમ છે રોહન?' ઋત્વિકને સવારે જ અચાનક તાવ ચડી ગયો.... તેને સારું થાય એટલે રમજો....!

Uncle આજે તમારી Office માં રજા છે? રોહને પૂછ્યું. 'નહીં. તો આ તો ઋત્વિકને સારું નહોતું એટલે થયું કે લાવ આજે તેની પાસે જ રહું. એટલે મેં રજા લીધી છે ! ઋત્વિક તેના Dadyનો અવાજ સાંભળીને બેઠો થયો.'

અરે રોહન..... શું Result આવ્યું? ઋત્વિકે તરત જ પૂછ્યું. 'અરે આ વર્ષે તું First નથી આવ્યો. Second નંબર છે.' રોહને તરત જ જવાબ આપ્યો. રોહનનો જવાબ સાંભળી ઋત્વિકના ચેહરા પર થોડી ઉદાસી દેખાઈ તો તરત જ તેના મમ્મી-પપ્પા તેની પાસે આવી ગયા. અરે બેટા કોણ કહે છે કે દર વર્ષે First આવવું જોઈએ. Don't worry.... તને યાદ છે ને પેલો ભગવદ્‌ગીતાનો શ્લોક કર્મણ્યેવાધીકારસ્તે મા ફલેષુકદાચન !! You enjoy your vacation. તેના Dady એ તેના હાથમાં નવી લાવેલી Games મૂકીને ઋત્વિકને ખુશ કરી દીધો. Uncle એ શ્લોક કયો છે ? મને સમજાવશો ? રોહને તેમના સંસ્કૃત શબ્દો ન સમજાતાં પૂછી લીધું.'

રોહનની વાત સાંભળી ઋત્વિકની મમ્મીએ કહ્યું, 'બેટા, ભગવદ્‌ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે જ કહ્યું છે, આપણો માત્ર મહેનત કરવાનો અધિકાર છે, ફળની કોઈ આશા ન રાખવી.'

રોહન કદાચ, બધું નહીં સમજ્યો હોય પણ તે ઊભો થયો અને કહ્યું, Thank you, uncle Aunty- હું જાઉં છું. તે પોતાના ફ્લેટ તરફ ગયો.

પપ્પા ઘેર આવી ગયા હતા. તેમના હાથમાં Marksheet હતી. Mom & Dad ચર્ચા કરી રહ્યા હતા. This time, Rohan down to percent below. He is not serious and also he not concentrate on study.... I decide we should change school, and personal coaching teacher also.

રોહનને રૂમ તરફ આવતો જોઈ તેના ડેડીએ પણ તેના પરિણામના બે ટકાના ફેરફાર જાણે દેશની પ્રગતિ અટકી જવાની હોય તેટલું ભાષણ આપ્યું. અને બંનેએ એક સાથે છેલ્લે કહ્યું : 'રોહન, તું જ નક્કી કરી લે તારે શું બદલવું છે ? સ્કૂલ ? ટ્યુશન ટીચર કે તારા રખડેલ ફ્રેન્ડઝ ?'

રોહને ધીરેથી નિસાસો નાંખતા કહ્યું. I want to change my parents !!! (મારે મારા મમ્મી-પપ્પા બદલવા છે !!)

અને તે ક્ષણે રોહનના ડેડીના હાથમાં રહેલી માર્કશીટ હવામાં લહેરાઈને ફર્સ પર પડી ગઈ અને મમ્મી-ડેડી બંને સોફા પર ફસડાઈ પડ્યાં...!!!

(માનદમંત્રી, ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર.)



# પરમવીર ચક્ર - ભારતીય સૈન્યનું સર્વોચ્ચ શૌર્ય સન્માન

**પાલખીવાલા અમિતા મનુભાઈ** ભૂતપૂર્વ મ.શિ. અસારવા વિદ્યાલય

## કેપ્ટન વિક્રમ બત્રા, પરમવીરચક્ર

**પરમવીરચક્ર, ૧૩ જમ્મૂ એન્ડ કાશ્મીર રાઈફલ્સ**
**જન્મ :- ૯ સપ્ટેમ્બર ૧૯૭૪**
**મૃત્યુ :- ૭ જુલાઈ ૧૯૯૯**

**કારગીલ યુદ્ધ-પોઈન્ટ ૪૮૭૫ 'ઑપરેશન વિજય.'**

***"રુકે ન જો, ઝુકે ન જો, દબે ન જો, મિટે ન જો,***
***હમ વો ઈન્કિલાબ હૈ, જુલ્મ કા જવાબ હૈ,***
***હર શહિદ કા, ગરીબ કા, હમ હી તો ખ્વાબ હૈ !"***

"૨૩મી માર્ચ ૧૯૩૧ની એક ઐતિહાસિક સાંજે મા-ભારતીનો આ લાડલો સપૂત અનંતની રાહનો મુસાફર બન્યો. આજે મોત હાર્યું હતું ને દેશભક્તિ અને કુરબાની જીત્યા હતા. ભગતસિંહરૂપી એક વિરાટ વ્યક્તિત્વનો અંત ઈતિહાસની આંખને પણ ભીંજવી ગયો." આ હતી બહાદુર, ક્રાંતિકારી નાયક સરદાર ભગતસિંહની વાર્તા.

અર્ધીપર્ધી ઉંઘમાંથી ગાઢનિદ્રામાં સરકતાં પહેલાં બાળ વિક્રમે પિતા ગિરધારી બત્રાના મુખેથી એટલું તો ચોકકસ સાંભળ્યું કે "Nation First."

બાળપણથી જ ઘરના વાતાવરણમાંથી સરળતા અને બહાદુરીના ગુણોનું થયેલું સિંચન જ વિક્રમ બત્રાના મજબૂત મનોબળ, સ્વસ્થ વિચારોની ખમીરી અને કોઈપણ પરિસ્થિતિમાં ડર્યા વિના સામનો કરવાની કુનેહના મૂળમાં હતા. હિમાચલ પ્રદેશના પાલમપુર નજીકનું ધુગરગામ કેપ્ટન વિક્રમ બત્રાની હિંમતનું સાક્ષી રહ્યું છે, કે જેણે હિંમતની તમામ સીમાઓને વળોટી દીધી હતી.

"મેં વ્યાપારી નૌ સેના પરીક્ષા (Marchant Navy Exam) પાસ કરી લીધી છે!" એક દિવસ વિક્રમ બત્રાએ ઘરમાં આ જાહેરાત કરી ત્યારે આ ખુશીની ક્ષણોમાં તેમના જોડિયા ભાઈ વિશાલ બત્રા અને તેમની મોટી બહેન તેમની સાથે હતા. પણ થોડાક જ મહિનાઓમાં તેમણે તેમના કુટુંબીજનોને વ્યાપારી નૌ સેનામાં નહીં જોડાવાનો પોતાનો નિર્ણય જણાવ્યો ત્યારે કુટુંબીજનોના આશ્ચર્ય વચ્ચે તેમણે સૈન્યમાં ભરતી થઈને પોતાના રાષ્ટ્ર માટે કંઈક કરવાનો નિર્ણય જાહેર કર્યો. કુટુંબીજનોની દલીલો વચ્ચે તેમણે કહી દીધું કે, કરુંગા તો ફૌજ કરુંગા વર્ના કુછ નહીં કરુંગા.

દેશભક્તિ અને દેશના રક્ષણનું તેમનું ઈચ્છા-ધ્યેય તો તેમના ઉછેરના સંસ્કારમાં પડેલું જ હતું. વિક્રમ બત્રાની સૈન્યમાં જોડાવાની આ પ્રબળ ભાવના જ તેમને ભવ્ય અને શૌર્યપૂર્ણ દેશ-ભાવના તરફ દોરી ગઈ.

ઈ.સ ૧૯૯૫માં ચંદીગઢમાં પંજાબ યુનિવર્સિટીમાં વિક્રમ બત્રા અંગ્રેજી વિષયમાં એમ.એ કરવા જોડાયા, પણ ભારત માટે ઉત્કટ પ્રેમ હોવાને કારણે તે પૂર્ણ કર્યા વિના ઈ.સ ૧૯૯૬માં ભારતીય મિલિટરી એકેડેમીમાં જોડાયા. વિક્રમની બહાદુરીથી પ્રભાવિત થઈને તેમના પર મોટી જવાબદારી મૂકીને તેમને દહેરાદૂન ખસેડવામાં

આવ્યા અને ૧૯૯૭માં તો તેઓ આર્મી ઑફિસર તરીકે પાસ થયા અને ૧૯૯૯માં તેમના જમ્મુ ઍન્ડ કાશ્મીર રાઈફલ્સ યુનિટને કારગીલ સેકટર પર તહેનાત થવાનો આદેશ આપવામાં આવ્યો અને આ તીવ્ર દેશભાવનાને કારણે જ કારગીલ યુદ્ધમાં જતાં પહેલા તેમના મુખેથી શબ્દો સરી પડયા.

''કાં તો ત્રિરંગો ફરકાવીને આવીશ, કાં તો ત્રિરંગામાં લપેટાઈને આવીશ. પણ હું પાછો ચોકકસ આવીશ'' (''Either I Will Come back after hoisting the three color or I will come back wrapped in it, but I will be back for sure")

સિયાચીન યુદ્ધ ક્ષેત્ર ખૂબ જ કપરું અને વિશ્વનું સૌથી ઊંચું યુદ્ધ ક્ષેત્ર છે. ત્યાં પર્વતના ઢોળાવો લપસણીયા અને વિશ્વાસઘાતી છે. ત્યાં શિયાળો પડતો નથી પણ ખાબકે છે. તાપમાન માઈનસ ડિગ્રી સુધી જતું રહે છે. એવા સંજોગોમાં ભારત અને પાકિસ્તાન બંને દેશો પોતપોતાના સૈનિકોને એ ક્ષેત્રમાંથી હટાવી લે છે. ૧૯૯૯ ના વર્ષમાં શાંતિ કરાર મુજબ એવું જ થયું. ભારત અને પાકિસ્તાને પોતપાતાના સૈનિકો ત્યાંથી હટાવી લીધા.

પાકિસ્તાને સિયાચીનમાંથી લશ્કર હટાવ્યું ખરું પરંતુ ભારતના સૈનિકોના ગયા પછી તરત જ એ લોકોએ ગાઢ થતાં જતાં શિયાળામાં કારગીલ જેવા ક્ષેત્રોમાં ઘુસણખોરી કરીને પોતાનો અડ્ડો જમાવવાનું શરૂ કરી દીધું હતું. આમેય ભારતની કમનસીબી રહી છે કે પાડોશી દેશો સાથેના, તેમાં પણ ખાસ કરીને પાકિસ્તાન સાથેના તેના સંબંધો હંમેશા અસમતોલિત રહ્યાં છે.

૧૯૯૯ના મે મહિનાનો સમય હતો. આમ તો શિયાળો પૂરો થયો ગણાય. પરંતુ કારગીલ ક્ષેત્રમાં હજુ પણ ઠંડી એવી જ તીવ્ર હતી. પણ એક દિવસ વહેલી સવારે જમ્મુ અને કાશ્મીરના કકસાર કસબાના ગોવાળો પોતાના ઘેટાં-બકરાંને ચરાવવા પહાડો અને ટેકરીઓના ઉબડખાબડ રસ્તાઓ ખૂંદીને આગળ વધી રહ્યાં હતાં. ત્યારે એલ્યોરની પહાડી પર સશસ્ત્ર પાકિસ્તાની દળો અને ગાડેલા તંબુઓ જોઈને તેઓ દંગ રહી ગયા. અભણ અને અબૂધ ગણાતા આ ગોવાળિયાઓએ ભારતીય સેનાની ચોકી ઉપર આ સમાચાર તાત્કાલિક પહોંચાડયા અને એ સાથે જ બીજ રોપાયા ભારત અને પાકિસ્તાન વચ્ચેના અત્યાર સુધીના સૌથી છેલ્લા અને ખતરનાક યુદ્ધ- કારગીલ યુદ્ધના.

ખબર મળતાં જ ભારતીય સૈન્ય સાબદું થઈ ગયું. એક પછી એક ઑપરેશનો હાથ ધરવામાં આવ્યા. એક પછી એક લશ્કરી ટુકડીને ઘૂસણખોરોનો ખાત્મો કરવા માટે મોકલવામાં આવી. પણ તેમાંની કેટલીક ટુકડીના જવાનો કદી પાછા ના ફર્યા, ત્યારે આપણા અનેક વિસ્તારો પર પાકિસ્તાની ઘૂસણખોરીની તીવ્રતાનો અંદાજ આવ્યો, અને એ પછી એ જુદા જુદા વિસ્તારોમાંથી એમને ખસેડવા જુદા જુદા સૈનિકોની ટુકડીઓ મોકલવામાં આવી. જેમાંથી એક ટુકડી હતી ૧૩ જમ્મુ ઍન્ડ કાશ્મીર રાઈફલ્સની.

૧૯ જૂનનો સૂરજ હજુ ક્ષિતિજની રેખામાંથી માંડ ડોક્યુ કરતો હતો ત્યારે આર્મીના એક ચીફ, સામે ઊભેલા જવાનોને આદેશ ફરમાવી રહ્યા હતા : ''જવાનો, પાકિસ્તાનીઓએ પોઈન્ટ ૫૧૪૦ની પહાડીઓ પર પણ કબજો જમાવી દીધો છે. જેને આઝાદ કરાવવાની જવાબદારી હું તમારી ટુકડીને સોંપું છું.'' આટલું કહેતાં તો તેઓ એક જવાન તરફ ફરીને બોલ્યા, ''કેપ્ટન ,વિક્રમ બત્રા ! આ ટુકડીનું નેતૃત્વ હું તમને સોંપુ છું ''

''યસ સર ! અમે વિજયી થઈને જ આવીશું !''

પરંતુ એકબાજુ ૧૭૦૦૦ ફૂટની ઉંચાઈએ વિપુલ દારૂગોળો અને હથિયારો સાથે બેઠેલા દુશ્મનો અને બીજી બાજુ ભારતીય સૈનિકોનું ઓછું સંખ્યાબળ, વિષમ અને વિરુદ્ધની પરિસ્થિતિમાં દુશ્મનોનો સામનો કરવાની મુશ્કેલી દર્શાવતા ચીફ તરફ ફરીને વિક્રમ બત્રાએ કહ્યું, ''સર, કદાચ હું ધારું છું એટલું સહેલું નહીં હોય, પણ

તમે ધારો છો એટલું અઘરુંય નથી. કારણ કે દુશ્મનો પાસે ભલે ગમે તેટલા શસ્ત્રો કે સૈનિકો હોય પણ અમારી પાસે જુસ્સો અને ઝનૂન બંને છે. હું તમને વચન આપું છું કે, કાં તો ત્રિરંગો ફરકાવીને આવીશ કાં તો ત્રિરંગામાં લપેટાઈને આવીશ. પણ પાછો જરૂર આવીશ.''

જેના મનમાં દૃઢ સંકલ્પ અને હૃદયમાં રાષ્ટ્રભક્તિનું ઝરણું વહેતું હોય તેના માટે વીરવ્રતનું પાલન કરવું સરળ બની જાય છે. કેપ્ટન વિક્રમ બત્રા આવું જ એક નામ છે. વહેલી સવારનો સમય, તોફાની હિમવર્ષા અને ચારે તરફ ભયંકર અંધકારની વચ્ચે સત્તર હજાર ફૂટની ઊંચાઈએ બેઠેલા દુશ્મનોની નજરથી બચતાં કેપ્ટન બત્રા એમની ટુકડી સાથે બર્ફીલી પહાડીઓના સાંકડા રસ્તા પરથી ઉંચાઈ સર કરતાં ધીમે ધીમે આગળ વધી રહ્યાં હતાં.

હાડ થીજવતી, તોફાની અને તેજ બર્ફીલી હવાને ચીરતા કેપ્ટન વિક્રમ બત્રા અને તેમની ટુકડી માત્ર જુસ્સા અને દેશ દાઝની ગરમીને આધારે આગળ વધી રહ્યાં હતાં અને ધીમે ધીમે કરતાં દુશ્મને તાબે કરેલી પહેલી પોસ્ટ સુધી પહોંચી ગયા. પણ ત્યાં જ અચાનક ઠંડી હવાને ચીરતી સનનન કરતી એક ગોળી ટુકડીના એક જવાનને વીંધી ગઈ. પોતાની ટુકડી પકડાઈ જશે એ બીકે એક ઉંહકાર પણ કર્યા વગર એ સૈનિક શહીદીની ચાદર ઓઢીને ગાઢ અંધકારમાં બરફની ખાઈમાં ગરક થઈ ગયો. જે જોઈને કેપ્ટન બત્રા બીકથી નહીં પણ ચિંતાથી થથરી ગયા, થડકી ગયા કે સૈનિકોના ઓછા સંખ્યાબળમાં એક પણ સૈનિક ગુમાવવો પોસાય તેમ નથી. ત્યારે હવે દુશ્મનોને જડબાતોડ જવાબ આપવો જ રહ્યો.

બસ એ જ વખતે કેપ્ટને નકકી કરી લીધું કે હવે એક પણ સૈનિક ગુમાવ્યા વિના આ પોઈન્ટ પર કબજો કરવો છે અને બીજી જ ક્ષણે એ પોતે ઝનૂની બનીને પોતાના જવાનો સાથે ખૂબ જ ગણતરી પૂર્વક અને બહાદુરી પૂર્વક કલાકો સુધી આ સામસામેની લડાઈ લડી રહ્યાં હતાં. દુશ્મનો પણ વિપુલ સંખ્યાબળ અને શસ્ત્રદળ હોવા છતાં વિક્રમ બત્રાના આ આક્રમણ સાથે હકકાબકકા થઈ ગયા અને શસ્ત્રોનો ઉપયોગ કરવા અસમર્થ બની રહ્યાં. આખો દેશ અદ્ધર શ્વાસે આ રણબંકાને જોઈ રહ્યો હતો. કલાકો બાદ આખરે યુદ્ધભૂમિ દુશ્મનોની લાશોથી છલકાઈ ઊઠી અને કેપ્ટન બત્રા અને એમની ટુકડીએ પોઈન્ટ ૫૧૪૦ પર એટલે કે સામેરિક પર્વતની ટોચ પર ભારતનો ત્રિરંગો ફરકાવી દીધો ને માતૃભૂમિને વંદન કર્યા. આખીયે પહાડી 'હિન્દુસ્તાન ઝિંદાબાદ' અને 'ભારત માતા કી જય' ના જયઘોષથી ગૂંજી ઊઠી. કારગીલની બર્ફીલી કેડીઓમાંથી પસાર થતી હવાની કાંધે સવાર થઈને થોડી જ વારમાં આખા દેશમાં આ વિજયની ખબર ફેલાઈ ગઈ અને આખા દેશે કેપ્ટન બત્રા અને તેની ટુકડીની વીરતાને આતશબાજી કરીને બિરદાવી. ત્યારે એક રેડિયો પત્રકારે કેપ્ટન વિક્રમ બત્રાને વિજયની વધામણી આપતા કહ્યું, 'યે દિલ માંગે મોર....!' યે દિલ માંગે મોર' નો અર્થ છે, 'મારા દેશ માટે હજુ હું વધારે શિખરો હાંસલ કરવા માંગુ છું. (I want to calture more peaks for my country) જે એમના ઝનૂનનો પરિચય આપે છે. યુદ્ધ સમયે ઘણા ઑફિસર્સના ગુપ્ત (code) નામો હોય છે પણ કેપ્ટન વિક્રમ બત્રાની આ સિંહ સમા કાળજાને કારણે જ એમના ચીફ એમને 'શેરશાહ' કહીને સંબોધતા.

પોઈન્ટ ૫૧૪૦ ઉપર દુશ્મનોને ખદેડીને કબજો મેળવવાનું કામ ડેલ્ટા કંપની અને બ્રેવો કંપનીને સોંપવામાં આવ્યું હતું. બ્રેવો કંપનીનું સુકાન કેપ્ટન જામવાલને અને ડેલ્ટા કંપનીનું સુકાન કેપ્ટન વિક્રમ બત્રાને સોંપવામાં આવ્યું હતું. દુશ્મનોના સાત બંકરો, શસ્ત્રો કે ભારે ગોળીભાર તથા તોપમારો ભારતના આ સાત ઝાંબાઝોને રોકી શકયા નહીં. કેપ્ટન જામવાલે શિખર પરના દુશ્મનોના બે બંકરો ખાલી કરીને ''Yeah, Yeah, Yeah'' નું સિગ્નલ મોકલ્યું. જયારે કેપ્ટન વિક્રમ બત્રાએ બાકીના બંકરો ઉડાડી દીધા અને સમગ્ર રાષ્ટ્રની

લાગણીઓનો પડઘો પાડતું પ્રચલિત પદ 'યે દિલ માંગે મોર'નું સિગ્નલ મોકલ્યું. જે સૂત્ર પોતે જ પરાક્રમની એક ભાષા હતી. રેડિયો પરથી પ્રસારિત આ ખબર સાંભળીને ગણતરીના કલાકોમાં જ કેપ્ટન વિક્રમ બત્રાનો 'યે દિલ માંગે મોર'નો નારો ભારતની ગલીએ ગલીઓમાં, શહેરોમાં, ગામડાઓમાં, સૂતાં, જાગતાં જાણે કે રાષ્ટ્રીય ચેતનાનું સૂત્ર બની ગયું અને બસ બધે એક જ લલકાર હતો, 'યે દિલ માંગે મોર, 'પાકિસ્તાન ઈઝ નો મોર' અને ગણતરીના કલાકોમાં જ કેપ્ટન વિક્રમ બત્રાને દુશ્મનોને 'નો મોર' કરવાનો મોકો મળી ગયો.

તા. ૨૬ જૂન, ૧૯૯૯ના રોજ મુશ્કોહ ઘાટીના પોઈન્ટ ૪૮૭૫ ને કબજે કરવાના મિશન પર આ ટુકડી આ નારા અને જુસ્સા સાથે રવાના થઈ. આ યુદ્ધમાં પાકિસ્તાનને વધુ અનુકુળતા હતી. બીજું તેણે શ્રીનગર અને લદાખ વચ્ચેનો NH1 માર્ગ કાપી નાખ્યો હતો. દેશની જીવાદોરી સમાન NH1 પરથી એ કોઈપણ ટ્રક કે સૈન્ય, શસ્ત્રો કે ખોરાક લઈ જતાં કોઈપણ વાહનો પસાર થાય તો એને આસાનીથી નિશાન બનાવી પાકિસ્તાન ભારત માટે મુશ્કેલી ઊભી કરી શકે તેમ હતું, પણ વિક્રમ બત્રા જેનું નામ !! જટિલ શિખરોને પુનઃ પ્રાપ્ત કરવા એક નવા પ્રકારના પડકારોનો સામનો કરવા તેઓ તૈયાર જ હતા.

આમેય વિક્રમ બત્રા એ ખૂબ જ ચંચળ કે અશાંત કહી શકાય તેવા મનના હતા. કોઈપણ સમયે તે સતત કંઈને કંઈ કરતા જ હોય. એક ક્ષણ માટે પણ સ્થિર બેસી શકે નહીં. તેમની પ્રેયસી ડિમ્પલ સાથે પણ જો તેઓ રેસ્ટોરેન્ટમાં ગયા હોય તો ઓર્ડરની રાહ જોતાં કાં તો બાઈકની ચાવીથી ટેબલ પર ટકોરા મારતા હોય, કાં તો આંગળીઓથી ટકોરા મારે કે પગથી ટપટપ અવાજ કરે. જો એમને અટકાવવામાં આવે તો પાણી પીવાનું શરૂ કરે જાણે કે વર્ષોના તરસ્યા હોય ! આ જોતાં કારગીલ યુદ્ધ વખતે તેમના મનમાં કેટલી બધી બેચેની હશે !!

વ્યૂહાત્મક રીતે મહત્ત્વના આ વિસ્તાર પર તા. ૩૦ જૂનના રોજ કેપ્ટન વિક્રમ બત્રા અને તેમની ટુકડીના જવાનોના પ્રવેશ સાથે જ પાકિસ્તાની સૈનિકો થડકયાં. કારણ કે હવે તેમનું કાઉન્ટ ડાઉન શરૂ થઈ ગયું હતું. જયારે 'શેરશાહ' ના આગમનના સમાચાર મળતાં શિખર પર લડતાં ભારતીય જવાનોમાં એક નવો ઉમંગ, નવો વિશ્વાસ અને નવો જુસ્સો ઊભા થયા.

મુશ્કોહ ઘાટીમાં પ્રવેશતાં જ કેપ્ટન વિક્રમે એમની ટુકડીને આદેશ આપ્યો, "જવાનો ! આજે આખો દેશ આપણા પર વિશ્વાસની અને આશાની નજર રાખીને બેઠો છે. એ લોકો ફરી એકવાર આપણને ત્રિરંગો લહેરાવતા જોવા માંગે છે. 'યે દિલ માંગે મોર' કહી તો દીધું પણ એને સાબિત પણ કરી બતાવવાનું છે. આપણે દેશને નિરાશ ના કરીએ. ગમે તે થાય આપણે પોઈન્ટ ૪૮૭૫ પરથી ગણતરીપૂર્વક દુશ્મનોને ખદેડીને ત્યાં ત્રિરંગો લહેરાવવાનો જ છે."

"સર, અમે તમારી સાથે જ છીએ. અમે શહીદ થઈ જઈશું પણ દેશે તમારા પર મૂકેલા વિશ્વાસને શહીદ નહીં થવા દઈએ." જવાનોનો જુસ્સો જોઈને કેપ્ટન બત્રાનું ઝનૂન પણ બેવડાયું અને લડાઈમાં વ્યૂહાત્મક ભાગ રૂપે માત્ર બે જ દિવસમાં ભારતીય સૈનિકોએ પોતાનો તમામ દારૂગોળો પોઈન્ટ ૪૮૭૫ ની નજીક લાવીને ખડકી દીધો.

હવે ખરાખરીનો સમય આવી ગયો હતો. પોઈન્ટ ૪૮૭૫ ની ફલેપ ટોપ પહાડી પર એક તરફ રાઈફલમેન સંજયકુમાર અને એમની ટુકડી લડી રહી હતી. અને બીજી તરફ ઉત્તરે કેપ્ટન બત્રા દુશ્મનોનો ખાત્મો બોલાવવાની તૈયારી કરી રહ્યાં હતાં. તારીખ હતી ૬ જુલાઈ ૧૯૯૯ની. ભારતીય લશ્કરે તમામ પ્રકારની તૈયારી કરીને સાંજે ૬ વાગ્યે બેરલ લોંચર અને બોફોર્સ તોપથી દુશ્મનો પર આક્રમણ કરી દીધું. દુશ્મનોની ઊંચાઈ પરની સારી સ્થિતિ હોવા છતાં પણ આવા અચાનક હુમલાથી બે ઘડી તો તેઓ પણ સ્તબધ થઈ ગયા. બરફ

આચ્છાદિત પહાડીઓ તોપગોળાના ધડાકાઓથી ગૂંજવા લાગી. ૭ જુલાઈના રોજ તો હુમલો કરતા કરતાં બંને દેશો એકબીજાની નજીક આવી ગયાં. બંને વચ્ચે શાબ્દિક યુદ્ધ થયા. દુશ્મનની ફૌજના એક અધિકારીએ વિક્રમ બત્રાને કહ્યું, ''વિક્રમ, તું પાછો નહીં જઈ શકે. હું તને ચેલેન્જ આપું છું કે તારી લાશને કાંધ દેનારા પણ એકે નહીં રહેવા દઉં.'' જવાબમાં વિક્રમ કાતિલ હસ્યા અને બોલ્યા, 'એ તો સમય જ કહેશે. તું તારી ચિંતા કર.'' મૃત્યુ સમયે, ભય સમયે પણ તે હિંમત નહોતા હારતા. હુમલો કરતાં પહેલા ઑફિસર્સ બધાને ગળે લગાડે છે ત્યારે એકવાર નવીન નાગપ્પાએ પણ એમને આલિંગન આપ્યું ત્યારે બત્રાએ એમને કહ્યું, ''ગલે લગના યારો ના જાને, કૌનસી મુલાકાત આખરી હોગી. તુમકો બહોત આગે જાના હૈ, હિંમત નહીં હારના, કયોંકિ જીત હમારી હી હોગી.'' એકવાર તો મેદાને જંગમાં દુશ્મનો એમને મહેણાંટોણાં સંભળાવતા કહેતા ''હમેં માધુરી દીક્ષિત દે દો તો હમ યે સ્થાન છોડેંગે.'' ત્યારે કેપ્ટન બત્રાએ જવાબમાં પોતાની મશીનગનથી ફાયર કરતા કહ્યું, ''માધુરી દીક્ષિત તરફથી સ્નેહ.''

એ દિવસે કેપ્ટન વિક્રમ બત્રાને માહિતી મળી કે દુશ્મનો પાસે સેંગર છે. જો ભારતીય સૈનિકો ગણતરીપૂર્વક આગળ ન વધે તો સેંગરના એક જ ધડાકે બધાના નામ આગળ શહીદ ઉમેરાઈ જાય એમ હતું. કેપ્ટન બત્રાએ ચાલાકીપૂર્વક પોતાની ટુકડીને આગળ વધતી અટકાવી. એનાથી ઉશ્કેરાઈને દુશ્મનોએ બમણાં વેગથી ભારતીય સૈનિકો પર હુમલો કરીને શાંત બેઠેલા બત્રાને વધારે ઝનૂની બનવાનો મોકો આપ્યો. હૃદયમાં 'યે દિલ માંગે મોર' ના નારા તો પડઘાઈ જ રહ્યાં હતાં. દુશ્મન આગળ વધી રહ્યો હતો સાથે સેંગર હતી અને જુસ્સા અને ગુસ્સાથી તમતમી ઉઠેલા કેપ્ટન બત્રાએ અચાનક એ કે ૪૭ ઉઠાવી અને દુશમનો પર તૂટી પડયા. સૌથી પહેલાં તો એમણે સેંગરને જ બંધ કરી દીધું અને પોતાની વ્યકિતગત સલામતીની પરવાહ કર્યા વિના દુશ્મનો બંકરની એકદમ સામે ધસી જઈને પાંચ પાકિસ્તાની સૈનિકોનો ખાત્મો બોલાવી દીધો. કેપ્ટન બત્રાના ઝનૂનથી પ્રેરાઈને એમની ટુકડીના જવાનો પણ બારૂદ બનીને દુશ્મનો પર પ્રહાર કરી રહ્યા હતા. યુધ્ધ તેની ચરમસીમાએ હતું. દુશ્મનોની લાશોના ઢગલા ખડકાતા જતા હતા. મોટાભાગના બંકરોનો ખાત્મો બોલી ગયો હતો. જીત હવે બે ડગલાં જ દૂર હતી. કેપ્ટન બત્રા એમની ટુકડી તરફ જવા માંડયા, પણ ત્યાં જ તેમણે તેમના મિત્ર લેફ્ટનન્ટ નવીનને લોહી નીકળતી હાલતમાં, કણસતા જોયા ને બીજી બાજુ દુશ્મનને તેમની નજીક આવતો જોયો. જો કેપ્ટન વિક્રમે ધાર્યું હોત તો તેઓ પોતાની જિંદગી બચાવી જઈ શક્યા હોત, પણ એક કેપ્ટનને છાજે એ રીતે મોતની પરવાહ કર્યા વિના મિત્ર લેફ્ટનન્ટ નવીનને બચાવવા પોતાની છાવણી તરફ ખેંચીને લઈ જવા આગળ થયા ત્યાં જ દુશ્મનોની બંદૂકમાંથી વછૂટેલી ગોળી હવાને વીંઝતી આવીને કેપ્ટન બત્રાની છાતીમાં પેસી ગઈ, પણ બીજી જ ક્ષણે હસીને દુશ્મન સામે જોઈને છાતી બહાર કાઢી અને એ જ ક્ષણે ૭ જુલાઈ ૧૯૯૯ ના રોજ ભારતમાતાનો આ વીર સપૂત મહાપ્રયાણ તરફ ચાલી નીકળ્યો. તેમના અંતિમ શબ્દો હતા, ''જય માતા દી'' જે એક પંજાબી ધર્મ છે. જે દુર્ગાદેવી, વિજયની હિન્દુદેવી છે. આ શબ્દો તેમના સાથી સૈનિકોની સલામતી પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે. સાથે જ લેફ્ટનન્ટ નવીન પણ દુશ્મનની ગોળીઓના શિકાર બનીને વીરગતિ પામ્યા. તન સમર્પિત, મન સમર્પિત ઔર યહ જીવન સમર્પિત, કેપ્ટન વિક્રમ બત્રાએ એક વીરની જેમ હસતાં હસતાં પ્રાણ આપ્યો. એક વિરલ વ્યકિતનું આ અતિવિરલ સમર્પણ હતું.

કેપ્ટન વિક્રમ બત્રાની શહીદીથી એમની ટુકડીના ગણ્યાગાંઠયા બચેલા જવાનોએ નવા જુસ્સા અને ગુસ્સા સાથે દુશ્મનોનો ખાત્મો બોલાવી દીધો અને પોઈન્ટ ૪૮૭૫ પર ભારતનો કબજો કરી ત્રિરંગો ફરકાવી દીધો.

યુદ્ધ પર ગયેલા કેપ્ટન બત્રા તેમના વચન પ્રમાણે પાછા આવ્યા, પરંતુ ત્રિરંગામાં લપેટાઈને ત્યારે એમના ચીફને એમના શબ્દો યાદ આવ્યા, ''કાં તો ત્રિરંગો લહેરાવીને આવીશ, કાં તો ત્રિરંગામાં લપેટાઈને, પરંતુ પાછો જરૂર આવીશ.''

કેપ્ટને બંને કામ કરી બતાવ્યા હતા. પોઈન્ટ ૫૧૪૦ પર ત્રિરંગો લહેરાવીને આવ્યા હતા અને પોઈન્ટ ૪૮૭૫ પરથી ત્રિરંગામાં લપેટાઈને આવ્યા હતા. ત્યારે ત્રિરંગામાં લપેટાયેલી લાશ પર ગાંડા થઈને રડતા સ્વજનો અને સલામી આપવા માટે કતારબદ્ધ ઊભેલા સૈન્યને જોઈને આખા દેશની આંખોના ખૂણામાં ભીનાશ ફરી વળી હતી. કારગીલના શિખરો પણ ભગ્ન હૃદયે અને ભીની આંખે તેના આ વીરયોદ્ધાને નીહાળી રહ્યાં હતાં. ભારતમાતા તેના આ ગૌરવશાળી પુત્રની શહીદી પર મૂંગા આંસુ સારી રહી હતી. પણ કારગીલ યુધ્ધથી પરત ફર્યા બાદ પ્રેયસીમાંથી વાગ્દત્તા બનવાનું સ્વપ્ન જોનાર ડિમ્પલ ગર્વભેર કહે છે કે લોકો જયારે વિક્રમની બહાદુરી કે તેના પ્રેરણાદાયી વ્યકિતત્વની વાતો કરે છે ત્યારે ગર્વ થાય છે, પણ હૃદયના એક ખૂણે આજે પણ ખેદ છે કે વિક્રમ એ બધું જોવા સાંભળવા માટે હયાત નથી. પણ તેને વિશ્વાસ છે કે તેઓ ફરીથી મળશે જ. પ્રશ્ન માત્ર સમયનો છે.

૧૯૯૫માં પંજાબ યુનિવર્સિટી ખાતેથી વિક્રમ સાથેની સુંદર શરૂઆત કર્યા પછી કારગીલ યુદ્ધથી પરત ફરીને વિક્રમ ડિમ્પલ સાથે લગ્નગ્રંથીથી જોડાવાના હતા. પરંતુ તે કયારેય શક્ય બની શક્યું નહીં પરંતુ વિક્રમનું મૃત્યુ કયારેય તેમની પ્રેમકથાનો અંત બની શકી નહીંઃ અને કયારેય બની શકશે પણ નહીં. શા માટે ? કેમ કે એકવાર વિક્રમ અને ડિમ્પલ કોઈ ગુરુદ્વારાની પરિક્રમા કરી રહ્યાં હતાં ત્યારે વિક્રમ ડિમ્પલના દુપટ્ટાનો એક છેડો પકડીને તેની પાછળ ચાલતાં રહ્યાં અને પરિક્રમા પૂરી થયા પછી તેમણે ડિમ્પલને સંબોધીને અભિનંદન આપતા કહ્યું, ''અભિનંદન, શ્રીમતી બત્રા !'' પણ એકવાર ડિમ્પલ જયારે તેમના લગ્ન માટે અસુરક્ષિતતાની લાગણી અનુભવતી હતી ત્યારે વિક્રમે કંઈપણ કહ્યાં વિના પોતાના ખિસ્સાના વૉલેટમાંથી બ્લેડ કાઢી પોતાનો અંગૂઠો કાપ્યો અને પોતાના લોહીથી ડિમ્પલની માંગને સજાવી દીધી. ડિમ્પલના શબ્દોમાં કહીએ તો નીડર હૃદયના વિક્રમ બત્રા ''પૂરા ફિલ્મી'' હતા.

જયારે પોતાના અદ્વિતીય, વિશ્વાસુ સાથીદાર માટે વિશાલ બત્રા જણાવે છે કે જોડિયા ભાઈના નાતે શાળાની સજા વિક્રમને બદલે ઘણી વાર મારે ભોગવવી પડી છે જેની વિક્રમ માફી પણ માંગતા. આજે કારગીલ યુદ્ધના ૨૮ વર્ષ પછી પણ ઘરમાંથી બહાર નીકળતી વખતે વિક્રમને સલામી આપ્યા વિના એક પણ દિવસ હું નીકળ્યો નથી. જયારે અગ્નિ સંસ્કાર આપતી વખતે વિક્રમ બત્રાના માતા ગર્વથી કહે છે કે ઈશ્વરે મને લવકુશની જોડી આપી હતી. એક માતૃભૂમિ માટે અને એક મારા માટે.

આ દેશના ઈતિહાસમાં ભગતસિંહ જેવા કેટલા નાયકો છે ? અન્ય લોકો માટે બલિદાન આપનારા કેટલા છે ? કેપ્ટન વિક્રમ બત્રાએ કારગીલ યુદ્ધ દરમિયાન પોતાનું જીવન રાષ્ટ્ર અને પોતાના સૈનિકોના રક્ષણ માટે ન્યૌચ્છાવર કરી દીધું. તેઓની આ શહાદતે માત્ર દેશદાઝ કે બહાદુરીનું જ નહીં પણ એક સફળ કેપ્ટન અને નેતૃત્વકર્તાનું પણ શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડયું છે. ફરજ સમયે વિશિષ્ટ બહાદુરી, અદમ્ય સાહસ અને ઉત્તમકક્ષાના નેતૃત્વનું અભિવાદન કરતાં, અનહદની સરહદે વિહરનાર કેપ્ટન વિક્રમ બત્રાને ૧૫ ઑગસ્ટ ૧૯૯૯ ના રોજ દેશની સ્વતંત્રતાની બાવનમી વર્ષગાંઠે દિવંગત પ્રેસિડેન્ટ કે. આર. નારાયણનના હસ્તે ભારતીય સેનાના સર્વોચ્ચ શૌર્ય આભૂષણ પરમવીર ચક્રથી સન્માનિત કરવામાં આવ્યા.

જયારે તેમના સન્માનમાં પોઈન્ટ ૪૮૭૫ ની ઐતિહાસિક પ્રાપ્તિ પછી આ શિખરને ''બત્રા ટોપ'' નામ આપવામાં આવ્યું. અલ્હાબાદમાં આવેલા સર્વીસ

સિલેકશન સેન્ટરમાં એક હોલનું નામ "વિક્રમ બત્રા બ્લોક" આપવામાં આવ્યું છે. જબલપુર કોન્ટોનમેન્ટના એક રહેણાંક વિસ્તારને "કેપ્ટન વિક્રમ બત્રા એન્કલેવ" નામ આપવામાં આવ્યું છે. જ્યારે IMA ની એક 'Mess' ને 'કેપ્ટન વિક્રમ બત્રા 'મેસ' નું નામકરણ કરીને તેઓને સન્માનવામાં આવ્યા છે.

સૂર્ય પણ તેનો સમય થતાં આથમણે જઈ આથમે છે. પણ કેપ્ટન વિક્રમ બત્રાનો સૂર્ય જાણે આથમવાનો જ નથી. કારણ કે કેપ્ટન બત્રા એ સામાન્ય માનવી નહોતા. વીરત્વ, દેશભક્તિ અને રાષ્ટ્રપ્રેમનો ત્રિવેણી સંગમ તેમનામાં વહેતો હતો. પાકિસ્તાની સૈન્ય પણ આ 'શેરશાહ' થી ગભરાતું હતું. ચુંબકીય વ્યક્તિત્વ ધરાવતા હકારાત્મકતા પ્રકાશ, અસાધારણ રમતવીર, મહાત્વાકાંક્ષી, આશાવાદી, જીવનને ભરપૂર માણનારા અને જરૂરત પડે તો ત્યાગનારા તથા કારગીલ વૉરના રાષ્ટ્રીય હીરો કેપ્ટન વિક્રમ બત્રા ભૂલાય તેવા નથી. વર્ષો સુધી એ આપણને યાદ રહેશે, હંમેશા યુવાનોના હૃદયમાં જીવંત રહેશે અને નવી પેઢીના પ્રેરણા પારસ રહેશે. અને ભાવિ પેઢીઓ પણ તેમની પતાકા ફરકતી રાખશે.

ઓ જવાનો લડતે રહો, આગે હી આગે બઢતે રહો<br>
પીછે તુમ્હારે સભી હૈ, હમ ભી હૈ, હમ ભી હૈ<br>
આપણે સૌ ભારતીય છીએ. સહસ્રો ભારતીયોની<br>
સહસ્રો સલામ વીર વિક્રમ બત્રા !!!

## સરસપુર નાગરિક કો.ઓ. બેંક દ્વારા સરસ્વતી વિદ્યામંડળના વિદ્યાર્થીઓને નોટબુક વિતરણ કાર્યક્રમ

સરસપુર નાગરિક કૉ. ઓપ. બેંકની સુવર્ણજયંતિના ભાગરૂપે સરસ્વતી વિદ્યામંડળની ચાર સંસ્થાઓના - શેઠ અ. હ. સરસ્વતી વિદ્યાલય, જે. એન. બાલિકા વિદ્યાલય, સરસ્વતી કુમાર શાળા નં.-૧, સરસ્વતી કુમાર શાળા નં.-૨ — લગભગ ૨૯૪૫ જેટલા વિદ્યાર્થી ભાઈ બહેનોને એક-એક ડઝન નોટબુકનું વિતરણ કરવા માટે આપણી શાળામાં વિદ્યાર્થી સહાયક કાર્યક્રમનું આયોજન તા. ૧૫-૬-૨૦૧૮ ને શુક્રવારના રોજ કરવામાં આવ્યું હતું.

બેંકના મૅનેજિંગ ડિરેક્ટર શ્રી વાડીભાઈ પીતામ્બરદાસ પટેલ, વાઈસ ચેરમેન શ્રી દિલીપભાઈ બાબુભાઈ પટેલ (સારસ્વત), જોઈન્ટ મૅનેજિંગ ડિરેક્ટર શ્રી નવીનચંદ્ર કે. પટેલ, ડિરેક્ટર શ્રી હરીશભાઈ પટેલ, ડૉ. પ્રભુદાસ પટેલ, જનરલ મૅનેજર શ્રી દર્શકભાઈ પી. પટેલ, મૅનેજર શ્રી ડી.એફ. ડાભી તથા સરસપુર નાગરિક બેંકના અન્ય હોદ્દેદારો તથા સ્ટાફ પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

મૅનેજિંગ ડિરેક્ટર શ્રી વાડીભાઈ પટેલ, ડિરેક્ટર ડૉ. પ્રભુદાસ પટેલ તેમજ બેંકના મૅનેજર શ્રી ડી.એફ. ડાભી દ્વારા વિદ્યાર્થીઓને જીવનમાં ઉપયોગી નીવડે તેવી સરસ મજાની વાતો કરી હતી. તેમણે પોતાના બાળપણના સંસ્મરણો ફરી વાગોળ્યા હતા.

બેંકના ઉપસ્થિત હોદ્દેદારો દ્વારા વિદ્યાર્થી ભાઈ-બહેનોને નોટબુકનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સરસપુર નાગરિક કૉ. ઓપ. બેંકના સુવર્ણ જયંતિના ભાગરૂપે સેવાનું ભગીરથ કાર્ય કરવા બદલ તેમજ સરસપુર સ્થિત સરસ્વતી વિદ્યામંડળની ચાર સંસ્થાના વિદ્યાર્થીઓને નોટબુક વિતરણ કરવા બદલ સંસ્થાના મંત્રીશ્રી જ્યોતીન્દ્રભાઈ દવેએ સરસપુર બેન્કના તમામ હોદ્દેદારોનો આભાર માન્યો હતો. શેઠ અ. હ. સરસ્વતી વિદ્યાલયના ઈનચાર્જ આચાર્યશ્રી હરિભાઈ પટેલે તેમનો આભાર વ્યક્ત કર્યો હતો.

# 'અનોખી પરીક્ષા'!

ડો. વિષ્ણુ એમ. પ્રજાપતિ

'બેટા... થોડું ખાઈને જા...! બે દિવસથી તે કાંઇ ખાધું નથી...!' માં લાચાર શબ્દોમાં મોહનને સમજાવતી રહી.

'જો મમ્મી... મેં મારી બૉર્ડની પરીક્ષા પછી વેકેશનમાં માત્ર સેકન્ડ હેન્ડ બાઇક જ માંગેલું.. અને પપ્પાએ પ્રોમિસ પણ કરેલું... આજે મારું પેપર પત્યા પછી દીદીને કહેજો કે સ્કૂલની બહાર પૈસા લઈને આવે.. મારા ફ્રેન્ડનું જૂનું બાઇક આજે જ લેવાનું છે.... અને જો દીદી બહાર નહીં આવે તો હું ઘરે પાછો નહીં આવું.....!' એક ગરીબ ઘરમાં મોહનની જીદ અને માની લાચારી સામસામે ટકરાઇ રહી હતી.

'બેટા.. તારા પપ્પા તને બાઇક લઇ આપવાનાં જ હતા... પણ ગયા મહિને થયેલો એક્સિડન્ટ... અને...!' મમ્મી કાંઇ આગળ બોલે તે પહેલા મોહન બોલ્યો, 'એ હું કાંઇ ન જાણું... મારે બાઇક જોઇએ એટલે જોઇએ જ..!' અને મોહન માને ગરીબી અને લાચારીના મધદરિયે એકલી મૂકીને બહાર નીકળી ગયો.

ધોરણ-૧૨ બૉર્ડની પરીક્ષાના એક સપ્તાહ પછી ભાગવદસર એક અનોખી પરીક્ષાનું આયોજન કરતાં. જો કે ભાગવદસર ગણિત વિષય ભણાવતા, પરંતુ સાથે વિદ્યાર્થીઓને જીવનનું ગણિત પણ સમજાવતાં. વિવિધતાઓથી ભરેલી તેમની અનોખી પરીક્ષા દરેક વિદ્યાર્થીઓ અચૂક આપે જ.

આ વર્ષે પરીક્ષાનો વિષય હતો.. 'મારી પારિવારિક ભૂમિકા'

મોહન પરીક્ષા ખંડમાં આવીને બેસી ગયો અને તેણે મનમાં ગાંઠ વાળી દીધેલી કે જો બાઇક નહીં લઇ આપે તો ઘરે નહીં જ જાઉં.

પેપર ક્લાસમાં વહેંચાઇ ગયું.. તેમાં દસ પ્રશ્નો હતા. તેના જવાબ લખવા માટે એક કલાકનો સમય હતો. મોહને પહેલો પ્રશ્ન વાંચ્યો અને જવાબ લખવાની શરુઆત કરી.

**પ્ર.૧ તમારા ઘરમાં તમારા પિતાશ્રી, માતાશ્રી, બહેન, ભાઇ અને તમે પોતે કેટલા કલાક કામ કરો છો તે સવિસ્તાર જણાવો ?**

જ. મોહને ખૂબ ઝડપથી લખવાનું શરુ કર્યું.. પપ્પા સવારે છ વાગે રિક્ષા અને ટિફિન લઈને નીકળી પડે તો રાતે નવેક વાગે ઘરે આવે.. અને ક્યારેક રાતે પણ વરધીમાં જવું પડે એટલે દિવસના સરેરાશ પંદરેક કલાક.

મમ્મી તો ચાર વાગે ઉઠે.. ટિફિન તૈયાર કરે.. ઘરનું કામ કરે.. બપોરે સિલાઈનું કામ કરે... અને બધા સૂઈ જાય પછી જ તે સૂએ એટલે સરેરાશ રોજ.. સોળેક કલાક..

મોટી બહેન સવારે કૉલેજ જાય... સાંજે ૪ થી ૮ ચાર કલાક નોકરી કરે.. રાત્રે મમ્મીને મદદ કરે અને અગિયાર વાગે સૂઈ જાય.. એટલે સરેરાશ.. બાર-તેર કલાક

અને હું... છ વાગે ઉઠું... બપોરે સ્કૂલેથી આવી જમીને સૂઈ જવાનું... અને રાત્રે અગિયાર વાગ્યા સુધી વાંચવાનું.. એટલે સરેરાશ દસ કલાક...

મોહને જોયું તો ઘરમાં કામની સરાસરીમાં સૌથી છેલ્લો નંબર તેનો હતો.

*પહેલો જવાબ લખ્યા પછી તેણે બીજો સવાલ વાંચ્યો.*

**પ્ર.૨ તમારા ઘરની મહિનાની કુલ આવક કેટલી..?**

જ. પપ્પાની અંદાજે દસેક હજાર.. સાથે મમ્મી અને બહેન મળીને ત્રણેક હજારનો ટેકો કરે એટલે કુલ તેર હજાર થાય.

**પ્ર.૩ મોબાઇલ રીચાર્જ પ્લાન... ટીવીમાં આવતી મનપસંદ ત્રણ સિરિયલના નામ.. શહેરના એક થિયેટરનું એડ્રેસ.. હાલની લેટેસ્ટ મૂવિનું એક નામ લખો.**

જ. આ દરેકના જવાબ સહેલા હોવાથી મોહને એક મિનિટ કરતા ઓછા સમયમાં જવાબ લખી નાખ્યાં.

**પ્ર ૪ બટાટા અને ભીંડાની હાલની એક કિલોની કિંમત.. ઘઉં-ચોખા-તેલના એક કિલોના ભાવ..તમારા ઘરનો લોટ જ્યાં દળાય છે તે ઘંટીનું નામ-સરનામું લખો.**

જ. મોહનને આ સવાલનો જવાબ ન આવડ્યો. મોહનને સમજાયું કે જે ખરેખર જીવનની રોજબરોજની ખૂબ જરુરિયાતવાળી ચીજો છે તેના વિશે તો તેને લેશમાત્ર જ્ઞાન નથી. મમ્મી ઘણીવાર ઘરનું કામ બતાવે તો તરત ના કહી દેતો, જેનું આજે ભાન થયું કે

મોબાઈલનું રીચાર્જ કે મૂવિ જે જીવનમાં કોઈ ઉપયોગી નથી તે વિશે ખૂબ જ્ઞાન રાખીએ છીએ પણ ઘરની જવાબદારી લેવામાં પાછીપાની કરીએ છીએ.

**પ્ર. ૫ તમારા ઘરમાં તમે ભોજન બાબતે કોઈ તકરાર કરો છો ખરા..?**

જ. હા... મને બટાકા સિવાય કોઈ શાક ન ભાવે.. જો મમ્મી બીજું કોઈ શાક બનાવે એટલે મારે ઝઘડો થાય અથવા હું ખાધા વિના ઉભો થઈ જાવ...

આટલું લખીને મોહનને યાદ આવ્યું કે બટેકાથી મમ્મીને ખૂબ ગેસ થઈ જાય અને પેટમાં પણ દુઃખે.. પણ પોતે જીદ કરે કરે ને કરે જ.. એટલે મમ્મી પોતાના બટેકાના શાકમાં એક મોટો ચમચો અજમો નાખીને ખાય.. એકવાર તે શાક ભૂલથી મોહને ખાઈ લીધેલું તો તરત જ થૂંકી નાંખેલું... મમ્મી તું આવું ખાય છે...? બહેન પણ કહેતી કે આપણાં ઘરમાં એવી સ્થિતિ નથી કે રોજ બે જુદા જુદા શાક બને... તું નથી માનતો એટલે મમ્મી બિચારી શું કરે ...?

અને મોહન પોતાની યાદમાંથી બહાર આવ્યો અને પછીનો પ્રશ્ન વાંચ્યો.

**પ્ર ૬ તમે કરેલી છેલ્લી જીદ અને તેનું સ્વરુપ લખો.**

જ. મોહને જવાબ લખવાનું શરુ કર્યુ. 'મારી બૉર્ડની પરીક્ષા પૂરી થઈ ને બીજા દિવસે મેં બાઈક માટે જીદ કરેલી.. પણ પપ્પાએ કોઈ જવાબ ન આપ્યો.. મમ્મીએ સમજાવ્યો કે ઘરમાં પૈસા નથી.. પણ હું ન માન્યો.. મેં બે દિવસથી ખાવાનું પણ બંધ કરી દીધું છે અને મેં જીદ કરી છે કે જ્યાં સુધી મને બાઈક ન લાવી આપો ત્યાં સુધી હું જમીશ નહીં.. અને આજે તો ઘરે પણ પાછો નહીં ફરું, તેમ કહીને જ નીકળ્યો છું. મોહને પોતાની જીદનો પ્રમાણિકપણે જવાબ લખ્યો.

**પ્ર ૭ તમને આપવામાં આવતી પોકેટમનીનો શો ઉપયોગ કરો છો...? તમારા ભાઈ કે બહેન તેનો શો ઉપયોગ કરે છે ?**

જ. પપ્પા દર મહિને મને સો રુપિયા આપે છે.. તેમાંથી હું પરફ્યૂમ, ગોગલ્સ જેવી મનગમતો વસ્તુઓ કે ક્યારેક મિત્રોની નાની નાની પાર્ટીઓમાં ખર્ચ કરું છું. મારી બહેનને પણ પપ્પા સો રુપિયા આપે છે.. તે નોકરી કરીને કમાય છે.. તે પોતાની કમાણી મમ્મીને આપે છે અને પોકેટમની ગલ્લામાં નાખી બચાવી રાખે છે.. તેને કોઈ જ શોખ નથી.. તે કંજુસ પણ છે.

**પ્ર ૮ તમે તમારી પારિવારિક ભૂમિકા શું સમજો છો..?**

જ. પ્રશ્ન અટપટો અને અઘરો હતો પણ મોહને વિચારી જવાબ લખ્યો.. પરિવારમાં જોડાઈને રહેવું.. એકમેક પ્રત્યે સમજણ રાખવી.. એકમેકને મદદ કરવી.. અને પોતાની જવાબદારી નિભાવવી.

અને આ લખતા જ મોહનને અંદરથી જ અવાજ સંભળાયો.. શું મોહન તું પોતે પોતાની પારિવારિક ભૂમિકા યોગ્ય રીતે ભજવી રહ્યો છે...?

અને અંદરથી જ પોતાનો જવાબ સંભળાયો 'ના'.

**પ્ર ૯ શું તમારા પરિણામોથી તમારા માતા-પિતા ખુશ છે ? શું તે સારા પરિણામ માટે જીદ કરે કે તમને લડે છે ?**

જ. આ જવાબ લખતા મોહનની આંખો ભરાઈ આવી... તે હવે પોતાની પારિવારિક ભૂમિકા સમજી ગયો હતો.. તેણે જવાબ લખવાની શરુઆત કરી... 'આમ તો હું ક્યારેય મારા માતા-પિતાને સંતોષકારક પરિણામ આપી શક્યો નથી. જો કે તેમણે તેની ક્યારેય જીદ પણ કરી નથી.. અને મેં સેંકડો વાર તેમને આપેલા રિઝલ્ટના પ્રોમિસ તોડયાં છે..'

**પ્ર ૧૦ પારિવારિક અસરકારક ભૂમિકા ભજવવા માટે વેકેશનમાં તમે કેવી રીતે મદદરુપ થશો ?**

જ. મોહનની કલમ ચાલે તે પહેલાં તેની આંખોમાંથી આંસુની ધાર વહેવા લાગી.... આ પ્રશ્નનો જવાબ લખતા પહેલાં જ મોહનની પેન ફસડાઈ પડી અને બેંચ પર નીચે મોં નાખીને રડી લીધું.. મોહને ફરી પેન ઉપાડી પણ આ પ્રશ્નનો જવાબ તે લખી ન શક્યો.. અને છેલ્લો જવાબ કોરો મૂકીને પેપર સબમીટ કરી દીધું.

ગેટ પર જ દીદીને જોઈ તે તેની પાસે દોડી ગયો.

'ભઈલું.. લે આ આઠ હજાર રુપિયા.. મમ્મી એ કહ્યું છે કે મોહનને કહેજે કે બાઇક લઇને ઘરે આવે.' અને તેની દીદીએ મોહન સામે પૈસા ધર્યા.

'ક્યાંથી લાવી આ પૈસા..?' મોહને પૂછ્યું.

'મેં મારી ઑફિસમાંથી એક મહિનાનો એડવાન્સ પગાર માંગ્યો તો તેમણે આપ્યો.. મમ્મી પણ જ્યાં કામ કરે છે ત્યાંથી ઉછીના લાવી... અને મારી બચાવેલી પોકેટમની.. બધુ ભેગું કરીને તારા બાઇકના પૈસા કર્યા છે.' દીદીએ જણાવતા કહ્યું.

મોહનની નજર પૈસા પર સ્થિર થઈ અને તેની બહેન ફરી બોલી.

'ભઈલું.. તું મમ્મીને કહીને આવ્યો હતો કે જો મને પૈસા નહીં આપો તો ઘરે નહીં આવું...! જો હવે તારે સમજવું જોઇએ કે ઘરમાં તારી પણ કંઇક જવાબદારી છે. મને પણ ઘણા શોખ છે.. પણ આપણાં શોખ કરતા પરિવાર વધુ મહત્વનો છે. તું અમારા સૌનો લાડકો છે.. પપ્પાને પણ પગે ખૂબ તકલીફ છે છતાં તારા બાઇક માટે પૈસા ભેગા કરવા... તને આપેલ પ્રોમિસ પાળવાં.. પોતાનો ફ્રેક્ચરવાળો પગ હોવા છતાં કામ કર્યે જ જાય છે...તું સમજી શકે તો સારું...! કાલે રાત્રે પપ્પા પણ પોતાનું પ્રોમિસ નહીં પુરું કરવાના કારણે દુઃખી હતા.. પપ્પાએ એક્વાર પ્રોમિસ તોડ્યું છે તેની પાછળ તેની મજબૂરી છે... બાકી તેં પણ અનેકવાર પ્રોમિસ તોડેલા જ છે ને...!' અને દીદી મોહનના હાથમાં પૈસા મૂકીને ચાલી નીકળી.

અને ત્યાંજ તેનો ભાઇબંધ તેનું બાઇક લઇને સરસ સજાવીને આવી ગયો.. 'લે.. મોહન.. હવેથી આ બાઇક તારું.. બધા તો બાર હજારમાં માંગે છે... પણ તારા માટે જ આઠ હજાર હોં...!'

મોહન બાઇક સામે જોઇ રહ્યો અને થોડીવાર પછી બોલ્યો, 'તું આ બાઇક તેમને જ આપી દેજે. મારાથી પૈસાની વ્યવસ્થા નહીં થઇ શકે.'

અને તે સીધો ભાગવદસરની કેબિનમાં પહોંચ્યો..

'અરે મોહન કેવું લખ્યું પેપરમાં...?' ભાગવદસરે મોહનની સામે જોઇને કહ્યું.

'સર.. આ કોઇ પેપર નહોતું.. મારી જિંદગીનો રસ્તો હતો.. મેં એક જવાબ કોરો રાખ્યો છે.. પણ તે જવાબ હું લખીને નહીં જીવીને બતાવીશ.' અને મોહન ભાગવદસરના ચરણસ્પર્શ કરી ચાલી નીકળ્યો.

ઘરે પહોંચતા જ મમ્મી-પપ્પા અને દીદી તેની રાહ જોઇને ઉભા હતા.

'બેટા.. બાઇક ક્યાં.. ?' મમ્મીએ પૂછ્યું.

મોહને તે પૈસા દીદીના હાથમાં આપતા કહ્યું, ' સોરી...મારે બાઇક નથી જોઇતું... અને પપ્પા મને રિક્ષાની ચાવી આપો... તમારે આરામ કરવાનો... હું આ વેકેશનમાં કામ કરીશ.. અને મમ્મી આજે સાંજે તને ભાવતું રીંગણ મેથીનું શાક બનાવજે.. રાત્રે પહેલી કમાણી લાવીશ એટલે સાથે જમીશું...!'

મોહનમાં આવેલ પરિવર્તન જોઇ મમ્મી તો તેને વળગી પડી, ' બેટા, તું સવારે જે કહીને ગયો હતો તે વાત મેં તારા પપ્પાને કરી એટલે તે ઘરે આવી ગયેલા... મને ભલે પેટમાં દુઃખે હું તો રાત્રે તને ભાવતું શાક જ બનાવીશ.'

'ના મમ્મી.. મને હવે સમજાઇ ગયું છે કે પરિવારમાં દરેકની ભૂમિકા શું હોય છે.. રાત્રે મેથી રીંગણ જ ખાઇશ... મેં આજે પરીક્ષામાં છેલ્લો જવાબ નથી લખ્યો પણ પ્રેક્ટિકલ કરીને બતાવીશ.. અને હા મમ્મી; આપણે લોટ દળાવીએ છીએ તે ઘંટીનું નામ શું અને તે ક્યાં છે..?'

અને પાછળ જ ભાગવદ સર ઘરમાં દાખલ થયા અને બોલ્યા, ' વાહ.. મોહન જે જવાબ નથી લખ્યાં તે તું હવે જીવીને બતાવીશ...

'સર તમે અહીં...?' મોહન ભાગવદસરને જોઇ અચંબિત થઇ ગયો.

'તું મને મળીને ચાલ્યો ગયો પછી મેં તારું પેપર વાંચ્યું એટલે તારા ઘરે આવ્યો.. હું ક્યારનો'ય તમારી વાતો સાંભળતો હતો, તારામાં આવેલા પરિવર્તનથી મારી ''અનોખી પરીક્ષા'' સફળ બની. તું અનોખી પરીક્ષામાં પહેલા નંબરે આવ્યો છું.' ભાગવદસરે મોહનના માથા પર હાથ મૂક્યો.

મોહન તરત જ ભાગવદસરને પગે લાગી રિક્ષા ચલાવવા નીકળી ગયો.

**સ્ટેટસ : પરિવાર નામનો ભલે કોઇ વાર નથી પણ તેના વિના એકે'ય તહેવાર નથી નમીને ગમીને ને સમજીને સાથે રહેવું, આ કોઈ સ્વાર્થનો વેપાર કે વહેવાર નથી.**

# શિક્ષણ સમાચાર

**અશોક સોમપુરા**

સરસપુર, અમદાવાદ.

**નોંધ : "ઘરશાળા" માસિક્માં શિક્ષણ સમાચાર નિયમિત પ્રગટ થાય તેવા પ્રયત્નો કરવામાં આવે છે. આ સમાચાર સામયિકો અને વર્તમાનપત્રોને આધારે તૈયાર થાય છે એટલે એ દૃષ્ટિએ જોવા વાચકોને અમારી વિનંતી છે. તંત્રીઓ.**

**ધો.૧૦ નું ૫૩.૬૨ ટકા પરિણામઃ**

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગયા માર્ચ-૨૦૧૮માં લેવાયેલી ધો.૧૦ની બોર્ડ પરીક્ષાનું ૫૩.૬૨ ટકા પરિણામ જાહેર થયું છે. જેમાં નિયમિત વિદ્યાર્થીઓનું ૬૭.૫૦ ટકા, રિપીટરનું ૧૪.૧૮ અને ખાનગી વિદ્યાર્થીઓનું ૬.૯૪ ટકા પરિણામ રહ્યું છે.

આ વર્ષે નિયમિત વિદ્યાર્થીઓ ૭૯૦૨૪૦ હાજર રહ્યા હતા. જેમાંથી ૫૩૩૪૧૪ વિદ્યાર્થીઓ પાસ થયા છે. જૂનાગઢ જિલ્લાનું ખોરાસા કેન્દ્ર ૯૬.૯૩ ટકા સાથે પ્રથમ રહ્યું છે અને દાહોદ જિલ્લાનું સખસર કેન્દ્ર ૫.૯૩ ટકા સાથે સૌથી છેલ્લે છે. જિલ્લાવાર પરિણામમાં સૌથી વધુ પરિણામ સુરત જિલ્લાનું અને સૌથી ઓછું પરિણામ દાહોદ જિલ્લાનું રહ્યું છે.

માધ્યમવાર પરિણામમાં ગુજરાતી માધ્યમનું ૬૫.૧૨ ટકા, અંગ્રેજી માધ્યમનું ૯૦.૧૨ ટકા અને હિન્દી માધ્યમનું ૭૨.૩૦ ટકા પરિણામ રહ્યું છે. આ પરિણામની અંદર સંસ્કૃત વિષયમાં ૫૫ વિદ્યાર્થીઓએ અને ગણિત વિષયમાં ૩૫ વિદ્યાર્થીઓને જ ૧૦૦ માંથી ૧૦૦ ગુણ મળ્યાં છે. જ્યારે તમામ છ એ છ વિષયમાં નાપાસ થનારા વિદ્યાર્થીઓની સંખ્યા ૮૩૧૯૯ રહેવા પામી છે.

**ધો.૧૦ નું પરિણામ આંકડાઓમાંઃ**

**વિષયવાર પરિણામ**

| વિષય | વિદ્યાર્થી | નાપાસ | ટકા |
|---|---|---|---|
| ગુજરાતી | ૬૯૯૬૪૬ | ૧૦૬૬૭૮ | ૮૪.૭૫ |
| અંગ્રેજી | ૬૬૬૯૩ | ૨૯૨૪ | ૯૫.૬૨ |
| સા. વિજ્ઞાન | ૭૯૦૨૩૬ | ૧૧૨૪૮૪ | ૮૫.૭૭ |
| વિજ્ઞાન ટેક. | ૭૯૦૨૩૬ | ૨૨૫૮૮૭ | ૭૧.૪૨ |
| ગણિત | ૭૮૯૫૬૯ | ૨૫૦૫૭૩ | ૬૮.૨૪ |
| ગુજરાતી | ૯૦૫૯૨ | ૫૪૧૬ | ૯૪.૦૨ |
| અંગ્રેજી | ૭૨૩૪૧૦ | ૨૦૮૨૯૭ | ૭૧.૨૧ |
| સંસ્કૃત | ૫૦,૦૦૩ | ૮૬૧૯૨ | ૮૨.૭૬ |
| હિન્દી | ૨૫૯૬૪૧ | ૩૦૮૭૫ | ૮૮.૧૧ |

**ધો.૧૨ સામાન્ય પ્રવાહનું ૫૫.૫૫ ટકા પરિણામઃ**

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગયા માર્ચ-૨૦૧૮ માસમાં લેવાયેલી ધો.૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાનું પરિણામ ૫૫.૫૫ ટકા જેટલું રહ્યું છે. ગયા વર્ષની સરખામણીએ પરિણામ ૧.૨૭ ટકા જેટલું ઘટ્યું છે. પરંતુ એ-૧ ગ્રેડમાં વિદ્યાર્થી વધ્યા છે. ડાંગ જિલ્લાનું વધુ અને છોટા ઉદેપુરનું ઓછું પરિણામ રહ્યું છે.

આ વર્ષે તમામ પ્રવાહના મળીને કુલ ૩,૩૫,૮૨૫ નિયમિત ઉમેદવારોએ પરીક્ષા આપી હતી જેમાંથી ૨,૩૧,૫૮૦ વિદ્યાર્થીઓ પાસ થતાં નિયમિત ઉમેદવારનું પરિણામ ૬૮.૯૬ ટકા રહ્યું છે. જ્યારે વિદ્યાર્થીઓનું પરિણામ ૧૬.૪૬ ટકા રહ્યું છે. વિગતવાર પરિણામ નીચે મુજબ છે.

| પ્રવાહ | નોંધાયેલા | ઉપસ્થિત | પાસ | ટકા |
|---|---|---|---|---|
| સા. પ્ર. | ૪૬૨૮૯૫ | ૪૫૫૬૨૬ | ૨૫૨૯૫૯ | ૫૫.૫૨ |
| વ્ય.પ્ર. | ૧૧૮૮ | ૧૧૮૦ | ૬૧૭ | ૫૨.૨૯ |
| ઉ.બુ.પ્ર. | ૩૦૧૭ | ૩૦૦૦ | ૧૮૩૮ | ૬૧.૨૭ |
| કુલ | ૪૬૭૧૦૦ | ૪૫૯૮૦૬ | ૨૫૫૪૧૪ | ૫૫.૫૫ |

**ધો.૧૨ સાયન્સમાં હવે બે વિષયમાં નાપાસ વિદ્યાર્થી પૂરક પરીક્ષા આપી શકશે :**

ધો.૧૨ સાયન્સમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓમાંથી હવે બે વિષયમાં નાપાસ વિદ્યાર્થી પૂરક પરીક્ષા આપી શકશે. પરિણામ આવ્યા બાદ અગાઉ બોર્ડે એક જ વિષયની પૂરક પરીક્ષા આપી શકશે તેવું જાહેર કર્યું હતું. પરંતુ રજૂઆતના પગલે બોર્ડે પરિપત્ર કરીને એક સાથે બે વિષયમાં પણ નાપાસ થનારને પૂરક પરીક્ષાની તક આપવાનો નિર્ણય કર્યો છે.

**ધો.૧૦ માં નાપાસ થનારા માટે ૬ થી ૯ જુલાઈમાં પૂરક પરીક્ષા લેવાશે.**

ધો.૧૦માં નાપાસ થનાર વિદ્યાર્થીઓની પૂરક પરીક્ષા ૬ થી ૯ જુલાઈ દરમિયાન લેવામાં આવશે. દરેક દિવસે બે સેશનમાં પરીક્ષા લેવામાં આવશે. છઠ્ઠીએ સવારે પ્રથમ ભાષા અને બપોરે વિજ્ઞાન વિષયની, સાતમીએ સવારે સમાજ અને બપોરે અંગ્રેજીની અને આઠમી તારીખે સવારે ગણિત અને બપોરે દ્વિતીય ભાષાના વિષયોની અને નવમીએ સવારે ગુજરાતી વિષય (દ્વિતીય ભાષા)ની પરીક્ષા લેવાશે.

**૨૦૧૮-૧૯ના શૈક્ષણિક સત્ર દરમિયાન શાળાઓમાં ૮૦ રજાઓ અને ૨૪૭ શૈક્ષણિક દિવસોઃ**

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા રાજ્યની શાળાઓ માટે શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯ માટેનું એકેડેમિક કેલેન્ડર જાહેર કરવામાં આવ્યું છે. જે મુજબ આ વર્ષે ૮૦ રજાઓ રહેશે અને આખા વર્ષ દરમિયાન ૨૪૭ શૈક્ષણિક દિવસો રહેશે ઉનાળુ વેકેશન ૩૫ દિવસનું રહેશે. જ્યારે દિવાળી વેકેશન ૨૧ દિવસનું રહેશે. ૧૯ થી ૩૦ ઑક્ટોબર સુધી શાળાઓમાં પ્રથમ આંતરિક કસોટીઓ લેવાશે. જ્યારે પાંચ નવેમ્બરથી તમામ શાળાઓમાં દિવાળી વેકેશન શરૂ થશે. ૨૬મી નવેમ્બરથી બીજું સત્ર શરૂ થશે. બીજા શૈક્ષણિક સત્રમાં ભણવાના ૧૩૧ દિવસો રહેશે. ૨૦૧૮-૧૯ના વર્ષમાં ઉનાળુ વેકેશન પાંચમી મેથી શરૂ થશે અને નવમી જૂન સુધીનું રહેશે. જ્યારે ૧૦ જૂન-૨૦૧૯ થી નવું શૈક્ષણિક સત્ર શરૂ થશે.

**સીબીએસઈનું ધો.૧૦નું જાહેર થયેલું પરિણામઃ**

સેન્ટ્રલ બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા ગયા માર્ચ-૨૦૧૮માં સમગ્ર દેશના તમામ કેન્દ્રો સહિત વિદેશના કેન્દ્રમાં લેવાયેલી ધો.૧૦ની બોર્ડ પરીક્ષાનું પરિણામ જાહેર થયું છે. જેમાં સમગ્ર દેશનું પરિણામ ૮૬.૭૦ ટકા રહ્યું છે. જે ગયા વર્ષ કરતાં ૪.૨૫ ટકા જેટલું ઓછું છે. ગુજરાતમાં જ્યાં સૌથી વધુ સીબીએસઈ સ્કૂલો છે તેમાં અમદાવાદ શહેરની શાળાઓનું પરિણામ ૧૦૦ ટકા રહ્યું હોવાનો અંદાજ છે.

સમગ્ર દેશમાં ધો.૧૦માં ૧૮૬૦૬૭ વિદ્યાર્થી એક વિષયમાં નાપાસ થતાં ૧૧.૪૫ ટકા નાપાસ થયા છે.

**ટૂંકાવીને...**

- અન્ય રાજ્યોની સાથે ગુજરાતમાં પણ પ્રાથમિક ધોરણોમાં નાપાસ નહીં કરવાની નીતિ ૨૦૧૯થી દૂર કરાશે.
- આ વર્ષે ધો.૧૦નું અમદાવાદ શહેરનું ૭૨.૪૨ અને ગ્રામ્યનું ૭૦.૭૭ ટકા પરિણામ.
- બે લાખથી વધુ વિદ્યાર્થી ફરી પરીક્ષા આપવા છતાં નાપાસ થયાં.
- ગુજરાતી વિષયમાં એક લાખથી વધુ અને ગણિતમાં ૨.૫૦ લાખથી વધુ નાપાસ.
- સુરત જિલ્લા સિવાયના જિલ્લાઓમાં એન.સી.ઈ.આર.ટી. કોર્સના પાઈલોટ પ્રોજેક્ટમાં ધો.૧૦નું ૯૪.૮૬ ટકા પરિણામ.
- આ વર્ષના પરિણામમાં ૦ થી ૩૦ ટકા પરિણામ વાળી શાળાઓ વધી જ્યારે ૧૦૦ ટકાવાળી ૮૩ શાળાઓ ઘટી.

# સરસપુર નાગરિક કો. ઓ. બેન્ક દ્વારા વિદ્યાર્થી સહાય કાર્યક્રમ



Registered under RNI No. GUJ GUJ / 1976 / 33936. Permitted to post at Ahmedabad PSO on the 2nd of every month under Postal Registration No. GAMC - 1550/2016-2018 Valid upto 31st December 2018
ઘરશાળા • જુલાઈ-૨૦૧૮ PUBLICATION : 2ND DATE OF MONTH છૂટક કિંમત : રૂ. ૨૦/- • વાર્ષિક લવાજમ: રૂ. ૧૫૦/-



## રાનમાં

**ધ્રુવ ભટ્ટ**

ક્યાંક ચોમાસું ગાજે છે રાનમાં,
વાડ પરે સુતેલી સઘળી લીલાશ હવે નીતરતી
થાશે મેદાનમાં,
ક્યાંક ચોમાસું ગાજે છે રાનમાં...
ઉંચેથી આરપાર સરતું આકાશ હવે ઊતરશે
ધોધમાર હેઠું,
ભીંજાતા વાયરાઓ વહેશે સંદેશા કે ચોમાસું
ધારધાર બેઠું.
કાલ સુધી રહેતા'તા આપણે ને કાલથી તો
વાછંટો રહેશે મકાનમાં,
ક્યાંક ચોમાસું ગાજે છે રાનમાં...
આપણને થાય એવું વાદળને થાય, એવું
ઝરણાંને થાય એવું ઘાસને
આવી ઘટનામાં જે ડુંગરને થાય, થાય નેવેથી
દડદડતાં ગામને.
તમને યે થાય ચાલ ટહૂકો થઈ જાઉં અને ઝાડ
તળે ગહેરું રે પાનમાં,
ક્યાંક ચોમાસું ગાજે છે રાનમાં...

માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭
મુદ્રક, પ્રકાશક અને તંત્રી : જ્યોતીન્દ્રભાઈ દવે એ શ્રી ભગવતી પ્રિન્ટર્સ,
૭૯૭, કડિયાવાડ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૯૮૨૫૭૫૨૪૩૭માં પ્રકાશિત કર્યું.